રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## લોકભારતીમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી



તારીખ : ૧૦, જુલાઈ ૨૦૨૫     સ્થળ : સારસ્વત ભવન, લોકભારતી

શ્રી લોકદક્ષિણામૂર્તિ પરિવારના ગુરુજન-દાદાઓ
- મનોહરભાઈ ત્રિવેદી

વર્ષ: ૭૯     અંક : ૦૧     ૧૫ ઑગસ્ટ, ૨૦૨૫

# આપણી સંસ્થાઓમાં ઉલ્લાસ અને આસ્થાભેર ગુરુપૂર્ણિમાની ઉજવણી





લોકભારતીના અધ્યાપક શ્રી વિશાલભાઈ જોશીની ઉપસ્થિતિમાં આંબલા ખાતે ગુરુપૂર્ણિમા ઉજવાઈ...





પોહરીઆઈ મંદિરના મહંતની ઉપસ્થિતિમાં મણાર ખાતે ગુરુપૂર્ણિમા ઉજવાઈ





શ્રી સર્વેશ્વર ગોધામ કોબડીના મહંત શ્રી જયદેવશરણજી મહારાજની ઉપસ્થિતિમાં માઈધાર ખાતે ગુરુપૂર્ણિમા ઉજવાઈ

# કોડિયું

વર્ષ : ૭૯ | ઓગસ્ટ ૨૦૨૫ | અંક : ૦૧

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | વરસાદ<br>ગુણવંત શાહ | ...૦૬ |
| ૦૨ | લોકભારતીનો સમુદ્ધ વારસો... સ્વામી આનંદએ અમને ભણાવ્યા...<br>રમેશ ર. દવે | ...૦૭ |
| ૦૩ | સાર્થક કાર્ય, સાર્થક જીવન<br>મનસુખ સલ્લા | ...૦૯ |
| ૦૪ | જીવનનિષ્ઠ, નિષ્કામ પુરુષાર્થી : રતિભાઈ અંધારિયા<br>પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર | ...૧૩ |
| ૦૫ | ગીતાજીની અનાસક્તિ - ગાંધીજીની જીવનશક્તિ<br>પારસકુમાર | ...૧૬ |
| ૦૬ | કથા આશા વિકાસની : ભાગ-૧૪ જાહેર કાર્યક્રમ અને બીજી અભિનય શિબિરો<br>બિંદુ – પાર્થેશ | ...૧૯ |
| ૦૭ | ‘ગ્રીન પૅમ્ફલેટ’: ૨૬ વર્ષની ઉંમરે ગાંધીજીએ લખેલી એ પુસ્તિકા...<br>સોનલ પરીખ | ...૨૨ |
| ૦૮ | અહિંસા : માનવતાનો સૌથી મહાન માર્ગ...<br>ભારતી વોરા | ...૨૪ |
| ૦૯ | પેટ્રોલ વિના કાર ચલાવો !<br>વિનોદ માંગુકિયા | ...૨૭ |
| ૧૦ | ‘કુદરતી વાતાવરણ’ ખેતીપાક પર એક ‘અણધારી આફત’<br>હીરજી ભીંગરાડિયા | ...૨૮ |
| ૧૧ | અહિંસાની કેળવણી દ્વારા વિશ્વશાંતિ...<br>ડૉ. સંજય તલસાણિયા | ...૩૧ |
| ૧૨ | ‘ન્યુરલ નેટવર્ક’ની કમાલ<br>ડૉ. ભાણજી સોમૈયા | ...૩૩ |
| ૧૩ | સત્ય<br>અજીત ઠોસર | ...૩૫ |
| ૧૪ | સંસ્થા સમાચાર<br>પ્રશાંત મહેતા | ...૩૭ |

## આદ્યતંત્રીઓ :

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

## તંત્રી :

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

## સહતંત્રી :

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

## સંપાદક-મંડળ:

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

## મુદ્રક-પ્રકાશક :

શ્રી મેહુલભાઈ ભટ્ટ
(મો. ૯૪૨૭૨૩૩૪૬૪)

## માલિક :

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

## મુદ્રણ-સ્થાન :

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૯૯૦૩૪

## પ્રકાશન-સ્થળ :

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

## ◆ સૂચના ◆

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

## ◆ લેખ મોકલવા માટે ◆

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

## ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડ્યા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

## ◆ લેખકોને ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

## ◆ લવાજમ ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

આજે તંત્રીનોંધ લખવા બેઠો ત્યારે તારીખ પર નજર કરી તો રૂંવાડાં બેઠા થઈ ગયાં ! આજે છઠ્ઠી ઓગસ્ટ છે, હા 'હિરોશિમાદિન' છે. આજથી ૮૦ વર્ષ પહેલાં આજની તારીખે સવારના સવા આઠ વાગે જાપાનના ઔદ્યોગિક શહેર હિરોશિમા ઉપર અમેરિકાએ પરમાણુ બોંબ 'લીટલ બોય' ફેંકેલો અને એક સાથે દોઢેક લાખ લોકો બળીને ભસ્મ થઈ ગયેલા. આ માનવજાતની કલંકરૂપ બનેલી ઘટનાને જેમણે પ્રત્યક્ષ અનુભવી છે તેમને 'હિબાકુશા'થી ઓળખાવાય છે. લાખો લોકો પોતાના અર્ધબળેલ અંગો સાથે ભયાનક સ્મરણો સાથે જીવ્યાં. હજુ વારસાગત આઘાતો પણ શરૂ છે. આ હિબાકુશા લોકોને દઢ વિશ્વાસ હતો કે સંવેદનશીલ માનવજાત આ માનવસર્જિત ઘટના પછી શાંતિનો મહિમા સમજશે. આના સર્જકો અને વાપરનારા ગાંડા થઈને મર્યા પણ હજુ આજે આ ઘટનામાંથી માનવજાત કશો બોધ લઈ શકી નથી, એ માનવજાતની હિમાલય જેવડી મર્યાદા છતી કરે છે. લોખંડની ફેકટરીઓનું લોખંડ નદીનો પ્રવાહ બનીને પાણીની જેમ વહેવા લાગેલું તે ગરમીની કલ્પના તો કરો !! લાખો લોકો ગરમ તવી પર પાણીનું ટીપું પડે અને વરાળ બની ઊડી જાય તેમ છમકારે અને ચમકારે અદશ્ય થયાં હતાં. આવી ભયંકર ઘટનાઓ ઘટ્યાના વર્ણનો, ફોટોગ્રાફસ, આધારો સઘળું હાજર હોવા છતાં આ માણસ હજુ અટકતો નથી, એ બહુ મોટો ચિંતાનો વિષય છે. આજે વિકાસ પામેલાં સમૃદ્ધ રાષ્ટ્રો અને વિશ્વમાં અનેક સ્થળે ચાલી રહેલાં યુદ્ધમાં સામેલ એવા દેશો છાશવારે પરમાણુ હુમલાઓની ધમકી આપીને પોતાના પગ પર કુહાડા મારી રહ્યા છે. હિરોશિમા પર ત્રાટકેલા લીટલબોય પરમાણુ બોંબ કરતાં આજે તો સેંકડો ગણા વધારે શક્તિશાળી બોંબ બની ચૂક્યા છે, આ ક્ષેત્રે પણ 'વિકાસ' બહુ સધાયો છે ! હવે પરમાણુ બોંબ પ્રથમ વાપરનાર અને ભોગ બનનાર વચ્ચે મૃત્યુના સંદર્ભે પાંચ-સાત મિનિટથી વધારે સમયનો ગાળો રહેવાનો નથી એ પણ સૌ જાણે જ છે. આમ છતાં આ પાગલપન શા માટે ? વળી, આજના પરમાણુ બોંબ એવા બન્યા છે કે તે સ્થાવર મિલકતને નુકસાન નથી પહોંચાડતા પણ માત્ર સજીવોનો જ નાશ કરે છે. એ બતાવે છે કે સજીવ પ્રત્યેના સ્નેહ કરતાં ભૌતિક સુવિધાઓનો મોહ આજના માણસને આકર્ષે છે.

એક બોદ્ધિક જૂથ એવું પણ માને છે કે આ ભયનું સમતોલન સાધવા માટેનું ઉત્તમ માધ્યમ છે. 'બેલેન્સ ઓફ ટેરર'થી ઓળખાતી આ સ્ટ્રેટેજી જો કોઈ તાનાશાહ ઉતાવળે પણ વાપરી નાખે તો સર્વાંશે સર્વનાશ નોતરશે.

આવી રહેલ રક્ષાબંધન, સ્વાતંત્ર્યદિન અને જન્માષ્ટમી જેવા સંસ્કરોનું ઘડતર કરતાં સંવેદનશીલ ઉત્સવો ગમે તેટલા ભાવથી ઉજવીશું પણ માનવતા જ મરી જશે તો કેમ બચીશું?

હિરોશિમાના પ્રત્યક્ષદર્શીઓની મદદથી જાપાનમાં એક મેમરી પ્રોજેક્ટ ચાલે છે, એ દ્વારા યુવા પેઢીને આવી વિનાશક માનસિકતામાંથી બચાવવા પ્રયત્ન થઈ રહ્યો છે. મૈત્રીભાવના આ પવિત્ર ઝરણાને આપણે પણ વહેતું રાખવા જાગૃતપણે સક્રિય રહીએ એ જ પ્રભુ પ્રાર્થના.

— (signature)

## ૦૧ વરસાદ

### ગુણવંત શાહ

દૂર દૂરથી ડમરીના ખભે બેસીને મોસમનો પહેલો વરસાદ આવી પહોંચે ત્યારે આપણું હૈયું ગાઈ ઊઠે છે : રૂડો જુઓ વરસાદ આવ્યો ! પહેલો વરસાદ પડે ત્યારે નાચી ન ઊઠે એવા હૃદયને તે શું કહેવું ! એ ક્ષણે સાક્ષાત્ ઉપરવાળાનો ભીનો સંસ્પર્શ પામતી વખતે સમગ્ર પરિવાર સાથે હોવો જોઈએ. એ વેળાએ તૃષાતુર ધરતીના કણકણમાંથી વછૂટેલી દિવ્ય સુગંધ માણવી એ તો માણસ હોવાની ભીનીછમ સાબિતી છે.

ચોમાસું બધું ખોરવી નાખે છે; સિવાય કે લાગણીહીન માણસનું મન. ઘણુંખરું વરસાદ એવા ઉધાર માણસો પર પડતો રહે છે, જેઓના કપડાં ભીંજાય છે પણ હૈયા કોરાંકટ રહી જાય છે. વરસાદ જ્યારે મોકળે મને વરસી પડે ત્યારે પણ મીંઢો માણસ નિખાલસ નથી બની શકતો. મીંઢા માણસની પત્નીને જ ખબર હોય છે કે મૌન કેટલું ગંદુ હોઈ શકે છે.

વરસાદના ધબકારા સાંભળવા માટે કયાં તો ઝરણું બનવું પડે કે પછી બાળક બનવું પડે. કાગળની હોડી પાણીમાં તરતી મૂકયાંને કેટલાં વર્ષ થઈ ગયા! એ હોડી પાણીમાં વહી જતી ત્યારે એમાં બેઠેલી ક્ષણ પણ અડધીપડધી ભીંજાઈ જતી.

નદી જયારે સાગરમાં વિલીન થાય એ તો નદીનું 'બ્રહ્મનિર્માણ' ગણાય. નદી જયારે સાગરમય બને ત્યારે એના વાદળમય બનવાની શકયતાનું ઉદ્ઘાટન થાય છે. નદીમાં વહેતા પ્રત્યેક ટીપાંની ઝંખનાનું નામ સાગર છે. વાદળની કરુણામય ઝંખનાનું નામ વરસાદ છે. વગડાની તરસમય ઝંખનાનું નામ ટહુકો છે. જેમ પુષ્પનું અહંવિસર્જન એની સુગંધ બની જાય છે. વાદળનું અહંવિસર્જન વરસાદ બની જાય છે. માણસનું અહંવિસર્જન આનંદનો દીવો પ્રગટાવે છે. મેઘલી રાતે વીજળીનો પ્રવાહ અટકી જાય ત્યારે અંધારામાં અંતરાત્માનો અવાજ સ્પષ્ટ સાંભળી શકાય એવી તક ઊભી થાય છે. વરસાદના પ્રત્યેક ટીપાંમાં પરમેશ્વરની કરુણા વરસી રહી છે. એ પ્રેમધારાને હૃદયવાટિકામાં ઝીલી લેવામાં જ જીવનનો સાર છે.

વાદળ એટલે અસંખ્ય ટીપાંઓનું બંધન. વરસાદ એટલે એ ટીપાંઓની મુકિત. કયાંક વરસી પડવું એ પ્રત્યેક વાદળનો ધરતીસિદ્ધ અધિકાર છે. વાદળનું રસાયણશાસ્ત્ર અને વીજળીનું ભૌતિકશાસ્ત્ર સમજવા કરતાં વરસાદની અખંડધારા, જીવનધારા અને અમૃતધારામાં તરબોળ થવામાં સાર્થકતાનો સાર સમાયો છે. વરસાદ આપણે ભીંજવે જરૂર, પરંતુ ભીંજાઈને તરબોળ થવાનું ચૂકી જવાય છે. જેટલી મોકળાશથી વાદળ છૂટી પડે તેટલી જ મોકળાશથી આપણે નાચી નથી શકતા. વરસાદમાં સ્નાન કર્યા પછી તો પવન પણ ચોખ્ખોચણાક !

વરસાદમાં સ્નાન કરનારાઓ કોકરવરણા તડકામાં પણ સ્નાન કરે એ જરૂરી છે. આવા સમશીતોષ્ણ તડકામાં સ્નાન કરવું એ પણ ભીંજાવાનો જ ઉપક્રમ છે. ધોધમાર વરસાદ પડે ત્યારે વૃક્ષો ભીંજાતી કૉલેજકન્યા જેવા દીસે છે. વરસાદ અટકી પડે ત્યારે એ જ વૃક્ષો સદ્યસ્નાતા નવોઢા જેવા જણાય છે.

ચોમાસું ગમે પરંતુ નિખાલસ તડકાનો લાંબો વિયોગ એકલતાની પીડાને સંકોરનારો જણાય છે. શ્રાવણ તો વિયોગવિશેષના સ્મરણમહિમા માટે ખાસ સર્જાયેલો વર્ષાકાળ છે. શ્રાવણી જલધારા હૃદયની કયારીને ભીંજવતી રહે ત્યારે કોરોકટ રહી જાય તે માણસ પ્રચ્છન્ન ખલનાયક હોવાનો. એવા ખલનાયકોની કમી આપણે ત્યાં નથી !

અનરાધારે વરસાદ વરસે એ પછી વરાપ નીકળે એ બહુ વહાલી લાગે છે. વરાપ એટલે વરસાદનો અનધ્યાય. અનધ્યાય પણ તત્ત્વતઃ અધ્યયનનો જ એક ભાગ છે. વરસાદનું અટકી જવું એ ખેતી માટે ઉપકારક ઘટના છે. એ ઉપકાર પણ પરમાત્માની કૃપાથી પ્રાપ્ત થાય છે.

## ૦૨ લોકભારતીનો સમુદ્ધ વારસો... સ્વામી આનંદએ અમને ભણાવ્યા...

**રમેશ ર. દવે**

---

પાક્કું યાદ નથી પણ મોટાભાગે ૧૯૫૮ થી ૧૯૬૪ સમય દરમ્યાન હર શિયાળે સ્વામી(આનંદ)દાદા એમના મિત્ર નાનાદાદાને ઘેર (લોકભારતી) નિરાંતે રહેવા આવતા. આગળ નોંધ્યું છે એ મુજબ લોકભારતીના અધ્યાપકો જે રીતે અમને પ્રાથમિક શાળામાં કંઈક ગમતી કવિતા કે પાઠ ભણાવવા આવતા એમ જ સ્વામીદાદા પણ અમને ભણાવવા આવ્યા હતા, અમે તો એમને પહેલીવાર જ જોયા.

ગુલાબી ગુલાબી ચહેરો અને માથા પર પોણા ભાગમાં ટાલ. સ્હેજ ઝડપથી બોલે ને મજાનું હસે. એમણે અમને સૌને સહિયારું પૂછીને, અમે કહ્યું એમ, અમારી ગૂજરાત વિદ્યાપીઠની વાચનમાળામાંથી 'દાદાનો શિષ્ય' નામનો પાઠ ભણાવ્યો. એ પાઠમાં એક ઉમરાવને કશાક ઉત્સવ નિમિત્તે કરવાના શણગારમાં મૂકેલી સિંહની મૂર્તિ કશુંક લેતાં - મૂકતાં પડીને તૂટી ગઈ - જે શિલ્પી દાદાજીએ ઘડી હતી. મહેમાનો તો આવવા મંડ્યા હતા. આવી કટોકટીની વેળાએ અમારી જ ઉમ્મરના દાદાજીના પૌત્રે મહેમાનોને પીરસવાના માખણના પિંડામાંથી એવી જ સિંહની મૂર્તિ બટરનાઈફની મદદથી ચપટી વગાડતામાં કેમ કંડારી આપી હતી અને સૌ વડીલોની કેવી શાબાશી મેળવી હતી - એની કથા - વાર્તા હતી.

એ પાઠની સ્મૃતિ નખશિખ આમ જળવાય છે એનું એક કારણ તો પેલી મજાની કથા જ છે પણ બીજું કારણ પણ એટલું જ મજાનું છે! સ્વામીદાદાએ એ પાઠનું સસ્વર કરેલું ઉત્તમ પઠન અને એ પાઠ ભણાવતી વખતે એ વિષય અંગે દુનિયાભરની દાખલારૂપ વાતો જ હતી ! સ્વામીદાદા પાસે જગતભરનું શાણપણ હતું. જીવનના અનુભવોથી સમુદ્ધ સાધુ હતા.

પાઠ ભણાવ્યા પછી પ્રશ્નોત્તરી ચાલી હતી. એમાં અમારી સાથે જ બેસેલા શાળાના ચાર શિક્ષકો પણ જોડાયા- અમે તો સૌ પહેલા પૂછ્યુંઃ 'તમે ઘરમાંથી ભાગી જઈને આમ સાધુ શું કામ થયા ? કોઈએ માર્યું કે કોઈ વઢ્યું હતું ?' એવા-એવા સવાલોથી શરૂ થયેલી એ પ્રશ્નસભામાં પછી તો આઝાદીની લડત,ગાંધીજી, સ્વરાજ-સુરાજ અને આપણી નૈતિક ગરીબી- એવી એવી વાતે સ્વામીદાદાનો પુણ્યપ્રકોપ સાથેનો જ્ઞાનસાગર લહેરાયો. અમે છોકરા તો એમાં તલ્લીન એટલે સ્વામીદાદા ખિજાયાઃ 'આ છોકરાવ તો મારા બેટા કાંઈ પૂછતા નથી !' પ્રભાબહેન મુનિ ત્યારે અમારા વર્ગશિક્ષક. એમણે અમારી સાથે ભણતી કોકિલા શુકલને કહ્યું કે, 'ટોમકાકાવાળો સવાલ તેં મને પૂછેલો-એ તું સ્વામીદાદાને કેમ નથી પૂછતી?' કોકીએ તો વળતો જ એ સવાલ પૂછ્યો, એ સાંભળીને સ્વામીદાદા રાજી થયા અને નિરાંતજીવે જવાબ આપ્યો.

આ દિવસોમાં કિશનસિંહ ચાવડા લોકભારતીમાં મહેમાન થયેલા અને એમની નાનેરી નવલકથા 'ધરતીની પુત્રી' વિશે વાતો કરેલી. મારાં બાએ એ નવલકથા લોકભારતીના ગ્રંથાલયમાંથી મારી પાસે મંગાવેલી અને એમણે એ વાંચી લીધા પછી તે ગ્રંથાલયમાં જમા કરાવવા લઈ જતો હતો ત્યારે તેના આરંભના બે-ત્રણ પાનાં આમતેમ ફેરવીને વાચન કર્યા તો રસ પડ્યો એટલે રસ્તે છવાયેલી પીપળના છાંયે બેસીને એ કથા પૂરી કરેલી. એમાં રામ કરતાં રાવણને મળેલું વિશેષ મહત્ત્વ મારા કિશોરવયસ્ મનને કઠેલું. એટલે સ્વામીદાદાની સૌ પર ફરતી નજર જેવી મારી પર પડી કે લાગલો જ સવાલ મેં દાગ્યો-'રામને કોરાણે

કરી - મૂકીને કાંય રાવણની વાર્તા લખાતી હશે ?' સાંભળતાં જ સ્વામીદાદાએ એમની પાસે બોલાવ્યો. આપણી તો છાતી ધડકવા માંડી, ઊભો જ ન થઈ શક્યો. દુર્ગાશંકરભાઈ કહેઃ 'દાદા તને બોલાવે છે, તું જા તો ખરો ! '

મહામહેનતે નીચી નજરે ગયો. માત્ર પગ જ નહીં, આખું શરીર ધ્રૂજતું હશે એટલે સ્વામીદાદાએ ખભે હાથ મૂકી- દબાવી સ્થિર કર્યો અને પછી માથું ખેંચીને પોતાના પેટ -છાતીએ વળગાડી વહાલ કર્યું અને પછી આસ્તે રહીને પૂછ્યુંઃ 'તે એ ચોપડી આખી વાંચી છે કે કોઈકે કહેલી વાત તું પૂછે છે ?' હજુ હમણાં સુધી જેનાં પગ-શરીર ધ્રૂજતા હતા એ વેંતિયા છોકરાનું શરીર અક્કડ થઈ ગયું. આંખોમાં ય અભિમાન છલકાઈ ગયું હશે ને પછી પ્રતિપ્રશ્ન પૂછ્યોઃ 'પૂછ્યો છે ઈ સવાલ મારો નેં તો શું તમારો છે ?'

સૌ હસી પડ્યા, સ્વામીદાદાનું હસવું તો રોકાય જ નહીં ! પછી રાતાચોળ મોં-ચહેરે એમણે કહ્યુંઃ 'આ બધા તારા ભાઈબંધોને એ રાવણ-રામની વાર્તા એકદમ સંક્ષિપ્તમાં કહીશ ? પછી તારા સવાલનો જવાબ દઉં ?'

રવિવારની બાલસભામાં વાંચેલી બાળવાર્તા સૌને ટેસથી કહેતો હતો એટલે આપણે તો બેધડક, કશાય સભાક્ષોભ વિના વાર્તા કહી. વળી સ્વામીદાદા તો રાજી-રાજી પણ પાછો કાન આમળીને કહ્યુંઃ 'બેટમજી, તમે વાર્તા તો પાક્કી વાંચી જ છે પણ ભઈલા તારી ઉંમર કંઈ આવી વાર્તા વાંચવાની નથી, તારે તો અત્યારે સાહસ અને શૂરવીરતાની વાર્તાઓ વાંચવાની હોય ! આ આપણા મૂળશંકર ભાઈએ અનુવાદ કર્યો છે ને એવી-એવી સાહસકથાઓ વાંચીશ તો... એની તો મજા જ કંઈ ઓર છે. વાર્તાના સાહસિક- બહાદુર પાત્રની જગ્યાએ તું જ ગોઠવાઈ જઈશ ! ' પણ મેં તો એ પણ બધી વાંચી છે- 'સાગરસમ્રાટ', 'સાહસિકોની સૃષ્ટિ', 'ખજાનાની શોધમાં' ને 'એ'શી દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા ! ' કિશોરવયે ન હોય એવા ઉભરાતા આત્મવિશ્વાસ સાથે કહેવાયેલી વાત સાંભળીને, પહેલીવાર જેમ પેટ- છાતીએ વળગાડયો હતો - એમ જ સ્વામીદાદાએ મને ખેંચીને મારે માથે-મોઢે પસવારેલા હાથનું વાત્સલ્ય કદી ઝમતું બંધ થયું નથી!

મો.૯૭૩૭૭૪૫૫૫૯

ઉંમર આખી મેં કંઈ ને કંઈ આછું પાતળું લખ્યું. પણ કશું ગ્રંથસ્થ કરવા ન દીધું. મારો વેપલો વગર મૂડીનો. મૂળે હું અભણ. બચપણથી જ ઘેરથી ભાગી સારાનરસા સાધુબાવાઓની દુનિયામાં ખોવાઈ ગયેલો. એ જમાતની સ્લોગન- 'પોથી પઢપઢ પંડત મૂએ' વાળી.

બીજો સંસ્કાર મળ્યો તે એ, કે 'સાધુ દો રોટી, એક લંગોટી'નો હકદાર એથી વધુ જેટલું એ સમાજ પાસેથી લે, તેટલું અણહકનું, હકબહારનું. લીધેલાની દસ ગણી ફેડ એ ગૃહસ્થનો ગજ. સાધુનો સહસ્ત્રનો. સાધુ લે તેનાથી સહસ્ત્રગણી સેવા કરે ત્યાં સુધી તો એણે નકરી અદાયગી કરી; દુનિયાની ઘરેડે જ ચાલ્યો. અદકું કશું ન કર્યું. એથી વધુ કરે તેની વશેકાઈ.

આ બે સંસ્કારને હું, અથવા બાબાકંબલ ન્યાયે કહો કે એ સંસ્કાર મને, જિંદગીભર ચીટકી રહ્યા. સમજણ વધતી ગઈ તેમતેમ એમાં વજૂદ પણ મેં જોયું. 'પ્રેમ કે બસ અરજુન રથ હાંકયો' વાળી ઘટના, કે અજંતા દેલવાડાનાં શિલ્પ જે પ્રેમભકિતની પેદાશ હશે તેની પાછળના પરિશ્રમનાં મૂલ મજૂરીને દરે કેમ કરીને મૂલવાય ?

એવી કશી ભકિત કે શબ્દશિલ્પ તો મારી કને હોય જ કયાંથી ? છતાં સાધનારૂપે જિંદગીમાં કરેલા પરિશ્રમોને રૂપિયે-આને વટાવવાનો ખ્યાલ મને કદી સ્પર્શ્યો નહીં.

- સ્વામી આનંદ

## ૦૩ સાર્થક કાર્ય, સાર્થક જીવન

**મનસુખ સલ્લા**

---

'કેળવણીની કેડીએ' સ્મરણોનો ગ્રંથ છે. જે વિદ્યાર્થીઓ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલાના છાત્રાલયમાં રહી ભણ્યા, તેમણે જે અનુભવ્યું, ત્રણ-ચાર દાયકા પછી પણ તેમનાં હૃદયમાં જે લીલુંછમ રહી શકયું, જેની ભાગ્યેજ નોંધ લેવાય એવી નગણ્ય ઘટનામાં ગૃહમાતા અને ગૃહપતિએ સમજણપૂર્વક માર્ગદર્શન આપ્યું અને ખબર ન પડે એમ જીવનરાહ બદલાઈ ગયો, જે નાનીનાની ઘટનાઓમાં તેમની કાળજી લેવાઈ અને તેમના વિકાસ માટે જેમણે હૂંફ આપી, દિશા ચીંધી, હામ આપી એ સઘળું વિદ્યાર્થીઓનાં હૈયામાં કેવા સ્વરૂપમાં આલેખિત થયું છે તેમનાં સંવેદનોનું આ સંકલન છે. આલેખન કરનાર સૌને ભલે લખતાં નથી ફાવ્યું, ભાષાની મર્યાદા રહી છે, પરંતુ તેમના ભાવમાં સ્ફટિક જેવી સચ્ચાઈ છે. આવા ગ્રંથ માટે સ્મરણો લખનારને ખબર નથી હોતી કે બીજાઓએ શું લખ્યું હશે, એટલે ગુણસમૃદ્ધિ વર્ણવવામાં પુનરાવર્તન થવું સહજ છે. પરંતુ નાની સરખી ઘટનામાં આત્મીયતા અને આદરનો અનુભવ થાય છે.

ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થાથી 'બોર્ડિંગ હાઉસ'નો નવો અવતાર થયો. (૧૯૧૦) છાત્રાલયો ચારિત્ર અને સંસ્કાર ઘડતરનાં કેન્દ્રો બન્યાં. એના સંચાલન અને સંબંધને શૈક્ષણિક સુષમા મળી. જે વ્યવસ્થાનું કેન્દ્ર હતું એ કેળવણીનું કેન્દ્ર બન્યું. એનો જ વિકાસ અને વિસ્તાર ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા અને લોકભારતી અને પછી ગુજરાતભરની નઈ તાલીમની શાળા અને છાત્રાલયો સુધી અનેક સ્વરૂપે સ્થિર થયો. એના પાયામાં ભાવનગરમાં જેમ નાનાભાઈ ભટ્ટ, મૂળશંકરભાઈ ભટ્ટ અને બીજા ગૃહપતિઓ છે, તેમ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં અનિલભાઈ ભટ્ટ, લાલજીભાઈ નાકરાણી, રઘુભાઈ પટેલ, અરુણાબહેન પટેલ, એન.ભાઈ પંડ્યા અને બીજાંઓ છે. એના સંચાલકો વધુ તો ગૃહપતિઓ છે. આજે છાત્રાલયો વિનિપાતની ધાર સુધી પહોંચી ગયાં છે, ત્યારે વિદ્યાર્થીઓના ચારિત્રનો અમૃતકુંભ શાનાથી પાકે છે તેનાં દષ્ટાંતો આ ગ્રંથના પાને પાને આલેખાયાં છે.

'કેળવણીની કેડીએ' ગ્રંથના કેન્દ્રમાં અરુણાબહેન રહે તેવું આયોજકોએ પ્રારંભે વિચારેલું હશે. પરંતુ અરુણાબહેન અને રઘુભાઈનું નામ લગભગ સાથે જ બોલાય છે. બંને અભિન્ન અને એકરૂપ છે. તેમનું એ કેવું મહાભાગ્ય કે તેમને આવી ઉમદા તક મળી. વિદ્યાર્થીઓમાં તેમ જ સાથીદારોમાં તેઓ કાયમ સ્વીકાર્ય અને સ્નેહપાત્ર રહ્યાં. તેમને જેટલો પ્રેમ વિદ્યાર્થીઓ તરફથી મળ્યો એટલો જ પ્રેમ અને સાથ સહકાર્યકરો અને વડીલો તરફથી પણ મળ્યો. તેમના વ્યક્તિત્વના વિકાસના પાયામાં અરુણાબહેન દર્શાવ્યું છે તેમ કાયમ વિદ્યાર્થી રહ્યાં છે તે છે. સાચો શિક્ષક સતત શીખતો રહેતો હોય છે એ તેમણે સાચું પાડ્યું છે. દક્ષિણામૂર્તિથી કંડારાયેલી કેડીને તેમણે વધુ શોભાભરી, વધુ આત્મીય અને વધુ ગૌરવશાળી કરી છે. છાત્રાલય હોય અને પ્રશ્નો ન હોય તેવુ તો દંભ અને જાતછેતરામણી હોય ત્યા જ શક્ય છે. અરુણાબહેન - રઘુભાઈએ પ્રશ્નો વખતે હલી ગયા વગર ઉપાયો શોધ્યા છે. તેઓ સરેરાશ ન થયાં, ન રહ્યાં. તેના મૂળમાં સમૃદ્ધ વારસો પણ ખરો. અરુણાબહેનના પિતા વેલજીભાઈ સ્વાતંત્ર્યસેનાની હતા, જુગતરામકાકાના જમણા હાથ જેવા હતા. નારાયણ દેસાઈની ગ્રામશાળા, વેડછીએ અરુણાબહેનના ખરા બંધારને પોષણ આપ્યુંઃ નિર્ભયતા, સાચ માટે આગ્રહ, મૂલ્યપ્રીતિ, વ્યાપક

હિત માટે સ્વહિત ગૌણ ગણવું એ સઘળું વાતાવરણમાં હતું. આ સઘળાં પર ગ્રામદક્ષિણામૂર્તિની કલમ ચડી. એટલે જે ગુણલક્ષણો અપ્રગટ હતાં તે સોળે કળાએ ખીલી ઊઠયાં. લોકદક્ષિણામૂર્તિની પરંપરાનાં આંતર-તત્ત્વોને તેમણે બંનેએ એવાં આત્મસાત કર્યાં અને વિતરિત કર્યાં કે ૩૦-૪૦-૫૦ વર્ષેય એમનાં વિદ્યાર્થીઓ એમને આદર અને આત્મીયતાથી યાદ કરે છે.

ઉત્તમ શિક્ષક કે ગૃહપતિ પોતાનાં વિદ્યાર્થીઓ કે છાત્રો માટે જીવ્યા હોય છે. પરિણામે તેઓ વિદ્યાર્થીઓનાં હૈયામાં જીવે છે. અરુણાબહેન અને રઘુભાઈ વિદ્યાર્થીઓના હૃદયમાં અડધી સદી પછીય કેવા અખંડપણે અંકાયેલા છે તેનાં સ્મરણો અહીં પાનેપાને મળશે.

નઈ તાલીમ, ગાંધીવિચારની શિક્ષણપ્રણાલી કે ચારિત્ર ઘડતર માટે ઉત્સુક વિદ્યાલયનો પાયો એના છાત્રાલયના સમૂહજીવનમાં રહેલો છે. કેવળ વર્ગશિક્ષણ એ તો શિક્ષણનું પચાસ ટકા જ કામ કરે છે. સમૂહજીવન જ અનાયાસ ગુણવિકાસ કરે છે. લોકદક્ષિણામૂર્તિની પરંપરામાં એ સ્વાભાવિક, આવકાર્ય અને અમૃતતત્ત્વ જેમ ઉપાસ્ય હતું. એટલે જે જે લોકો એને અભિમુખ હતા તેઓ પોતે સાર્થકતા પામ્યા અને અનેક વિદ્યાર્થીઓનાં જીવનને તેમણે સાર્થક કર્યાં. અરુણાબહેન-રઘુભાઈ તે પૈકીનાં.

વારસો સમૃદ્ધ હોય એટલું પૂરતું થતું નથી. વિકાસયાત્રામાં વ્યક્તિની અભિમુખતા અને સમર્પિતતા ખૂબ મોટો ભાગ ભજવે છે. વળી આ પુસ્તકમાં વર્ણવાયેલી નાનીનાની વ્યક્તિગત ઘટનાઓ મંચ અને માઈક પરની પ્રશંસા નથી, પરંતુ ઘરના શાંત ખૂણે બળતાં દીપ જેવી પ્રકાશ પાથરવાની ઘટનાઓ છે. સાચો શિક્ષક કે ગૃહપતિ નાની ઘટનાને વ્યાપક જીવનસંદર્ભ આપે છે. એટલે કહેવાયું છે કે સૂર્યપ્રકાશ તો બધે પથરાય છે, પરંતુ માટીની ઠીકરી પર પડેલું સૂર્યકિરણ માત્ર ઠીકરીને અજવાળે છે, પરંતુ એ જ સૂર્યકિરણ પહેલદાર હીરા પર પડે છે ત્યારે તે હીરો તેને અનેકધા પરાવર્તિત કરે છે. અરુણાબહેન અને રઘુભાઈના જીવનમાં આ પ્રક્રિયા ઉત્તમ રીતે અવતરિત થઈ છે.

આમ તો કેળવણીની સમગ્ર પ્રક્રિયાનું રહસ્ય જ નિર્વ્યાજ સ્નેહ છે. એવો સ્નેહ અનેક બંધતાળાની ગુરુકિલ્લી (Master Key) બને છે. એવા સ્નેહની અભિવ્યક્તિ અનેક સ્વરૂપે થઈ છે. કિશોરાવસ્થામાં પ્રવેશીને યુવાવસ્થાને ઉંબરે પગ મૂકતા વિદ્યાર્થીઓ સાથેનું કાર્ય પળેપળની જાગૃતિ માગે, વિચારની સ્પષ્ટતા માગે, પરિણામને બદલે વર્તન પરિવર્તનની ધીરજ માગે અને ક્યાં મૂલ્યો જાળવવાનાં છે એ અંગેની અડોલ શ્રદ્ધા માગે છે. આ ગ્રંથમાંથી એ ઉપસી આવે છે કે આ દંપતીએ આ પ્રકારે કાર્ય કર્યું છે એટલે આવું નિર્ણાયક, આવું અસરકારક, આવું સ્મરણીય પરિણામ નીપજ્યુ છે.

આજે શિક્ષણમાં શું ખૂટે છે અને એની પૂર્તિ કઈ રીતે થઈ શકે તેનો જાણે આખો નકશો આ ગ્રંથમાં છપાયો છે. ઘટનાઓ નાની છે, રોજબરોજની છે પરંતુ તેને નવો અર્થ મળ્યો છે. કારણ કે છાત્રાલયમાં આવતા વિદ્યાર્થીઓનું કૌટુંબિક વાતાવરણ, ઉછેર વલણબંધારણ, ટેવો, માન્યતાઓ, ભિન્નભિન્ન હોય છે. નિયમોની યાદી બોર્ડ પર લખી દેવાથી પ્રશ્નો ઉકલી જતા નથી. એ તો સંબંધમાધુર્ય, ઝીણી કાળજીમાંથી નિષ્પન્ન થતી નિકટતા અને વિદ્યાર્થીઓ પર મૂકેલા વિશ્વાસમાંથી ઉકલે છે. અનેક ઘટ્ટ પડદા હટી શકે છે. એના નમૂના પ્રસ્તુત ગ્રંથમાં અનેક છે. એટલે અનેક વિદ્યાર્થીઓની આભારવશતા એમના પ્રતિભાવોમાં છલકાય છે.

આ ઉંમર એ વયસંધિની ઉંમર છે. તેમાં દેખાય અને હોય વચ્ચેનાં પડો ગૃહસંચાલકે ઉકેલવાનાં હોય છે. અરુણાબહેન અને રઘુભાઈ એવાં પડોને ઉકેલી શક્યાં હતાં તે તેમની વશેકાય છે. એક વિદ્યાર્થિની પરીક્ષાની લાહ્યમાં દિવસો સુધી નાહી ન હોય, બે વિદ્યાર્થિનીઓ શરત કરે કે નાહ્યા વિના કેટલા દિવસ ચલાવી શકાય? ત્યાંથી લઈને વિદ્યાર્થિની ઉપર ભણીને ગયેલો વિદ્યાર્થી પત્ર લખીને

'આપણે પરણશું?' એવી માગણી કરે ત્યાં સુધીનું પ્રશ્નવૈવિધ્ય ગૃહસંચાલક સામે હોય છે. કોઈને અમુક ખાવાનુ ભાવે નહીં, કોઈ વારંવાર માંદુ પડી જાય, કોઈ સામાન મૂકવાનું ખાનું કે બિસ્તરો સરખાં ગોઠવે જ નહિ, જે ગીત છાત્રાલયમાં હોંશથી ગાતી- ગણગણતી કન્યાઓને એ ખબર જ ન હોય કે આનો મર્મ શો છે. જાહેરમાં વક્તવ્યનું નિમંત્રણ મળે અને છાત્રા વક્તવ્યમાં દાંપત્યભાવનાં ઉછીનાં વાક્યો ઉમેરી દે જેના અર્થની એને ખુદને ખબર ન હોય આવા હજાર પ્રશ્નો ખડા થતા હોય ત્યારે ભય, દબાણ કે ત્રાસના માધ્યમને (જેવું કેટલાંક છાત્રાલયમાં બને છે)ત્યાજય ગણીને પ્રેમ, સમજાવટ અને ધૈર્યને જ ઉપકારક ગણવાની નિતરી સમજથી અરુણાબહેન વર્ત્યાં છે એ એમનો આંતરવિકાસ સૂચવે છે.

આવો આંતરવિકાસ કેવળ છાત્રોનો નથી થતો, ગૃહસંચાલકનો પણ થાય છે. એ ત્યારે શક્ય બને છે જ્યારે ગૃહસંચાલક સમજે છે કે વિદ્યાર્થી દરેક વર્ષે આગળ વધે છે તેમ તેમ તેની ભાવદશા અને વિચારસૃષ્ટિ વિકસિત થાય છે તેમ ગૃહસંચાલકે પણ પોતાની વિચારણાને જ્ઞાનપૂત અને સાધનાક્રમમાં તપાસતાં રહેવી જોઈએ. અરુણાબહેન અને રઘુભાઈ (અને બીજાં શિક્ષકો પણ) આ કરી શક્યાં તે તેમનું અને ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થાનું સદ્ભાગ્ય છે. કહી તો એમ શકાય કે તલવારની ધાર પર કે નટના દોરડાપર ચાલવા જેવું આ દુષ્કર કાર્ય છે. પરંતુ જીવનસાધક ગૃહસંચાલક એ કરી શકે છે. કારણ કે તેઓ કશુંય અહંપૂર્તિ માટે નથી કરતાં. પોતાના વિદ્યાર્થીઓ વિકસ્યા, એમને બાંધનારી, અટકાવનારી ગાંઠોમાંથી મુક્ત થયાં, તેમની નિષ્ઠા પાકી થઈ, અન્યની કાળજી લેવાનું સહજપણે શીખ્યા ત્યારે માત્ર છાત્રાલય સંચાલન સરળ નથી થતું, પરંતુ એ વિદ્યાર્થિનીઓ (જેમને ઘેર પણ આજે બીજી-ત્રીજી પેઢી હોય છે) અનેક રીતે વિકસી છે. અનેકે નોંધ્યું છે કે અમારા સંયુક્ત કુટુંબમાં અમે સારી રીતે ગોઠવાઈ શક્યાં છીએ. દીકરા-વહુ સાથે સારી રીતે કામ પાડી શક્યાં છીએ, અમારા કાર્યસ્થળે અમે સફળ થયાં છીએ. અરે, આંબલામાં છાત્રાલયમાં રહીને ભણેલી કન્યાઓ માટે વેવિશાળ માટે આવેલા વડીલોએ આવો અભિપ્રાય અનેકવાર આપેલો હતો કે 'તો કાંઈ પૂછવાનું નથી, આંબલામાં ભણ્યાં હોય તો બધું બરાબર જ હોય.' સમાજ તરફથી મળેલ આ વિશ્વાસપત્ર એ રાષ્ટ્રપતિના એવોર્ડ કરતા ચડિયાતો છે.

કેવળ ગૃહપતિ કે ગૃહમાતાની ગોઠવણ એ હકીકતે શિક્ષણની અધૂરપ છે. એવા ગૃહસંચાલકો કેવળ વ્યવસ્થાપક બની રહે છે. જો ગૃહસંચાલક શિક્ષક પણ હોય તો છાત્રાલયના અપ્રિય નિર્ણયો માટેના અભાવો વર્ગશિક્ષણમાં સરભર થઈ જાય છે. લોકદક્ષિણામૂર્તિની સંસ્થાઓમાં અધ્યાપક / શિક્ષક જ ગૃહપતિ હોય એ રચના ભલે સરકારે પછી ન સ્વીકારી, પરંતુ એથી ઉત્તમ કેળવણી રચનાને પંગુ બનાવવાનું થયું છે. અરુણાબહેન અને રઘુભાઈને વિદ્યાર્થીઓએ જેટલાં ગૃહસંચાલક તરીકે એટલાં જ ઉત્તમ શિક્ષકો તરીકે યાદ કર્યા છે. રઘુભાઈતો હિન્દી અને ગણિત જેવા વિરોધી ગણાતા વિષયો અત્યંત રસિક રીતે ભણાવતા હતા. અને અરુણાબહેને શીખવેલ કવિતા, વાર્તા કે 'રાઈનો પર્વત' નાટકને વિદ્યાર્થીઓએ ૩૦-૪૦ વર્ષ પછીય હોંશપૂર્વક તાજાં કર્યાં છે.

એક રીતે આ સ્મરણગ્રંથ એ શિક્ષણના પાયાનાં તત્ત્વોને મુખરિત કરતો ગ્રંથ છે. ઈતિહાસ સાચવવાની ભારતીય પ્રજામાં રગ નથી એવું મેણું આ ગ્રંથ ભાંગે છે. વળી શિક્ષક કે ગૃહસંચાલકનું કાર્ય સૂક્ષ્મ અસરોવાળું હોય છે. તેનાં પરિણામો દીર્ઘકાળમાં વિસ્તરેલાં હોય છે. એટલે એની નોંધ લેવી જોઈએ.

છાત્રાલયસંચાલન અને શિક્ષકકાર્ય કરનાર માટે અહીં અનેક કેળવણીમૂલ્યો સહજ રીતે પ્રગટ થયેલાં છે. તેમના બિનપક્ષપાતી વલણો વિદ્યાર્થીઓમાં કેટલી ઊંડી અસર કરે છે, માંદગી વખતની કાળજી માતૃત્વનો મધુર લય પેદા કરે છે. એટલે અનેક વિદ્યાર્થિનીઓએ અરુણાબહેન માટે 'માતાનું' સંબોધન કર્યું છે. અરુણાબહેનનું માતૃત્વ સુંદર

રૂપ ધારણ કરે છે એ ધ્યાનાકર્ષક છે.

અભ્યાસકાળે જાહેર વક્તવ્ય આપવાની તૈયારી કરવાની હોય, નાટક કે સંગીત ટુકડીમાં ભાગ લેવાનો હોય, સંચાલકને વિદ્યાર્થિનીનું વર્તન સહજ ન લાગે પણ અરુણાબહેન એને સહજ ગણે, પરીક્ષા વખતે વિદ્યાર્થિની હિમ્મત હારી ગઈ હોય ત્યારે કહેવાયેલું પ્રોત્સાહનનું અરુણાબહેનનું વાક્ય કેટલું બધું ઉપકારક બન્યું હતું, મર્યાદા ઓળંગી શકાઈ હતી એ સઘળું વિદ્યાર્થિનીઓનાં હૃદયમાં ચિરસ્થાયી બની ગયું હતું એ તો આ સ્મરણો વાંચતા સમજાય છે. અનેક છાત્રાઓએ પ્રગટ કર્યું છે કે 'માતાએ જન્મ આપ્યો પણ ઘડતર તો અરુણાબહેને કર્યું.' એ શક્ય બન્યું કારણ કે અરુણાબહેને છાત્રાઓનાં હૃદયને સ્પર્શવા સફળતાનો માર્ગ નથી લીધો, પણ ક્ષમા અને શ્રદ્ધાનો માર્ગ લીધો છે.

અનેક વિદ્યાર્થિનીઓએ અરુણાબહેનની ઉદારતાભરી જાગૃતિની નોંધ લીધી છે. આંતરિક કપડાં ધોઈને કેમ સૂકવાય, રૂમ કેમ ગોઠવાય, બિસ્તરો કેમ મૂકાય ત્યાંથી માંડીને ભાઈઓ સાથે કેમ ભળાય, કઈ જાગૃતિ રાખવી, શું વાંચવું ત્યાં સુધીનું માગદર્શન તેમણે આપ્યું છે. અરુણાબહેનની સાડીની પાટલી ચોક્કસ રીતે વાળેલી હોય છે, અંબોડો અમુક રીતે વાળ્યો હોય છે કે તેમનું ઘર સાદગીથી કેવું સુશોભિત હોય છે એનું વિદ્યાર્થીઓનું અવલોકન વાંચીએ ત્યારે ખ્યાલ આવે કે ગૃહસંચાલક પણ વિદ્યાર્થીઓની નજરમાં ચોવીસ કલાક હોય છે.

અનેક વિદ્યાર્થિનીઓએ નોંધ્યું છે કે અરુણાબહેન પ્રશંસા સમૂહમાં કરે પણ મર્યાદાઓ કહેવી હોય, સમજાવવું હોય, પ્રશ્ન આળો હોય ત્યારે એકલાં બોલાવીને વાત કરે. ગૃહસંચાલકના વ્યવહારો કેળવણીનું ખરું વ્યાકરણ બનતું હોય છે. આજે છાત્રાલયો મોટેભાગે વ્યવસ્થાકેન્દ્રો બની ગયાં છે, કારણ કે એ કેળવણી કેન્દ્રો મટી ગયાં છે. ગૃહસંચાલન જીવનની સમજણ અને જ્ઞાનની વ્યાપક્તા માગે છે. કદાચ કઠોર શિસ્ત અને સજાથી બહારથી બધું વ્યવસ્થિત અને રૂપાળું બતાવી શકાય, પરંતુ એની અસર પ્રાસંગિક હોય છે. અરુણાબહેન અને રઘુભાઈના વ્યવહારો નિર્ભયતાની કેળવણી આપનારા હતા. એટલે તેમના વ્યવહારો વિદ્યાર્થીઓનાં ચિત્ત પર અંકિત થયેલા છે. આ ત્યારે શક્ય બને છે જ્યારે શૈક્ષણિક દૃષ્ટિ, વિદ્યાર્થી માટે વાત્સલ્ય અને પોતાના કર્તવ્ય અંગેની સ્પષ્ટતા હોય. આ દંપતીની આ લાક્ષણિકતા છે, આ વિશેષતા છે, આ તેમનો મહિમા છે.

ઉત્તમ શિક્ષક-ગૃહસંચાલક વિદ્યાર્થીઓના મિત્ર,માગદર્શક અને ચાહક હોય છે. તે વિદ્યાર્થીની સબળાઈ અને નબળાઈ બંને જાણતા હોય છે. સબળાઈ વધે અને નબળાઈ ઘટે એ માટે જાગૃત પ્રયત્ન કરે છે. જેવો વ્યવહાર અરુણાબહેન- રઘુભાઈએ કર્યો છે. વિદ્યાર્થીના ભાવતંત્રને પોષણ આપવામાં જ તેમને સંતોષ મળે છે. એટલે પગાર, યશ કે સંચાલકોને રાજી કરવાનું આકર્ષણ તેમને નથી થયું. અરુણાબહેન કાયમ પાર્ટટાઇમ જ ગણાયાં, પણ તેમણે કામ ડબ્બલ કર્યું છે, કારણ કે આંબલા સંસ્થા સાથે તેમનું અંતરનું જોડાણ થયેલું હતુ. તેમના વિચારો સ્વસ્થ અને સ્વચ્છ હતા.

આ સ્મરણગ્રંથ શિક્ષણના તત્ત્વ અને વ્યવહારને, શાસ્ત્ર અને કળાને, સંબંધ અને જાગૃતિને મુખરિત કરતો ગ્રંથ છે. કેળવણીની પાયાની વિભાવનાઓ તેમાંથી સ્ફૂટ થાય છે. એટલે આવો સ્મરણગ્રંથ વિશેષ આવકાર્ય ગણાય. એ માટે નિમિત્ત બનનારા અરુણાબહેન અને રઘુભાઈ જીવનની સાર્થકતા પામી ધન્ય બન્યાં છે. ગુજરાતને આવી શિક્ષક બેલડીઓ મળતી રહેશે તો ગુજરાતનો કેળવણી ચહેરો અવશ્ય અજવાળું આપશે.

મો.૯૮૨૪૦૪૨૪૫૩

ગ્રંથ- 'કેળવણીની કેડીએ'
સંપાદનઃ નિરૂબહેન- મેહુલભાઈ ભટ્ટ અને અન્ય,
પ્રથમ આવૃત્તિ,૨૦૨૪, પૃ.-૨૫૫, મૂલ્ય : અમૂલ્ય
પ્રાપ્તિસ્થાનઃ મેહુલ ભટ્ટ , મુ-આંબલા,
મો. ૯૪૨૭૨૩૩૪૬૪

## ૦૪ જીવનનિષ્ઠ, નિષ્કામ પુરુષાર્થી : રતિભાઈ અંધારિયા

**પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**

---

લોકભારતી ગ્રામવિદ્યાપીઠના પ્રારંભકાળે જ તેના વિઝન અને મિશન સુધી દોરી જનાર નાનાભાઈ ભટ્ટની સાથે ચાર નિષ્કામ પુરુષાર્થીઓમાં મનુભાઈ પંચોળી, મૂળશંકરભાઈ ભટ્ટ, બુચભાઈ અને રતિભાઈ અંધારિયા સામેલ હતા. લોકભારતીના કાર્યકરો વિદ્યાર્થીઓના પ્રીતિપાત્ર બીગ ફોર-ચાર મૂર્ધન્ય તરીકે ખ્યાતિ પામ્યા હતા. આ ચાર પૈકીના એક રતિભાઈ જેમણે ૧૯૫૩ થી ૧૯૬૫ સુધી ૧૨ વર્ષ દરમિયાન લોકભારતીમાં શિક્ષણ સાથે વિસ્તરણની અતૂટ સાંકળ, કડી ગોઠવી આપી હતી. જેમની જીવનનિષ્ઠા, સેવા અને સમર્પણનું કોડિયુંમાં પ્રેરણાદાયી આલેખન પ્રસ્તુત છે :

લોકભારતીની સ્થાપનાકાળે બે પ્રમુખ વિભાગ હતાઃ ૧. લોકસેવા મહાવિદ્યાલય અને ૨. રુરલ ઈન્સ્ટિટ્યૂટ.

**(૧) લોકસેવા મહાવિદ્યાલય :**

ધોરણ ૧૧ પછી સાડા ત્રણ વર્ષનો સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ. ૧૯૬૭-૬૮ સુધી સંસ્થા સ્વયં સરકાર માન્ય લોકભારતી સ્નાતક પદવી પ્રદાન કરતી હતી. આ અભ્યાસક્રમની ત્રણ શાખાઓ હતી : (૧) કૃષિ-પશુપાલન (૨) લોકશિક્ષણ અને (૩) ગ્રામનિર્માણ. સમયાંતરે ત્રીજી શાખા બંધ થઈ ગઈ.

**(૨) રુરલ ઈન્સ્ટિટ્યૂટ :**

ભારત સરકારે સ્વાતંત્ર્યોત્તર શિક્ષણનીતિના ઘડતર માટે ૧૯૫૧માં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના અધ્યક્ષપદે પ્રથમ શિક્ષણપંચની રચના કરેલી. તે પંચની એક ભલામણ અનુસાર ગ્રામીણ વિસ્તારમાં કૃષિ શિક્ષણ આપવા માટે ભારતના વિવિધ પ્રદેશમાં રુરલ ઈન્સ્ટિટ્યૂટ સ્થાપવાની ભલામણ કરવામાં આવી હતી.

તદ્નુસાર લોકભારતીએ ધોરણ-૧૧ પછી બે વર્ષનો ડિપ્લોમાં અભ્યાસક્રમ ધરાવતી આ ઈન્સ્ટિટ્યૂટનો શુભારંભ કર્યો હતો. આ વિદ્યાર્થીઓ ત્યાર પછી લોકસેવા મહાવિદ્યાલયમાં બાકીના દોઢ વર્ષ અભ્યાસ કરીને લોકભારતી સ્નાતકની ડિગ્રી મેળવી શકતા. આ બંને વિભાગોમાં કૃષિ-પશુપાલનના વિષયોના અધ્યાપનકાર્ય માટે એગ્રીકલ્ચર કૉલેજના સ્નાતકો પસંદગી પામતા પણ રતિભાઈ (જન્મ : ૪/૧૧/૧૯૨૧, વિદાય : ૨૭/૫/૧૯૮૫) નોખી માટીના, તેજસ્વી, નિષ્ઠાવાન યુવાન હતા. તેઓ નાનાભાઈનો પરિચય થયા પછી વંચિત, ઉપેક્ષિત, ગ્રામસમાજ અને પછાત ખેતીની કાયાપલટ કરવાના સાત્ત્વિક ધ્યેય સાથે કૃષિ સ્નાતક થયેલા.

**(૩) નાનાભાઈનો પારસ સ્પર્શ :**

ભાવનગરના વતની રતિભાઈ શામળદાસ કૉલેજમાં અભ્યાસ કરતા- એ દરમિયાન ૧૯૪૨માં ભારત છોડો મહાઆંદોલનની શરૂઆત થઈ. તેઓ અભ્યાસ અધૂરો મૂકીને તેમાં જોડાઈ ગયા. જેલમાં ગયા. ત્યાં મનુભાઈ પંચોળી સાથે પરિચય થયો. તેમના સૂચનથી તેઓ દર વર્ષે ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં યોજાતી ગ્રીષ્મ શિબિરમાં ભાગ લેતા ત્યાં પારસમણિ સમાન ઋષિવર્ય નાનાભાઈનો સ્પર્શ થયો. ૧૯૩૭માં સ્થાપિત સમગ્ર ભારતમાં એક માત્ર બુનિયાદી શિક્ષણ આધારિત લોકશાળાના આ પ્રયોગથી તેઓ આકર્ષાયા. આંબલામાં પોતાની સેવાઓ સમર્પિત કરવાના સંકલ્પ સાથે આગ્રા ગયા. ત્યાંની બળવંત રાજપૂત કૃષિ મહાવિદ્યાલયમાંથી ૨૭ વર્ષની વયે બી.એસ.સી.ની પદવી પ્રાપ્ત કરી અને પછી તુરંત આંબલા સંસ્થામાં શિક્ષક તરીકે જોડાઈ ગયા. નાનાભાઈએ તેમનું હીર પારખી લીધું

હતું. તેમને શિક્ષણકાર્યની સાથે ખેતી વિભાગને ઉત્પાદક બનાવવાની જવાબદારી સોંપી. જેથી મનુભાઈ અન્ય પ્રવૃત્તિઓ માટે વધુ સમય આપી શકે.

આ અરસામાં સંસ્થાના વડીલો, ટ્રસ્ટીઓ ગ્રામવિદ્યાપીઠનો પ્રારંભ કરવાની વિચારણા કરી રહ્યા હતા. ગ્રામદક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓને મેટ્રીકની પરીક્ષામાં પાસ થયા પછી નઈ તાલીમના વિશેષ શિક્ષણ માટે કોઈ વ્યવસ્થા નહોતી. સંસ્થાએ આગમ જોઈને સૂચિત ગ્રામવિદ્યાપીઠની પૂર્વ તૈયારીના ભાગરૂપે રતિભાઈને અમેરિકા મોકલ્યા. ત્યાં ૧૯૫૦ થી ૧૯૫૨ દરમિયાન આયોવા સ્ટેટ યુનિ.માં ખંતપૂર્વક અભ્યાસ કરીને એમ.એસ.સી.ની ડિગ્રી મેળવી લીધી. સૌરાષ્ટ્ર સરકારે તેમને અભ્યાસ માટે લોન આપેલી. પણ નાનાભાઈના સૂચનથી તે માફ કરવામાં આવેલી. લોકભારતીના આદ્યસ્થાપકોએ આ રીતે જ કુમુદભાઈ ઠાકરને અનુસ્નાતક અભ્યાસાર્થે દિલ્હી અને જયંતભાઈ શાહને અમેરિકા મોકલેલા.

**(૪) લોકભારતીમાં આદ્યસ્થાપકોમાં સ્થાન :**

૧૯૫૩માં લોકભારતીના ઉદ્‌ઘાટનની સાથે જ રતિભાઈ અહીં આવી ગયા. સંસ્થાને સૌરાષ્ટ્ર રાજય દ્વારા અપાયેલ ૧૫૩ એકર જમીન ખાડા ટેકરાવાળી, અસમતોલ, આવળિયાટ હતી. રતિભાઈ રુરલ ઈન્સ્ટિટયૂટના આચાર્ય, જમીનશાસ્ત્ર અને વિદ્યાવિસ્તારના અધ્યાપક, પણ અહીં તો દરેક કાર્યકરે અધ્યાપનકાર્યની સાથે બીજા અનેકવિધ કામો સ્વૈચ્છિક ધોરણે સર્વોત્તમ રીતે બજાવવાના (લોકભારતીમાં સંદેશવાહકથી નિયામક સુધીના સૌ માટેનું સંબોધન કાર્યકર. ઉપનિષદની વિભાવના મુજબ અદ્વૈતભાવ.) જમીનને ખેતીલાયક નવસાધ્ય બનાવવામાં અને પરિસરની રમણીયતા વિકસાવવામાં રતિભાઈનો અપ્રતિમ, અખંડ પુરુષાર્થ. લોકભારતીની ભાવિ પ્રવૃત્તિઓ અને તેના વિકાસ માટે માસ્ટર પ્લાનની બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરવામાં તેમનો સિંહફાળો. લોકભારતી ગોશાળાની જવાબદારી પણ એમણે થોડો સમય વહન કરેલી. તે સમયે દેશ-વિદેશના લોકો, કેન્દ્ર સરકારના અધિકારીઓ આવે. રતિભાઈ તેમને અંગ્રેજીમાં માહિતી આપે, ચર્ચાઓ કરે. લોકભારતીના બુનિયાદી શિક્ષણમાં ચિરંતન શ્રદ્ધાને કારણે તેમના ત્રણેય ભાઈઓ જયંતીભાઈ, શાનુભાઈ અને કનુભાઈ લોકભારતીના સ્નાતક થયેલા.

**(૫) શિક્ષણ અને વિસ્તરણનો અનુબંધ :**

રતિભાઈ વર્ગખંડમાં જે વિષય ભણાવતા હોય તેમાં ઓતપ્રોત થઈ જાય. વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરતા કરતા તેમને સતત સભાન રાખે. દરેક વિષયના સૈદ્ધાંતિક જ્ઞાનના પ્રત્યક્ષકાર્ય સાથે અનુબંધ કરવાનો. તેમનાથી પ્રભાવિત વિદ્યાર્થી, પ્રયોગશીલ ખેડૂત, ચિંતક અને લેખક હીરજી ભીંગરાડિયા નોંધે છે કે તે સમયે કૃષિની ઉત્પાદકતા વૃદ્ધિ માટે રાસાયણિક ખાતરના વપરાશની શરૂઆત થયેલી. વિદ્યાર્થીઓ તેમને અપાયેલી સાયકલ ઉપર સુપર ફોસ્ફેટ ખાતરની સેમ્પલ થેલીઓ લઈને ગામડે ગામડે જાય. ખેડૂતો પાસે વાવણી પૂર્વેના ચાસમાં ખાતર વવરાવવાનું. તેની અસરો, પરિણામો જાણવા-સમજવા, નિરીક્ષણ કરવા વિદ્યાર્થીઓએ સતત જવાનું. આ તમામ પ્રક્રિયામાં રતિભાઈ સાથે જ હોય. તેમનું સૂત્ર હતું ‘જાઓ નહીં, ચાલો.’

હજુ કૃષિ ક્ષેત્રમાં હરિયાળી ક્રાંતિ આવી નહોતી ત્યારે સણોસરા વિસ્તારમાં પાક પદ્ધતિ, ખેડ, નવા સુધારેલા બિયારણ, ખાતર, દવા, સિંચાઈ અને વેચાણ વગેરે માટે રતિભાઈએ માનદ માર્ગદર્શકની ભૂમિકા ભજવેલી. પશુઓનું દૂધઉત્પાદન વધારવા અને સંગઠીત બજાર વ્યવસ્થા માટે સણોસરામાં ગોપાલક સહકારી મંડળીની રચના કરાવી. જિલ્લા ગોપાલક સંઘના શ્રીગણેશ કર્યા. તેના મંત્રી થયા. શિક્ષણ અને ખેતીના વિસ્તરણ માટે પ્રારંભિત ભાલ સર્વોદય યોજનાના સ્થાપક, સંચાલક રહ્યા. તેમના વિશાળ અનુભવની નોંધ લઈને તેમને ભારત અમેરિકાના સંયુકત ઉપક્રમે ૧૯૫૮માં અમેરિકા જતા કૃષિ નિષ્ણાતોના રાષ્ટ્રીય ડેલિગેશનમાં સ્થાન મળેલું.

**(૬) વૈજ્ઞાનિક ખેડૂત, માર્ગદર્શક અને લેખક :**

૧૯૬૫માં લોકભારતીમાંથી તેઓ કારણોવશાત મુક્ત થયા પણ સંસ્થા સાથે છેક સુધી તેમનો અભિન્ન નાતો રહ્યો હતો. એક પત્રમાં તેમણે લખેલું; 'તમે સૌ આ કેમ્પસ પર ફરશો ત્યારે આ આંબા, ચીકુ, નાળીયેરી, તેના ખાડા, જમીન અને કૂવા એ બધાની વચ્ચે તમને કોઈ દેખાશે તો હું ધન્ય થઈશ.' દિલ્હી સ્થિત ઓફિસર્સ ટ્રેનિંગ સેન્ટરમાં પ્રિન્સિપાલ પદની માસિક રૂ. ૧૨૦૦/-ની તેમને દરખાસ્ત આવી પણ તેમનો આદર્શ હતો ગ્રામસેવા તેથી આ પદનો અસ્વીકાર કર્યો. સોનગઢ ગામે નાની વાડી ખરીદી. વૈજ્ઞાનિક ખેતી કરવા લાગ્યા. બારેમાસ કઈ રીતે ફળફળાદિનું ઉત્પાદન આવ્યા કરે, ક્યારે અને કેવી માવજત કરવી તેના સાર્થક પ્રયોગો કર્યા. અસંખ્ય ખેડૂતો તેમની પાસે ખેતી-બાગાયતના માર્ગદર્શન માટે આવવા લાગ્યા. ફૂલછાબ અખબારમાં 'ખેડ,ખાતર અને પાણી' સાપ્તાહિક કોલમમાં પોતાના અનુભવો પ્રસિદ્ધ કર્યા. અજિત માસિકમાં અનેક લેખો પ્રગટ કર્યા.

**(૭)રાજયકક્ષાએ યોગદાન :**

તેમની વહીવટી આવડત, કૌશલ્ય અને વિદ્વતા માત્ર નાનકડા એક વિસ્તાર પૂરતી મર્યાદિત ન રહે તે સરકારના ઉચ્ચ અધિકારીઓના ધ્યાનમાં હતું. તેથી તેમની ગુજરાત કૃષિ યુનિ.ના જૂનાગઢ કેમ્પસના માનદ્ નિયામક પદે નિમણૂક કરવામાં આવી. તેમણે આ કેમ્પસને સંગીન અને સ્થિર પાયા ઉપર મૂકી આપ્યું. ગુજરાત રાજય બીજનિગમના ચેરમેન થયા. ભ્રષ્ટાચારને લીધે લાખો રૂપિયાની ખોટ કરતા નિગમને પ્રામાણિકતા, પારદર્શકતાનો ઓપ આપીને તેને નફાકારક બનાવ્યું. ખેડૂતોને તાત્કાલીક વાજબીભાવે સુધારેલ બિયારણ મળી રહે તે માટે રાજયમાં નિગમના અનેક કેન્દ્રો શરૂ કરાવ્યાં. લોકભારતી સ્નાતકોની નિમણૂક કરી. ત્યાં વળી ગુજરાત કૃષિ યુનિ.ના મોભાદાર કુલપતિ પદ માટે લોભામણી ઓફર આવી. તેમણે અનિચ્છા વ્યકત કરી. સણોસરા ગામે હાઈસ્કૂલની શરૂઆત કરવામાં તેમની પહેલ. ટ્રસ્ટીમંડળના પ્રમુખ થયા. કોઈ પક્ષપાત વિના આચાર્ય અને શિક્ષકોની પસંદગી કરવાની.

**તેમના દૈવી ગુણો :**

રતિભાઈ, અંધારિયા નહીં અજવાળિયા બની શક્યા તેમના દૈવીગુણોને પરિણામે.

***૧. સરળતા :*** સૌ પ્રત્યે આદરપૂર્વકનો વ્યવહાર. દરેકની કાર્યપદ્ધતિ સમજીને કામ લેવાની અને પ્રસંશા કરવાની આવડત.

***૨. સત્યનિષ્ઠ :*** કોઈ જાતના દૂરાગ્રહથી દૂર પણ સત્ય કહેવાની હિંમત. સત્ય અને પ્રિય બેમાંથી કોઈ એકની પસંદગી કરવાની થાય તો તે સત્યની જ પસંદગી કરે

***૩. ઉદારતા :*** જાહેરજીવનમાં અનેક સંસ્થાઓ, લોકો સાથે મતભેદ થાય પણ કયારેય કોઈના વિશે જાહેરમાં કયારેય અણછાજતી ટીકા નહીં. દરેકના વિધાયક પાસાની જ નોંધ લેવાની.

***૪. નિઃસ્વાર્થ સેવા :*** બદલાની કોઈ અપેક્ષા વિના જ્ઞાતિ, જાતિ, ધર્મ કે પક્ષ કોઈ ભેદભાવથી દૂર સૌને શકય તેટલા ઉપયોગી થઈ રહેતા.

આશ્ચર્ય અને દુઃખની વાત એ છે કે ગ્રામપ્રજાની આજીવન સેવા કરનાર અજાતશત્રુ રતિભાઈની એમના કાર્યપ્રદેશ સોનગઢમાં જ હત્યા થઈ. ભગવાનની ઇચ્છા બળવાન. રતિભાઈ વ્હાલસોયા બાપુજી, બાપ્પી તરીકે તેમના સંતાનોને પરિણામની ચિંતા કર્યા વિના નિરંતર પુરુષાર્થ માટે પ્રેરણા આપેલી. ઈતરવાચનનો શોખ કેળવવા અને અપ્રામાણિક વ્યવહારનું કયારેય આચરણ ન કરવા સલાહ આપેલી. સંતાનોમાં એ સંસ્કાર ઉતર્યા હોય તેમ દેખાય છે. રતિભાઈ સદાય આપણને આત્મવિશ્વાસ, અધ્યયનશીલતા, સેવા અને સમર્પણનું બળ આપતા રહે એવું જીવન જીવી ગયા છે.

વિશેષ સંદર્ભ : પુરુષાર્થીનું પોત, સંપાદક : ડૉ. વિઠ્ઠભાઈ પટેલ, સુરેન્દ્રબાગ વગેરે. મો. ૯૪૨૬૪૬૧૦૯૦)

## ૦૫ ગીતાજીની અનાસક્તિ - ગાંધીજીની જીવનશક્તિ

**પારસકુમાર**

---

વિકટ સંજોગોમાં ગીતાએ જ ગાંધીને માર્ગ ચીંધ્યો. ગાંધીનો માર્ગ એટલે મોહ ત્યજીને યુગાવતાર મોહનને પામવાનો માર્ગ. ગાંધીજી નવલકથાના નહીં પણ જીવનકથાના નાયક છે. જીવનકથાના નાયકનો અંતરાત્મા ગાંડીવ બનીને રણકે ત્યારે જ સકળ લોકને અનાસક્તિયોગ મળે. અહિંસાનો પૂજારી ગીતાનો ભાવક બને ત્યારે જ જગતને અનાસક્તિ યોગ મળે. વિષાદમાં ડૂબેલાં અર્જુનને કૃષ્ણએ જે જે શીખ આપી તે શીખ મહાત્માએ પોતાના જીવનમાં વણી બતાવી. કૃષ્ણ જાણે અર્જુનને નહીં સ્વયં ગાંધીને ગીતા કહેતા હોય તેમ ગાંધી સતત ગીતાના ઉપદેશ પ્રમાણે જ જીવ્યા. ગાંધીજીએ જીવનભર જે આચર્યું તે જ લખ્યું, જે સ્વીકાર્યું તે જ વહેંચ્યું અને જે વખોડ્યું તે જ વીંધ્યું. ગોડસેની ગોળીથી નહીં પણ ગીતાના વિચારોથી વીંધાય તેનું નામ ગાંધી.

મહાત્માને મન ગીતાનો અનુવાદ એટલે કૃષ્ણએ ચિંધેલા જીવનનો ભાવાનુવાદ. ગાંધીજીનું જીવન જાણે નિરંતર યાત્રાનું ઉપવન. ગાંધીજીની જીવનયાત્રા એટલે કૃષ્ણએ પ્રયોજેલી ગીતાનો ગૂઢાર્થ જાણવાની જાત્રા. ગાંધીજી પોતાની યાત્રા દરમ્યાન પ્રતિદિન ગીતાના એકાદ બે શ્લોકનો અનુવાદ કરતાં. ૧૯૨૯માં ગાંધીજી હિમાલયના કૌસાની ગામે પહોંચ્યા અને ટીપે ટીપે થતાં અનુવાદની કૌસાનીમાં ધોધમાર રીતે પૂર્ણાહુતિ થઈ. માત્ર બે દિવસની કૌસાની ગામની મુલાકાતે આવેલા મહાત્મા વહેલી સવારે યોગ કરવા અતિથિગૃહમાંથી બહાર નીકળ્યા અને નજરોનજર નગાધિરાજ હિમાલયને નિહાળીને મંત્રમુગ્ધ થઈ ગયા. બે દિવસની ટૂંકી મુલાકાત ચૌદ દિવસમાં ફેરવાઈ ગઈ. બાપુની સાથે આવેલાં કસ્તુરબા, દેવદાસ ગાંધી, પ્રભુદાસ ગાંધી અને અંગ્રેજ શિષ્યા મીરાંબેન પણ કૌસાનીના સૌંદર્યમાં કૃતજ્ઞ થઈ ગયા. બાપુએ ગીતાના અનુવાદને હિમાલયની સાક્ષીએ 'અનાસક્તિયોગ' નામ આપ્યું અને ગીતા સાહિત્યમાં 'અનાસક્તિયોગ' શીર્ષક હિમાલયસમું બની ગયું. બાપુએ ઊંડી નિખાલસતા અને પૂરી પ્રસન્નતા સાથે અનુવાદની પ્રસ્તાવના પણ કૌસાનીમાં જ લખી. જે શત્રુ અને મિત્રમાં, માન અને અપમાનમાં, સુખ અને દુઃખમાં, નિષ્પાપ સમતા ધરાવે છે, જે નિંદા અને સ્તુતિમાં નિરંતર રીતે સરખો રહે છે, જે સ્થિર છે અને જે સ્થિતપ્રજ્ઞ છે, જેણે આસક્તિ છોડી દીધી છે, તે દક્ષ યોગી જ અનાસક્તયોગી છે.

ગીતાજીની અનાસક્તિ એટલે જ ગાંધીજીની જીવનશક્તિ. હિમાલયનું કૌસાની ગામ કાલચક્રના બે ભાગમાં વહેચાયેલું છે. ગાંધી વસવાટ પહેલાનું કૌસાની ગામ અને ગાંધીએ કૌસાનીમાં વસવાટ કર્યો તે પછીનું કૌસાની ગામ. કૌસાની ગામને આજે અનાસક્તિનું ધામ અને ભારતનું સ્વિઝરલેન્ડ ગણવામાં આવે છે. ગાંધીજી કૌસાનીને શ્વાસોશ્વાસના સ્વામીનું ઘર ગણે છે. મહાત્માએ જે જગ્યાએ ગીતાના અનુવાદને 'અનાસક્તિયોગ' નામ આપ્યું તે જગ્યાને આજે 'અનાસક્તિ આશ્રમ' તરીકે ઓળખવામાં આવે છે. અનાસક્તિ આશ્રમના આંગણેથી હિમાલયને નીરખવા પહોંચતા યુવાનોનું ઝુંડ નાનું નથી. ગાંધીને શ્વાસોશ્વાસના સ્વામી ગણનાર લોકો પણ લઘુમતીમાં નથી. ગાંધીજીએ કૌસાનીથી મહાદેવભાઈ દેસાઈને લખેલો પત્ર તો વાંચોઃ 'મેં હિમાલય કી ગોદ મેં બેઠા હું, ઔર યહ ઋષિરાજ અપને શ્વેત વસ્ત્ર પહને હુએ સૂર્યસ્નાન કરતે કરતે આનંદ મેં લીન હૈ. ઉસકી સમાધિ દ્વેષ કે યોગ્ય હૈ, ઇસ દ્વેષ મેં ભાગ લેને કે લીએ તુમ યહાં નહીં હો, યહ બાત ખટકતી હૈ. કિન્તુ તુમ્હારા સ્થાન વહાં હૈ, ઈસલિએ ઇસકા દુઃખ કુછ કમ હો જાતા હૈ.

આજ સે ગીતા કે અધૂરે કામ કી સમાપ્તિ કા આરંભ કરનેવાલા હું.'

ગાંધીજી ગીતાને હાથમાં રાખીને અહિંસાના પાઠ શીખવે છે અને અર્જુન એ જ ગીતા સાંભળીને યુદ્ધમાં વિનાશ વેરે છે. આપણે ગીતાનો મર્મ અર્જુન પાસેથી પામવો કે ગાંધી પાસેથી શીખવો? ગીતાનું જ્ઞાનક્ષેત્ર એક જ છે છતાં અર્જુનનું કર્મક્ષેત્ર અને ગાંધીનું જીવનક્ષેત્ર એકમેકથી ભિન્ન છે. ગીતા જુદા જુદા લોકોને જુદી જુદી રીતે આકર્ષે છે. ગીતાના પ્રત્યેક શ્લોકનો પ્રત્યેક વ્યક્તિ માટે રંગ જુદો છે. કૃષ્ણ જેમ સૌને ખેંચે છે, તેમ કૃષ્ણએ પ્રયોજેલી ગીતા પણ સૌને પોતાની તરફ ખેંચે છે. હિંસા કે અહિંસા નહીં પણ કર્તવ્ય કરવા પ્રેરે તેનું નામ ગીતા. ભગવાન કૃષ્ણએ ગીતામાં ક્યાંય હિંસા કે અહિંસાનો પ્રચાર કર્યો જ નથી કૃષ્ણએ અર્જુન પાસે માત્ર ક્ષત્રિય ધર્મનું પાલન કરવાનો આગ્રહ જ રાખ્યો છે. સર્વલોકમહેશ્વર કૃષ્ણ નથી યુદ્ધના સમર્થક કે નથી યુદ્ધના વિરોધી. કૃષ્ણ તો જીવનમાં આવી પડેલાં વિકટ સંજોગોનો સ્વીકાર કરીને ત્વરિત પ્રતિક્રિયા આપનાર અનુરાગી જીવના પક્ષે રહેનાર મહાત્મા છે. ગીતા માનવકર્તવ્યનું ગીત છે. સંજોગોવશાત આ કર્તવ્ય ગીત એક એવા યોદ્ધાને સંભળાવવામાં આવ્યું, જેના માટે લડવું જ ધર્મ છે. લડાઈ જ યોદ્ધાનું કર્મ છે. ગાંધી યુદ્ધના મેદાનમાં લડનારા સૈનિક નહોતા, ગાંધી તો શાંતિ અને સત્યનો જયઘોષ કરનારા મહાત્મા હતા. લડવું એ કૃષ્ણ ચીંધ્યો માર્ગ છે. ગીતા સાંભળીને અર્જુન સ્વજનો સામે લડ્યો અને ગાંધીબાપુ અહિંસાના માર્ગે લડ્યાં. યુગાવતાર મોહન જ મોહને વગાડેલી વાંસળીને અંકુરિત કરતાં કહી શકે કે, 'કર્મ છોડે તે પડે અને કર્મ કરતો છતાં તેના ફળ છોડે તે ચડે.'

ગાંધી પ્રલોભન ભૂલીને ગીતાના માર્ગે દોડવાનું કહે છે. ગાંધીની નજરે ગીતાનો માર્ગ એટલે અહિંસાનો માર્ગ નહીં પણ સત્યથી ભરેલા ધર્મનો માર્ગ. ગાંધીને ગીતા ગમે છે. કેમ કે,ગાંધીને કૃષ્ણનું સત્ય ગમે છે. કૃષ્ણના સત્યમાં સંભવામિ યુગે યુગેનો નિવાસ છે. કૃષ્ણ અહિંસાને આદરણીય ગણે છે પણ અંતિમ નથી ગણતા. ગાંધીની નજરે ગીતા એટલે અધ્યાત્મ નિર્માણનું નહીં,પણ સમાજ નિર્માણનું શાસ્ત્ર. ગાંધીજી ગીતામાતાના ખોળામાંથી સત્યાગ્રહી બનવાનો ગર્ભિત અર્થ પામ્યા અને સમાજશાસ્ત્રની દૃષ્ટીએ પ્રથમવાર ગીતાનું જીવનલક્ષી વિશ્લેષણ કરીને બહાર આવ્યા. વિકટ સંજોગોમાં ગીતાએ જ ગાંધીને માર્ગ ચીંધ્યો.

ગીતામાં અહિંસા છે પણ અહિંસાનો જયઘોષ કૃષ્ણના મિજાજમાં રજૂ થયો છે. વિકટ સંજોગોમાં સંકટના માર્ગે ન વળાવે તે કૃષ્ણની અહિંસા. પરિણામે ગીતા ગાંધીબાપુ માટે છપ્પન ભોગ સમી બની રહી. અહિંસાનો પૂજારી ગીતાનો ભાવક બને ત્યારે જગતને અનાસક્તિયોગ મળે. રામ પૂર્ણવિરામ છે જયારે કૃષ્ણ અલ્પવિરામ છે. રામ આસક્ત છે, જયારે કૃષ્ણ અનાસક્ત છે. કૃષ્ણ લોભ, મોહ, માન, સન્માન અને અપમાનથી મુક્ત છે માટે અનાસક્ત છે. સીતાહરણ વખતે અરણ્યરુદન કરનારા ભગવાન રામ ક્ષણ પૂરતા આસક્ત છે. રામ મનોહર લોહિયા ગાંધીબાપુને 'રામના વંશજ' ગણાવે છે. પણ બાપુ પોતાને ગીતાના માર્ગે જીવી જાણનાર અનાસક્ત જીવના અનુજ ગણાવે છે. આઝાદીની ચળવળમાં અહિંસાના અજવાળે ઝળહળતો બાપુનો અનાસક્તિયોગ સઘળા લોકોને જોવા મળ્યો પણ ભાગલા પછી બાપુએ મુસલમાનો પ્રત્યે જે ઉદારતા દાખવી તે ઉદારતામાં હિન્દુઓને ગીતાનો અનાસક્તિયોગ દેખાયો નહીં. મહાત્માની ભૂલ મુઠ્ઠી જેવડી કેવી રીતે હોઈ શકે ? છેવટે તો બાપુ પણ ભૂલથી ભરેલા મહાત્મા હતા, ભૂલમાંથી ભલાઈ ઉગાડનારા કૃષ્ણાત્મા નહોતા.

જે માણસ ગીતા સાથે પ્રમાણિકતા કેળવી શકે તે માણસ મહાત્માને ક્યારેય અવગણી ના શકે. કૃષ્ણએ ગીતામાં પ્રયોજેલી અહિંસાનો અભ્યાસ ગાંધીજી જેવા કોઈ તપસ્વી જીવ જ કરી શકે. કૃષ્ણ અહિંસાને શરીરની તપસ્યા ગણાવે છે. મહાત્માએ ગીતાને માતાનો દરજ્જો આપીને પોતાના જીવતરનો મોભો જાળવી લીધો. ગાંધીએ કૃષ્ણની અહિંસામાં શ્રદ્ધા કેળવવા ગીતાનો અનુવાદ નથી કર્યો, પણ ગાંધીએ તો કર્તવ્યની કૃતજ્ઞતાનો જય જયકાર કરવા ગીતાનો અનુવાદ કર્યો છે. બાપુનું બોખું સ્મિત જાણે કૃષ્ણનું

જીવનસંગીત.

ગીતા કૃષ્ણએ ચિંધેલા સત્યને નહીં પણ ધર્મને ખાતર પોતે પ્રાપ્ત કરેલા સત્યને વળગી રહેવાનો સંદેશ આપતું ગીત છે. કૃષ્ણ રાગી કે વિતરાગી નહીં પણ અનુરાગી છે. મહાત્મા સત્ય અને અહિંસાના માર્ગી છે. મહાત્માને અન્યાય કરવાનો ભ્રમ સેવીને જીવતા લોકો વાસ્તવમાં માનવતાને અન્યાય કરીને જીવતી પ્રજાતિના વંશજ છે. સત્ય અને અહિંસાની કડીને સમજુ લોકો ગાંધીની લાકડી કહે છે. ગાંધીની લાકડીને કોઈ નામ નહોતું. ગાંધીની લાકડી પર ગાંધીને ગમતો કોઈ મંત્ર કંડારવો હોય તો 'અનાસક્તિયોગ'ને જરૂર અલંકૃત કરી શકાય. ગાંધીને લાકડીનો ટેકો હતો કે સ્વયં લાકડીને ગાંધીનો ટેકો હતો ? ગાંધીને ટેકો કોણ આપી શકે ? ગાંધીને માત્ર સત્ય અને અહિંસા જ ટેકો આપી શકે. બાપુને ગોળી વાગી ત્યારે બાપુનો નશ્વર દેહ તો પળવારમાં ધરાતલ પર ઢળી પડ્યો પણ જે ધરા પર ઢળ્યા વિના અમર થઈ ગયો તે અહિંસાનો દેહ.

મો ૯૮૨૫૯ ૯૬૫૩૯

નઈ-તાલીમ માનવીય સંબંધોનું પ્રેમભર્યું, મૈત્રીભર્યું, સહકારયુકત સ્વરૂપ રચવા તાકે છે. મનુભાઈ પંચોળી- 'દર્શક' કહેતાઃ 'વિદ્યાર્થીના હૃદયને આર્દ્ર, તેજસ્વી, હાથપગ મજબૂત- કાર્યતત્પર કરવા હોય તો શિક્ષકો કરુણાવાન, જ્ઞાનવાન અને પરિશ્રમી જોઈએ. સંસ્થાઓ નિષ્ઠાવાન કાર્યકરોના આધારે જ ચાલી શકે. ઘણી વખત સંસ્થા માટે પહેલાં મકાનો બંધાય, સરસ સુવિદ્યાઓ- વ્યવસ્થાઓ ઊભી થાય અને પછી માણસ શોધવા નીકળે ! સારા કાર્યકરો ન મળે તો મકાનો-સુવિદ્યા શા કામના ?'

નાનાભાઈ અત્યંત જાગૃતપુરુષ હતા. સંસ્થાના શીલ-ચારિત્ર્ય પરત્વે દૃઢ હતા તેઓ માનતાઃ 'ચારિત્રના જે નિયમો વ્યકિતને લાગુ પડે છે તે જ નિયમો સંસ્થાને લાગુ પડે છે. જો કાળાંબજાર કરવાં એ મારા ચારિત્રમાં દોષ ગણાય તો સંસ્થાના ચારિત્રમાં તે દોષ જ ગણવો જોઈએ... સંસ્થાઓ કટોકટીના પ્રસંગે પણ પોતાના ધ્યેયને ટકાવીને માથું ટટ્ટાર રાખવું તે સંસ્થાના ચારિત્રનું લક્ષણ છે... કોઈપણ સંસ્થાને ચારિત્રવાન બનાવવી હોય તો સૌથી પહેલી શરત એ છે કે સંસ્થાના સંચાલકોનાં જીવન શુદ્ધ હોવા જોઈએ. સંસ્થાના આવા દેહનું એક આવશ્યક લક્ષણ એ હોવું જોઈએ કે દેહમાં રહેલાં તમામ નાનાંમોટાં અંગો એકબીજાની સાથે જીવંત સંબંધથી બંધાયેલા હોય. મનુષ્ય શરીરની માફક સંસ્થાઓમાં પણ ઝેર જન્મે છે. આવા ઝેરોને બહાર ફેંકી દેવાની શકિત શરીરમાં હોય ત્યાં સુધી એ શરીર તંદુરસ્ત રહે છે અને એ શકિત ન હોય ત્યારે માણસ માંદો પડે છે.' નાનાભાઈ ભટ્ટ એ પણ કહેતા, 'સંસ્થાની પણ એક જાતની મોહજાળ હોય છે. એ મોહજાળથી પર રહેવાનો પ્રયત્ન કર્યા કરું છું અને સ્વાર્થ તેમ જ પરમાર્થ એ બંને વળોટીને પરમઅર્થની ભૂમિકામાં કેમ પહોંચાય તે માટે નિરંતર વિચાર કરું છું.'

જયાં આવી જાગૃત ચેતના વ્યાપી હોય તે સંસ્થાનું સ્વરૂપ અલગ જ બને છે. આંબલાનો કાર્યભાર છોડતી વખતે મનુભાઈએ સાથીઓને પત્ર લખેલો, તેમાં તેમણે ખાસ લખેલું:

'તમે કામનો વ્યાપ ન કરશો. વ્યાપની દૃષ્ટિએ જેટલું છે તેટલું જ રાખશો,પણ આપણી વિશિષ્ટતાઓ અને પ્રયોગદૃષ્ટિ વિકસાવશો.'

સાભારઃ પુસ્તકઃ ગ્રામદક્ષિણામૂર્તિ- રમેશ સંઘવી

## ૦૬ કથા આશા વિકાસની : ભાગ-૧૪ જાહેર કાર્યક્રમ અને બીજી અભિનય શિબિરો

**બિંદુ - પાર્થેશ**

---

આજના આધારે આવતી કાલ માટે જરૂરી ફેરફાર નક્કી થતાં. તે માટે જરૂરી કાર્યવાહી કરવાની જવાબદારી સૌ જાતે લેતા. સ્વરૂપબહેન તો એક મહિનો તૈયારી કરીને જ આવેલાં. તેમ છતાં એ આયોજન બેઠકમાં બેસતા. જરૂરી સૂચનો કરતા.આ રીતે નવ દિવસ પસાર થયા. નવ દિવસ મુલાકાતીઓ આ નવા પ્રકારની શિબિર જોવા, મિસ ઈન્ડિયાને જોવા આવતા. આવનાર સંતોષ અને અચરજથી ભર્યા ભર્યા પાછા જતા. નાટ્યશિબિરના દસમાં એટલે કે અંતિમ દિવસની સવાર પડી...

તું દારૂડિયો, તારો બાપો દારૂડિયો, તારું આખું ખાનદાન દારૂડિયું... સ્વરૂપબહેન મોટેથી ગુસ્સામાં બોલી રહ્યા હતાં. આશા અને તેની સહપાઠી નાટક માટે જરૂરી 'પ્રોપર્ટીઝ' તૈયાર કરી રહ્યાં હતાં. તેઓ કામ પડતું મૂકી સ્ટેજ તરફ દોડી ગયાં. સ્વરૂપબહેન કમરે હાથ દઈ ગુસ્સામાં બોલી રહ્યાં હતાં. અચાનક અટકીને કહે, 'આ રીતે ગુસ્સો કરી બોલ.' આશા કહે ઓહ, તો આ નાટક માટે પ્રેકટ્સિ કરે છે ! મને તો થયું કે, શું થયું ? બધા ખડખડાટ હસી પડ્યાં. આશાએ આજે કેળવણીકાર સ્વરૂપબહેનમાં કલાકાર સ્વરૂપબહેનને જોયા. આમ પણ સ્વરૂપબહેન આશા માટે વિશેષ લાગણી રાખતા. બપોર સુધી શિબિરાર્થીઓ સ્ટેજ પર પ્રેકટ્સિ કરે પછી મંચ સજ્જા શરૂ થતી. સ્ટેજ બનાવતી વખતે મિસ ઈન્ડિયાએ પણ માટીના તગારા સાથોસાથ ઊંચક્યાં હતાં ! જોનારના આંખ અને મોઢા ફાટી જતાં.

સ્ટેજ પર જમણી બાજુ એક ઘર બન્યું. ડાબી બાજુ ઝાડ, ઓટલો, ઢોળાવ પર મંદિર. વિવિધ કટાઉટ્સ તૈયાર થઈ ગયા. શિબિરાર્થીઓ જમીને વાચિકમ્ કરી રહ્યાં હતાં. ચાર,પાંચ વાગે મહેમાનો આવવા લાગ્યા. વાલીઓ, ગ્રામજનો, મિત્રો, સરકારી અધિકારીઓ, વેપારીઓ, આશા - વિકાસના સ્નેહીઓ આવતાં ગયાં તેમ તેમ બધું નિરખવા લાગ્યા. શિબિરાર્થીને ભરપેટ ગરમ નાસ્તો કરાવી દેવાયો. કારણકે રાતનું વાળું મોડું મળવાનું હતું. સૂરજ બધું જોતો જોતો પશ્ચિમમાં કમને સરક્યો.અંધારા ઉતરવાં લાગ્યા. દર્શકો પોતાને યોગ્ય લાગ્યું તે સ્થાને બેસવા લાગ્યાં. બરાબર આઠ વાગે સ્ટેજ ઝળહળી ઊઠ્યું. સ્ટેજ પર કલાકારોએ પ્રાર્થના શરૂ કરી. વિકાસે દર્શકોને આવકાર્યા અને પછી નાટક શરૂ થયું. આ વખતે શિબિરનો વિષય હતો 'પર્યાવરણના પ્રશ્નો'. એક પછી એક દશ્ય ભજવાતાં ગયાં.

નવ દિવસની પ્રક્રિયાના અંતે તૈયાર થયેલ આખું નાટક દરેક શિબિરાર્થીને બરાબર યાદ રહી ગયું હતું. સંવાદો ગોખવાની જરૂર જ ન પડી. કલાકારો અને મંચ સજ્જા બંનેએ રંગ રાખી દીધો. નાટક પૂરું થયું, ભાવ પ્રતિભાવ રજૂ થયો. હવે બધાએ ભેળ ખાઈ છુટ્ટા પડવાનું હતું. ધાર્યા કરતાં દર્શકો ઘણાં વધારે આવેલાં. ભેળનો જથ્થો છેક જ ખૂટી પડે તેમ હતો. સંસ્થાના કુશળ રસોઈયાએ પોતાની ભૂમિકા બરાબર ભજવી. રાતે દુકાનો ખોલાવી મમરા, સેવ, ટામેટા, ડુંગળી કઢાવ્યા. બાફેલા બટાકા ખૂટ્યા તો તળી તળીને આપ્યા. રંગે ચંગે એ પણ પૂરું થયું.

રાત્રે મોડે સુધી શિબિર પરિવાર વાતો કરતો બેઠો. બીજે દિવસે ઢગલો સંભારણા સાથે મિસ ઇન્ડિયા મુંબઈ પરત ફર્યા. આ દસ દિવસની અભૂતપૂર્વ કહી શકાય તેવી શિબિર માટે સ્વરૂપબહેને એક પણ રૂપિયો નહોતો લીધો. વિમાનનું ભાડું પણ પોતે ખર્ચીને આવેલાં. વિકાસની દઢ

માન્યતા હતી કે બાળકોને મફતમાં તો કશું ન આપવું. તેથી જે બાળકો જાતે કમાઈ ફી ભરે તેની ફી અડધી જ લેવાની. જે બાળકો વાલીના પૈસે ફી ભરે તેની ફી ડબ્બલ રાખેલ. પણ ફીના પૈસા તો ખર્ચ સામે બહુ ઓછા પડે તેમ હતા. ત્યારે વૈભવકુમાર એન.પંડિતે ખર્ચ ઉપાડી લીધો. મુંબઈ પહોંચ્યા પછી બીજા દિવસે સ્વરૂપબહેનનો આશા પર ફોન આવ્યો કે, આશા, આપણી નાનકી હેતલ મારા ખોળામાં રમતી એ અહીં મિસ થાય છે. મારા છોકરાં તો મોટાં થઈ ગયાં છે. હવે કોને ખોળામાં લઈ રમાડું ? આશાને પણ સ્વરૂપબહેન વગર સારું લાગતું નહોતું. થતું હતું કે હવે આવા દિવસો ફરી ક્યારેય નહીં આવે.

બે દિવસ પછી ફરી સ્વરૂપબહેનનો ફોન આવ્યો. આશા..... તને ખબર છે ? પરેશે (પતિ/અભિનેતા પરેશ રાવળ) આવતાં વર્ષે પણ અભિનય શિબિર કરવાની છૂટ આપી!!! આશા તો સાંભળી અવાક્ થઈ ગઈ. પછીના વર્ષે આશાની શાળામાં શિબિર થઈ. તેમાં સામાજિક પ્રશ્નો પર શિબિર થઈ. બાળકો નવ દિવસ જે સમજ્યા તે દસમાં દિવસે ગામ સામે નાટક દ્વારા રજૂ થયું. દર્શકો પણ વિચારતા થઈ ગયા. દરેક શિબિરમાં સ્વરૂપબહેન મૂલ્યશિક્ષણની અમૂલ્ય શિબિર વિનામૂલ્યે કરતાં. વૈભવ પંડિત પણ દર વર્ષે આર્થિક સહાય કરે. બાળકોમાં આપ કમાણી કરી ફી ભરનારાંની સંખ્યા વધતી ગઈ. હવે તો દિવાળી વેકેશન પડે એ પહેલાં આશા અને વિકાસ પર આ શિબિરમાં જોડાવવા માટે ફોન આવવા લાગ્યા.

ત્રીજી શિબિર મધુવન સેવા સંકુલમાં થઈ. જેનો વિષય હતો 'લાગણીઓ' વિવિધ લાગણીઓને સમજવી, વ્યક્ત કરવી, જરૂર પડ્યે અપ્રગટ રાખવી, બે લાગણીઓ સાથે અનુભવવી. આવું તો કેટલું- બધું જાણતાં થયાં. ચોથી શિબિર આશાની શાળામાં થઈ, વિષય હતોઃ 'આઝાદી' વિવિધ દેશની આઝાદીની ચળવળ વિશે વાત થઈ, ગુલામ હોવું એટલે શું તેનો તો બરાબર અનુભવ અપાયો. અમદાવાદ સાબરમતી આશ્રમની મુલાકાત લીધી, સ્વાતંત્ર સેનાની એવા યશવંતભાઈ ત્રિવેદીની મુલાકાત લીધી. આશાનું ધ્યાન પડ્યું કે સ્વરૂપબહેન નવ દિવસની પ્રક્રિયામાં કે છેલ્લા દિવસના કાર્યક્રમમાં ક્યાંય અભિનય પર ભાર ન આપતા. ન મેકઅપ પર. ન વેશભૂષા પર. ન મંચ સજ્જા પર. ન સંગીત પર. માત્ર બાળકોના વ્યવહાર અને શિબિરના વિષય પર જ ભાર મૂકે. એ દરમિયાન સ્કીલ ઇન્ડિયાનો વિચાર સરકાર તરફથી મૂકાયો. ડૉ. સ્વરૂપે તે અંતર્ગત શિબિરાર્થીઓને કોઈ સ્કીલ શીખવવાનું નક્કી કર્યું. સ્કીલ નક્કી થઈ 'ફિલ્મ મેકીંગ' અને શિબિરનો વિષય નક્કી થયો 'વચન પાલન' એક તરફ ફિલ્મ બનાવવા માટે તે ક્ષેત્રના માણસોની શોધ ચાલી. બીજી તરફ 'ધ પ્રોમિસ ' વિષય માટે તૈયારીઓ ચાલી.

શિબિર શરૂ થઈ. કેમેરા, એંગલ, ફ્રેમ, સ્ટીલ ફોટોગ્રાફી, દિગ્દર્શન, સ્ટોરી બોર્ડ, આઉટડૉર શૂટિંગ, લોકેશન, સ્ક્રિપ્ટ લેખન, એડીટિંગ વગેરે વગેરે વગેરે જેવા શબ્દોથી શાળા કેમ્પસ અને શિબિરાર્થીના મગજ ધમધમવા લાગ્યા. લર્નિંગ ડીસએબિલિટીના કારણે 'ઠોઠ' ગણાતા કરણ અને આશિષ સ્ટીલ ફોટોગ્રાફી માટે સૌથી સારા સાબિત થયા. લવાડનો તોફાની અનિરુદ્ધ સાઈલેંટ..... કેમેરા રોલિંગ..... એક્શન બોલી સૌને ચૂપ કરાવવા લાગ્યો. એડિટર બનેલા ચાર,પાંચ તો આખી રાત જાગ્યા. બહુ પ્રચલિત એવી 'વાંસળીવાળો ' વાર્તામાં - નગરમાં વધી ગયેલા ઉંદરને ભગાડે પણ ગામવાળા પ્રોમિસ કરેલા પૈસા ન આપે પરિણામે વાંસળીવાળો નગરના તમામ બાળકોને લઈને જતો રહે..... બાળકોને પ્રોમિસ - વચનની મહત્તા સમજાવવા આ વાર્તા પર કામ થયું અને છેલ્લે દિવસે એ ફિલ્મ - મેકિંગ ઓફ ફિલ્મ બતાવવામાં આવ્યું. આટલાં ઓછા સમયમાં આટલું બધું કામ! પણ મિસ ઈન્ડિયા અને

તેની ટીમે કરી બતાવ્યું.

આ તમામ શિબિરના બે અગત્યના પાસાઓ હતા. એક અભિનય અને બીજું સમૂહજીવન. અભિનયનું આખું પાસું સ્વરૂપબહેન અને તેની સાથે નિમાબહેન બંને સંભાળે. નિમાબહેન આમ તો એક શાળાના આચાર્ય. પણ આશા અને વિકાસ માટે તો 'નિમા' જ. નિમાનું વ્યક્તિત્વ જ એવું કે તે સ્વરૂપબહેનના માત્ર કહેલાં જ નહીં પણ વિચારેલા મુદ્દાઓ પણ સમજી શકે. જ્યારે ગૃહનું પાસું આશા અને વિકાસની જવાબદારી.

જેટલી પણ અભિનય શિબિર ડૉ. સ્વરૂપબહેને કરી એ તમામ અદ્‌ભુત હતી. દસ દિવસ ગામડામાં રહી, ગામડાના બાળકો સાથે કામ કરવું એ પણ એક મિસ ઈન્ડિયાનો ખિતાબ જીત્યો હોય તેવી વ્યક્તિ ! વાચકને માન્યામાં આવશે કે કેમ તે શંકા છે.

ક્રમશઃ

મો.૯૪૨૮૦૦૦૫૪૧

**રવિશંકર મહારાજના મુખેથી...**

રતુભાઈ અદાણી : 'તમે પગમાં કંઈ પહેરતા નથી. અમે તમને ઉઘાડા પગે જ જોઈએ છીએ. પહેલાં તો તમે પગમાં કંઈક પહેરતા હશો ? તો પગરખાંનો કયારથી ? શા માટે ત્યાગ કર્યો એ કહેશો ?'

રવિશંકર મહારાજ : 'પહેલાં હું પગરખાં પહેરતો હતો, પણ એક સામાન્ય પ્રસંગ બની ગયો અને પગરખાં છૂટી ગયાં. એને ત્યાગ કહીએ તો મિથ્યાભિમાન કહેવાય' દાદાએ વિગત અને વાત ટાળવા પ્રયત્ન કર્યો. 'જેને કારણે પગરખાં છૂટી ગયા એ સામાન્ય પ્રસંગ અમારે સાંભળવો છે.' અમે કહ્યું.

રવિશંકર મહારાજ : 'પ્રસંગ તો બહુ નાનો અને સામાન્ય છે. હું પગરખાં પહેરતો ત્યારે બજારમાં જઈને તૈયાર જોડા કે બુટ ખરીદવાનો રિવાજ નહોતો. ગામના મોચી પાસે જઈને પરમાણું નંખાવી આવું. પાંચ-પંદર દિવસે મોચીને ત્યાં પગરખાં તૈયાર થઈ જાય એટલે લાવીને એને સારી પેઠે તેલ ચોપડી - કહો ને કે તેલમાં નવરાવી - થોડા દિવસ રાખી મૂકું. જોડા સુંવાળા માખણ જેવા થઈ જાય. એક વખત પગારખાંની નવી નવી અને સુંવાળી જોડ પહેરીને હું જે વેપારીને ત્યાં નોકરી કરતો હતો એ વેપારીની દુકાને ગયો. દુકાનની બહાર પગથિયાં નીચે જોડા ઉતારીને દુકાનમાં જવાનો રિવાજ. હું નવાં જોડા ઉતારી દુકાનમાં જઈ કામે લાગી ગયો. સાંજે ઘેર જવા ટાણે દુકાનમાંથી નીચે ઊતરી, પગથિયાં નીચે જોઉં છું તો મારા જોડા જ ન મળે. તપાસ કરી પણ પત્તો ન લાગ્યો. મોચી પાસે સિવડાવેલા નવા નકોર અને તેલમાં નવરાવીને માખણ જેવા કરેલા સુંવાળા જોડા ઉપડી ગયા એટલે ઘડીભર તો લાગી આવ્યું. ત્યાંને ત્યાં થંભી ગયો. પણ પછી વિચાર આવ્યો કે જેને જરૂર હશે એ જ મારા જોડા ઉપાડી ગયો હશે. હું ફરી નવા જોડા સિવડાવીને પહેરીશ અને ફરી ઉપડી નહીં જાય એની શી ખાતરી ? આપણે જોડા પહેરીએ તો ચોરાવાનો ભય અને સાચવવાની ઉપાધિ. જોડા ચોરાય એટલે જીવ બળે એ વધારામાં. જોડા જ ન પહેરીએ તો આવી કોઈ ઉપાધિ કે બળતરા તો નહીં. બસ ત્યાં ને ત્યાં જોડા ન પહેરવાનો સંકલ્પ થઈ ગયો. ત્યાર પછી જોડાનો ખપ જ પડયો નથી.'

સાભાર

પુસ્તકઃ 'સત્યાગ્રહના સમરાંગણમાં' ભાગ-૨, લેખકઃ રતુભાઈ અદાણી

## ૦૭ 'ગ્રીન પેમ્ફલેટ': ૨૬ વર્ષની ઉંમરે ગાંધીજીએ લખેલી એ પુસ્તિકા...

**સોનલ પરીખ**

મહાત્મા ગાંધીના જીવનનો જેમને આછો-પાતળો પરિચય પણ હોય તેઓ 'ગ્રીન પૅમ્ફલેટ'નું નામ જાણતા જ હોય. મોહનથી મહાત્મા સુધીની યાત્રાનું મંગલાચરણ કહી શકાય એવી આ પુસ્તિકાથી ગાંધીજીની પોલિટિકલ ફિલોસોફી પહેલી વાર દુનિયા સામે આવી. એ લખાઈ ત્યારે ગાંધીજી માત્ર ૨૬ વર્ષના હતા.

શું છે આ 'ગ્રીન પૅમ્ફલેટ' ? એ લખવાનું મન ગાંધીજીને શા માટે થયું ? એ સમજવા માટે થોડાં વર્ષ પાછળ જવું પડે. ૧૮૯૧માં ગાંધીજી બૅરિસ્ટર બનીને લંડનથી ભારત આવ્યા અને ૧૮૯૩માં દાદા અબ્દુલ્લા એન્ડ કંપની સાથે એક વર્ષનો કરાર કરી દક્ષિણ આફ્રિકા ગયા. ત્યારે દક્ષિણ આફ્રિકામાં ચાર સંસ્થાનોનો સમાવેશ થતોઃ નાતાલ, કેપ કૉલોની, ટ્રાન્સવાલ અને ઑરેન્જ ફ્રી સ્ટેટ. તેના કબજા માટે ડચ અને બ્રિટિશ વચ્ચે ઘર્ષણ ચાલ્યા કરતું. ગાંધીજીની આત્મકથામાં બોઅર યુદ્ધનો ઉલ્લેખ આવે છે તે આ ઘર્ષણની ચરમસીમા. આ યુદ્ધને અંતે આખું દક્ષિણ આફ્રિકા બ્રિટિશ સામ્રાજ્યનો ભાગ બન્યું.

અહીં ખેતી અને ખાણોમાં મજૂરોની જરૂર પડતી. ગોરાઓ મજૂરી કરે નહીં ને આફ્રિકનો સ્થિર વસવાટ કરે નહીં. તેથી દક્ષિણ આફ્રિકાની બ્રિટિશ સરકારે ભારતથી મજૂરો મંગાવ્યા. ૧૮૬૦ની સાલમાં ભારતથી મજૂરોનું પહેલું વહાણ આવ્યું. આ મજૂરો મુદત પૂરી થયે નવા કરાર કરી શકે, દેશમાં પાછા ફરી શકે અથવા અમુક જમીન મેળવી સ્વતંત્ર જીવન ગુજારી શકે એવી જોગવાઈ કરારમાં હતી. આ લોકો ભારતના ગરીબ, અલ્પશિક્ષિત પછાત વર્ગના હતા. એમની પાછળ ભારતથી વેપારીઓ આવી લાગ્યા.

આમ દક્ષિણ આફ્રિકામાં હિંદીઓના વસવાટની શરૂઆત થઈ. ડચ લોકોને તો પહેલેથી જ વિરોધ હતો, મહેનતુ ને કરકસરિયા ભારતીય વેપારીઓ બ્રિટિશ વેપારમાં હરીફો બન્યા ત્યારે બ્રિટિશ લોકો પણ વિરોધી બન્યા. એમણે નિયંત્રણો ને અંકુશો મૂકવા માંડ્યા. ભારતીય લોકોના અધિકારો છીનવાયા, તેમને અલગ વસવાટોમાં રહેવાની ફરજ પડી, અપમાન-માર-ગાળો રોજના બન્યાં, ગોરાઓ એમની સાથે મુસાફરી કરતાં સુગાય, હોટેલો-સ્વીમિંગ પુલોમાં પ્રવેશ નહીં, 'કુલી' શબ્દ તો છાપાં અને અદાલતોમાં પણ વપરાતો. ગોરા તોફાનીઓ 'મજા કરવા' હિંદીઓની દુકાનો બાળતાં અચકાતા નહીં. ધિક્કારને કાયદાનું રૂપ મળતાં વાર ન લાગી. ફરજિયાત પરવાના, રાતે બહાર નીકળવાની બંધી, એકમાંથી બીજા સંસ્થાનમાં જઈ ન શકે, મતાધિકાર રદ કર્યો. પ્રતિષ્ઠિત હિંદીઓને રહેવું અશક્ય થયું. ગાંધીજી દક્ષિણ આફ્રિકા આવ્યા ત્યારે ગોરાઓનો જુલમ ટોચે હતો. એક વર્ષ બાદ, પાછા જવાના આગલા દિવસે 'નાતાલ મરક્યુરી'માં 'ઈન્ડિયન ફ્રેન્ચાઈઝ' શીર્ષકથી ભારતીયો પાસેથી મતાધિકાર ખૂંચવી લેતા ખરડાના સમાચાર હતા. લોકોની વિનંતીથી ગાંધીજી ત્યાં રોકાયા, જનમત જાગૃત કર્યો, નાતાલ ઈંડિયન કૉંગ્રેસની સ્થાપના કરી. મતાધિકાર માટે કામ કરતાં અન્ય પ્રશ્નો પણ સામે આવ્યા તેથી સત્ય અને અહિંસાના માર્ગે ન્યાય મેળવવાનો આગ્રહ રાખતી એમની લડત શરૂ થઈ.

એ જ વર્ષે ટૉલ્સટોયની 'ધ કિંગ્ડમ ઑફ ગૉડ ઈઝ વિધિન યુ' વાંચી અહિંસાની અનિવાર્યતા મનમાં સ્થિર થઈ. દક્ષિણ આફ્રિકામાં રોકાણ લાંબું થશે એમ લાગતાં તેઓ ૧૯૮૬ના મે મહિનામાં કુટુંબને લેવા ભારત આવ્યા. દક્ષિણ આફ્રિકાના આગેવાનોએ ગાંધીજીને વિનંતી કરી કે તેઓ ભારતની પ્રજા અને શાસકોનું ધ્યાન દક્ષિણ આફ્રિકામાં વસતા ભારતીયોની દુર્દશા તરફ દોરે. પાંચમી જૂને ગાંધીજી

નીકળ્યા. નીકળવાના આગલા દિવસે 'નાતાલ એડવર્ટાઈઝર'ના સંવાદદાતાએ એમની મુલાકાત લીધી. 'મિ. ગાંધી, કૉંગ્રેસનો ભાવિ કાર્યક્રમ શો છે ?'

'તેને કોઈ રાજનૈતિક પ્રભાવ પાડવો નથી. એનો ઉદ્દેશ એટલી જ ખાતરી મેળવવાનો છે કે ૧૮૫૮ના ઢંઢેરામાં આપવામાં આવેલાં વચનો પાળવામાં આવે. કૉંગ્રેસ અહીં, ભારતમાં ને ઈંગ્લેન્ડમાં સાહિત્ય પ્રગટ કરીને અને અખબારોમાં લખીને ભારતીયોની ફરિયાદો બહાર લાવવાનું ને એના પ્રચાર માટે ફાળો ઉઘરાવવાનું ચાલુ રાખશે. સાથે રંગ અંગેનો ભેદભાવ દાખલ કરવાના કોઈપણ પ્રયાસનો વિરોધ કરશે.'

પાંચમી જૂને આ અહેવાલ પ્રગટ થયો. તે જ દિવસે ગાંધીજી ભારત આવવા નીકળ્યા હતા. ૯ જુલાઈએ તેઓ રાજકોટ પહોંચ્યા. ઝડપથી ઘર, ઑફિસમાં ફેરવાઈ ગયું. એક મહિનામાં ૪૪ પાનાંની પુસ્તિકા તૈયાર થઈ ગઈ. નામ હતું 'ધ ગ્રિવન્સિઝ ઑફ ધ બ્રિટિશ ઈન્ડિયન્સ ઈન સાઉથ આફ્રિકાઃ એન અપીલ ટુ ધ ઈન્ડિયન પબ્લિક'. રંગ લીલો એટલે ગ્રીન પેમ્ફલેટ-લીલું ચોપાનિયું કહેવાયું. એના લખાણમાં ચોકસાઈ, તટસ્થતા, અભ્યાસ, નિરીક્ષણ અને સરળ ભાષા દેખાય છે. તેની ૪૦૦૦ નકલ છપાવી એમણે ભારતના અગ્રણીઓને પોતાના ખર્ચે મોકલી. પછી પોતે મુંબઈ, પૂના, મદ્રાસ, કલકત્તા વગેરે સ્થળે જઈ, સભાઓ ભરી, ભાષણો આપ્યા, ચર્ચાઓ કરી, લેખો લખ્યા. અત્યાર સુધી ભારતના લોકો દક્ષિણ ભારતની સ્થિતિ અને ગાંધીજી આ બન્નેથી અજાણ હતા. બે મહિનામાં પહેલી આવૃત્તિ ખલાસ થઈ અને બીજી આવૃત્તિ, ૪૦૦૦ નકલ છપાઈ.

દેશમાં અને ઈંગ્લેન્ડમાં આખી વાતના મોટા પડઘા પડ્યા. ગાંધીજીએ વાઈસરૉયને પણ આખી હકીકત અલગ રીતે મોકલી હતી. દક્ષિણ આફ્રિકામાં ભારતીયો પ્રત્યે જે વર્તાવ થતો હતો તેનું તાદશ, અતિશયોક્તિ વિનાનું, પાને પાને કરુણ રસ છલકાવતું, 'આ નિવેદનનો દરેક શબ્દ સાચો છે.' એવી ખાતરી સાથેનું ચિત્રણ હતું. છાપાંઓએ તેને સારી પ્રસિદ્ધિ આપી. અગ્રલેખ લખ્યા. મદ્રાસમાં તો આ પત્રિકાની એક સ્વતંત્ર આવૃત્તિ જ છપાઈ. આ પત્રિકાથી દક્ષિણ આફ્રિકાની લડતનું બીજ વવાયું. 'ધ પાયોનિયર' અને 'ધ ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના અહેવાલ અને 'ગ્રીન પૅમ્ફલેટ'ની ટૂંકી સમરી ભારતના બ્રિટિશ પ્રતિનિધિએ લંડન મોકલી. લંડનની ઑફિસેથી ત્રણ લીટીનો તાર, જેમાં આ સમરીની સમરી હતી, દક્ષિણ આફ્રિકા ગયો. ડરબનના ગોરાઓ ગુસ્સે ભરાયા. દરમ્યાન ગાંધીજી પરિવારને લઈ દક્ષિણ આફ્રિકા આવ્યા. ૧૯૮૭ના જાન્યુઆરીની ૧૩મી તારીખે તેઓ સ્ટીમરમાંથી ઊતર્યા ત્યારે ગોરાઓએ તેમને ઘેર્યા, ધક્કે ચડાવ્યા, માર્યા.

'ગ્રીન પૅમ્ફલેટ' એક પ્રમાણભૂત દસ્તાવેજ હતો. તેમાં રેસિયલ એટલે કે જાતિવાદને લગતા અને સામ્રાજ્યને લગતા મુદ્દા સ્પષ્ટ કરવામાં આવ્યા હતા. હિંદીઓના કેસની રજૂઆત કરતી વખતે સત્યને વિશે ખૂબ કાળજી રાખી હતી. હિંદના રાજકીય ઈતિહાસના આ કાળમાં 'ગ્રીન પૅમ્ફલેટ'નું જેટલું વેચાણ થયું તેટલું કદાચ જાહેર પ્રશ્નના કોઈ પ્રચારસાહિત્યનું નહીં થયું હોય. બીજી આવૃત્તિમાં દક્ષિણ આફ્રિકાના દેશબાંધવો તરફથી બોલવાની પરવાનગી આપતું 'મુખત્યારનામું' પરિશિષ્ટરૂપે ગાંધીજીએ જોડ્યું હતું. તેના પરની પ્રતિનિધિઓની સહીઓ પરથી જણાય છે કે એ વખતે દક્ષિણ આફ્રિકામાં વસતા બધા હિંદીઓમાં એકતા પ્રવર્તતી હતી. એમના સાથથી ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં બે દાયકા સુધી એક મુશ્કેલ લડતનું નેતૃત્વ સંભાળ્યું અને એ દરમિયાન સત્યાગ્રહનું મહાન શસ્ત્ર ઘડાયું.

'ગ્રીન પૅમ્ફલેટ' પછી એક સ્વતંત્ર નોંધ પ્રગટ થઈ હતી, જેમાં આ સંદર્ભે આપેલ નિવેદનો ને અરજીઓની નકલો હતી. આજે પણ અભ્યાસીઓને એ કામ આવે. 'કલેક્ટેડ વર્ક્સ ઑફ મહાત્મા ગાંધી' અને 'અક્ષરદેહ'ના બીજા ભાગમાં આ આખું પેમ્ફલેટ પરિશિષ્ટ અને નોંધ સાથે વાંચવા મળે છે.

મહાત્મા ગાંધી કહેતા, 'ઈન અ જેન્ટલ વે, યુ કેન શેક ધ વર્લ્ડ.' આ શાંત તાકાતની જરૂર ક્યારે નથી હોતી ?

મો.૯૮૩૩૭૦૮૪૯૪

## ૦૮ અહિંસા : માનવતાનો સૌથી મહાન માર્ગ...

**ભારતી વોરા**

---

આજે આપણે યુદ્ધ, હુમલા અને હિંસાના દોરમાં જીવીએ છીએ. આપણે અહિંસાને સમજ્યા, જાણ્યા વિના નામ સાંભળતા જ નાકનું ટીચકું ચડાવીએ છીએ. જાણે કોઈએ ગાળ દીધી હોય એવું વર્તન કરીએ છીએ. આ ધસમસતા ગાડરિયા પ્રવાહની વચ્ચે ઓછું છતાં નક્કર કામ કરતાં લોકો પણ વસે છે. એમાં એક નામ છે : વિશ્વગ્રામ સંસ્થા- સંજય તુલા તંદુરસ્ત સમાજ અને તંદુરસ્ત વિચારધારા માટે યુવાનો સાથે શિબિરો દ્વારા અવનવા પ્રયોગ હાથ ધરતું રહે છે. આ ઉનાળુ વેકેશનમાં કાશ્મીરના લોકો વચ્ચે જઈ બેસવાનું શક્ય ન બન્યું તો ત્રણ અલગ અલગ જગ્યાએ અલગ અલગ વિષય પર અધ્યયન શિબિર હાથ ધરી.

જેમાં ૧ થી ૬ જૂન વલસાડ સ્થિત નંદિગ્રામ સંસ્થામાં 'શાંતિ' અને 'અહિંસા' વિષય પર અધ્યયન શિબિર રાખવામાં આવી. જેમાં સવારે સાડા નવથી બપોરે સાડા બાર સુધી અને બપોર પછી ત્રણથી છ વાગ્યા સુધી વીસેક કલ્યાણમિત્રો શાંતિ અને અહિંસાને લગતા પુસ્તકોનું વાંચન કરે અને રોજ રાત્રે સાડા આઠથી દસ પ્રાર્થના બાદ વાચેલા પુસ્તકની ચર્ચા ચાલે. આ ઉપક્રમમાં વચ્ચે વચ્ચે ત્રણેક જેટલા વક્તાઓ જોડાયા અને આ વિષય પર રસપ્રદ વાતો કરી. જેમાં અનુક્રમે મહેન્દ્રભાઈ ચોટલિયા, હિમાંશીબહેન શેલત અને શરીફાબહેન વીજળીવાળા સાથે સંવાદ અને ચર્ચા કરવાનો લાભ મળ્યો.

એક તો મકરંદ દવે અને ઈશા કુન્દનિકા કાપડિયા જેવા સંત સમાન લેખકોનું આશ્રયસ્થાન. જેના તરંગોથી જ અભિભૂત થવાય એવું સાધના કેન્દ્ર અને ઉપરથી શાંતિ અને અહિંસાનો સુભગ સમન્વય મનને નિતાંત શાંતિ તરફ પ્રેરતો હતો. જતા પહેલા લાગેલું કે છ દિવસ , છ કલાક વાચન અને એ પણ અહિંસાના પુસ્તક પર... ઘરે આરામ ઝોનમાં વાચન કરીએ અને અહીં છ કલાક કેવી રીતે બેસી શકાશે ? પણ પુસ્તક સાથે એટલા એકરૂપ થઈ જવાતું કે સમય પાણીના રેલાની જેમ ક્યાં પસાર થતો એનો ખ્યાલ જ ન રહેતો. પછી એ પુસ્તક વિનોબાનું 'મહોબત કા પૈગામ' હોય કે દર્શકનું 'વિશ્વશાંતિની ગુરુકિલ્લી' હોય કે 'પેપર ક્લિપ્સ' હોય કે પછી નારાયણ દેસાઈનું 'જિગરના ચીરા' હોય... ક્યારેક તો જાતને ભૂલી જઈને એટલું એકરૂપ થઈ જવાતું કે આંખોમાં આપમેળે પાણી દડવા લાગતું. વાચન પૂરું કરીને નીકળતાં ત્યારે કોઈ સારી ફિલ્મ જોઈને નીકળ્યા હોય એવી અનુભૂતિ થતી. કદાચ સમૂહપ્રાર્થનાની જેમ સમૂહવાચનની આદત કંઈક જુદી જ અસર કરતી હશે એ પાક્કું.

આ છ દિવસ દરમિયાન અમે વાચેલા પુસ્તકો, ચર્ચા અને વક્તાઓ સાથેના સંવાદમાંથી નીકળેલ નવનીતરૂપી વાતોનો થોડો અંશ માણીએ.. સમજીએ.

● 'આજકાલ અહિંસા ને કાયરતામાં ખપાવી દેનાર લોકોને એટલું જ કહેવું છે કે અહિંસા કાયરની નહિ વીરતાની નિશાની છે. કોઈપણ કપરામાં કપરી સ્થિતિમાં પણ ધીરજ અને શાંતિપૂર્વક વર્તીને દરેક સમસ્યાનું સમાધાન શોધી શકાય છે. ભયને પોષવામાં આવે છે ત્યારે તેમાંથી કાયરતા પેદા થાય છે અને કાયરતા એ હિંસા નિશાની છે.'

● 'હિંસાનો ભોગ બનતું બાળક ડરપોક થાય છે. ખોટું બોલતા ને આચરતા શીખે છે અને બળવાખોર થાય છે. પણ સત્યને સત્ય માટે લડનાર નહિ. સત્યની વિરુદ્ધમાં ઊભું થનાર. કુછંદે ચડેલા સ્વચ્છંદી યુવાનોની સમસ્યા બાળપણમાં રોપાઈ ચૂકી હોય છે. શાંતિ ન સ્થાપવાનું કારણ બાળપણમાં માણસના ચિતમાં સમભાવ અને સંવેદના પ્રગટ કરવાની તક મળી નથી. ક્રમિક્તાનો અનુભવ નથી મળ્યો,

ચિત્તમાં બાળપણમાં જે છાપ પડી છે તે અમીટ છે. 'દર્શક'

● 'સંહારવૃત્તિનો અવેજ સર્જનવૃત્તિ છે. આક્રમણનો ઉપાય અંતઃતૃપ્તિ છે. જે સમાજ પોતાના બાળકો માટે તેમની વય તેમની વૃત્તિ સમજમાં રાખીને સર્જનકાર્યની વ્યવસ્થા પોતાના શિક્ષણકાર્યમાં યોજે છે તેને કોર્ટો, જેલો, લશ્કરનું ખર્ચ ઓછું કરવું પડે છે. 'દર્શક'

અહિંસા એ ભારતીય સંસ્કૃતિની ખૂબ જૂની અને ગૌરવભરી પરંપરા છે. ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધ અને મહાત્મા ગાંધી જેવી મહાન વ્યક્તિઓએ તેમના જીવનમાં અહિંસાને માત્ર ઉપદેશ તરીકે નહિ, પણ જીવંત જીવનમૂલ્ય તરીકે અપનાવ્યું. ખાસ કરીને મહાત્મા ગાંધીજી માટે અહિંસા કોઈ અભાવ નહોતી, પરંતુ શક્તિશાળી પ્રતિક્રિયા હતી. તેઓ માનતા કે, 'અહિંસા એ બહાદુરોનું શસ્ત્ર છે, કમજોરીનો આચ્છાદન નથી.'

વિશ્વમાં જો કોઈ દુર્લભ પરિબળ હોય તો એ છે સાચી શાંતિ. એ શાંતિ કે જે માત્ર બંદૂકોનાં અવાજને શાંત કરીને નહીં મળે, પણ જે વ્યક્તિના અંતરમાં પણ હલચલ રોકે છે. અને આવી શાંતિ મેળવવાનો સોથી શ્રેષ્ઠ માર્ગ છે : અહિંસા.

● શાંતિ એ સામૂહિક જવાબદારી છે.

● શાંતિ અને અહિંસાઃ એકબીજાના પરિભાષક છે.

● અહિંસા એ શાંતિ સુધી પહોંચવાનો માર્ગ છે.

● શાંતિ એ અહિંસા દ્વારા જ લાંબા ગાળે ટકી શકે છે.

● અહિંસાનો અભાવ છે તો શાંતિ શક્ય જ નથી.

● શાંતિ કોઈ બહારથી અપાતો ઉપહાર નથી; એ તો અંદરથી ઉપજતું જ્યોતરૂપ છે.

● પ્રેમ અને વિચારમાં જે શક્તિ છે એ બીજા કશામાં નથી.

● મારા કાર્યોના મૂળમાં કરુણા છે, પ્રેમ છે અને વિચાર છે.

● કોઈપણ યુદ્ધમાં જીત કોની થાય છે? ફક્ત વિનાશની.

પ્રેમ વડે નફરત પર કેવી રીતે વિજય મેળવી શકાય ? એ આ વાર્તામાં બહુ સાહજિક રીતે કહેવાયું છે.

દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ બન્યા પછી નેલ્સન મંડેલા એકવાર તેમના કર્મચારીઓ સાથે રેસ્ટોરન્ટમાં જમવા ગયા. ઓર્ડર આપી ભોજન આવે તેની સૌ રાહ જોતા હતા. તે સમયે જ સામેના ટેબલ ઉપર બેઠેલો એક વ્યક્તિ પણ ઓર્ડર આપી રાહ જોતો બેઠો હતો. નેલ્સન મંડેલાએ તેને જોયો અને તેમના સુરક્ષા કર્મીને મોકલી પેલા વ્યક્તિને પોતાના ટેબલ ઉપર આવી ડિનર કરવા આમંત્રિત કર્યો. તે વ્યક્તિ ત્યાં આવીને બેસી ગયો. જમવાનું પીરસાયું, બધા જમવા લાગ્યા. પેલા માણસે પણ જમવાનું શરૂ કર્યું, પણ જમતી વખતે તેના હાથ સતત ધ્રૂજતા હતા. તેણે એકપણ વાર નજર ઊંચી કરીને જોયું નહીં. તે ફટાફટ ભોજન પતાવીને માથું ઝૂકાવીને રેસ્ટોરન્ટમાંથી નીકળી ગયો. તેના ગયા પછી મંડેલાના સુરક્ષા અધિકારીએ કહ્યું કે, 'તે વ્યક્તિ બીમાર હોય તેમ જણાતું હતું, જમતી વખતે સતત તેના હાથ ધ્રૂજતા હતા, અને પોતે પણ કાંપતો હતો.'

મંડેલાએ કહ્યું, 'ના, તેવું નથી. હું તેને ઓળખું છું.. હું જયારે જેલમાં હતો ત્યારે તે ત્યાંનો જેલર હતો. તે દરરોજ મારા ઉપર ત્રાસ ગુજારતો. હું પીવા માટે પાણી માંગુ તો તે તેમાં પણ પેશાબ કરીને આપતો. હવે હું રાષ્ટ્રપતિ બન્યો છું, તો તેને એવું લાગ્યું કે હું કદાચ તેની સાથે પણ તેવી રીતે જ વર્તીશ. પણ મારું ચરિત્ર તેવું નથી. મને લાગે છે કે વેરની ભાવનાથી કામ કરવાથી વિનાશ જ થાય છે. જયારે ધૈર્ય અને સહિષ્ણુતાની માનસિકતા આપણને વિકાસ તરફ દોરી જાય છે. સૌથી અગત્યની બાબત એ છે કે નફરતથી ક્યારેય દ્વેષનો નાશ નથી થઈ શકતો, નફરતને હંમેશ પ્રેમથી જીતી શકાય છે.'

શિબિર દરમિયાન વંચાયેલ થોડા પુસ્તકોની યાદી જોઈએઃ

૧. 'અહિંસાની ખોજ'- વિનોબા ભાવે

૨.'અહિંસક ક્રાંતિની પ્રક્રિયા' -દાદા ધર્માધિકારી

૩. 'પેપર ક્લિપ્સ'

૪. 'વિશ્વશાંતિ'ની ગુરુકિલ્લી -'દર્શક'

૫. 'જિગરના ચીરા ' -નારાયણ દેસાઈ

૬. 'મૈત્રી' -દાદા ધર્માધિકારી

૭. 'અનુબંધ' હિન્દી.-ઇલાબેન ભટ્ટ

૮. 'શાંતિ સેના'-વિનોબા ભાવે

૯. 'હિંસા સે પરે'- જે. કૃષ્ણમૂર્તિ

આ સિવાય યાદી બનાવીએ તો થોડી લાંબી થઈ જાય પણ લગભગ બધાએ આ છ દિવસ દરમિયાન બેથી અઢી કે ત્રણ પુસ્તકનું વાચન કરેલું. ખરેખર આ રીતે વાચનનો અનુભવ અનોખો અને યાદગાર બની રહ્યો. છેલ્લે એક પુસ્તક વિશેની જ કવિતા રાખવાનો લોભ જતો નથી કરી શકતી.

'કિતાબે કુછ કહના ચાહતી હે'- સફદર હાશ્મી

માણો કવિતા...

કિતાબે કરતી હૈ બાતે,
બીતે જમાનો કી ,ઈન્સાનોં કી.
આજ કી, કલ કી, એક એક પલકી.
ખુશિયોં કી, ગમો કી, ફૂલો કી, બમોં કી,પ્યાર કી, માર કી.
ક્યા તુમ નહી સુનોગે, ઇન કિતાબોં કી બાતે ?
કિતાબોં મેં ચીડિયા ચહચહાતી હૈ .
કિતાબોં મેં ઝરને ગુનગુનાતે,
પરીયોં કે કિસ્સે સુનાતે,
કિતાબોં કા કિતના બડા સંસાર હૈ
ક્યાં તુમ ઇસ સંસાર મેં નહી જાના ચાહોગે ?
કિતાબે કુછ કહેના ચાહતી હૈ ,
તુમ્હારે પાસ રહેના ચાહતી હૈ.

મો.૯૭૨૫૮૮૭૨૭૩

**ગુરુકૃપાનું સ્મરણ કરો.**

સદ્‌ગુરુ જીભથી નથી બોલતા હૃદયથી બોલે છે. સત્સંગથી વિવેક પ્રાપ્ત થાય છે અને સંતસંગથી વિવેકનું વર્ધન થાય છે. સદ્‌ગુરુમાં જ્ઞાનની ધારા પણ વહેતી હોય, કર્મની ધારા પણ વહેતી હોય અને પ્રેમની ધારા પણ વહેતી હોવી જોઈએ. સદ્‌ગુરુ આપણામાં રહેલી ચેતનાને વિકસિત કરે છે. 'સદ્‌ગુરુ' એ મારી દષ્ટિએ પરમ અવસ્થાનું નામ છે.

સદ્‌ગુરુ બુદ્ધપુરુષ છે. સદ્‌ગુરુ દીન હોય છે. વિનમ્ર હોય છે, સરળ હોય છે, સહજ હોય છે. હોકાયંત્રની સોય હંમેશા ઉત્તર દિશા બતાવે છે, એમ સદ્‌ગુરુની ચીંધેલી આંગળી હંમેશા ઉત્તમ દિશા જ દેખાડે છે. સદ્‌ગુરુ આપે છે જ્ઞાન અને લે છે માન, આપે છે મંત્ર અને લે છે મન અને મતિ. સદ્‌ગુરુ જાણવાની વસ્તુ નથી પણ માણવાની વસ્તુ છે. સદ્‌ગુરુથી મોટો ચોર કોઈ નથી. તે આશ્રિતનો આત્મા ચોરી લે છે. ગુરુ શીખવે છે, સદ્‌ગુરુ ભુલાવી દે છે. ગુરુ બનાવે છે, સદ્‌ગુરુ મિટાવી દે છે. ગુરુ ગ્રંથપ્રધાન છે, સદ્‌ગુરુ પંથપ્રધાન છે.

વિશ્વને એવા ધર્મગુરુ જોઈએ કે જે આશ્રિતની રુચિ જુએ. સદ્‌ગુરુ એ છે જે શિષ્ય પાસેથી કંઈ ન લે અને પોતાના કરતાં અનેક ગણું શિષ્યને આપે. સદ્‌ગુરુ આપણી આંખ જોઈને રોગ ઓળખી જાય છે. જેમની સાથે સદ્‌ગુરુ હોય છે, એ જ અહંકારનું ધનુષ તોડી શકે. સદ્‌ગુરુની કૃપાથી સાધકનું ધૈર્ય અખંડ રહે છે. સદ્‌ગુરુ પ્રહાર ન કરે, પ્રસાદ આપે. સદ્‌ગુરુ તમારા ઓપરેશન શાસ્ત્રથી કરશે, કદી રામાયણથી, કદી ગીતાથી, કોઈને કોઈ વિષય ઉઠાવી એવું ઓપરેશન કરશે કે આ પ્રાણ જન્મોજનમ પ્રાણેશ્વરને માટે થડકતા રહેશે, હૃદય ધડકતું રહેશે. સદ્‌ગુરુનું સ્મરણ ન કરો તો ચિંતા નહીં, સદ્‌ગુરુની કૃપાનું સ્મરણ કરો.

મોરારિબાપુ

## ૦૯ પેટ્રોલ વિના કાર ચલાવો !

**વિનોદ માંગુકિયા**

---

હવે તમે પેટ્રોલ ભૂલી જાવ, મોટરકારમાં એન્જીન હોય એ પણ ભૂલી જાવ, કારની બેટરી લૉ થઈ ગઈ હોય તો ચાર જણ ધક્કા મારે અને ગાડી સ્ટાર્ટ થશે એ પણ ભૂલી જાવ, કારને દર છ મહિને સર્વિસ કરવવાની વાત ભૂલી જાવ. કારની ગીયર સીસ્ટમ ખરાબ થઈ જાય તે પણ ભૂલી જાવ. બસ ! કારની ચાર્જિંગ પીન ઇલેક્ટ્રિક પ્લગમાં લગાવો અને ૨૦ મિનિટ પછી ૫૦૦ કિલોમીટરના લોંગડ્રાઈવ ઉપર ઉપડી જાવ ! અમેરિકાની વિખ્યાત ટેસ્લા કારે આપણી આર્થિક નગરી મુંબઈમાં એન્ટ્રી કરી લીધી છે ! જોકે ભારતમાં ત્રણ કંપનીઓએ પોતાની ઈ.કાર વહેતી કરી દીધી છે ! મુંબઈ પછી બીજા મોટાં નગરોમાં પણ ટેસ્લાની સવારી આવી પહોંચશે. તમે પણ એક ટેસ્લા કાર ખરીદવાની તૈયારી અત્યારથી જ કરી રાખજો.

મકાનની છત ઉપર સોલાર સેલ સીસ્ટમ ન બેસાડી હોય તો બેસાડી દેજો. તેમાં સરકાર સબસીડી આપે છે. તમારી કાર ઘરે બેઠા તદ્દન મફતમાં ચાર્જ થઈ જશે. તમારે પછી પેટ્રોલ પમ્પ ઉપર જવાની જરૂર જ નહીં પડે. અમેરિકામાં તો ટેસ્લા કંપનીએ સેંકડોની સંખ્યામાં ચાર્જિંગ સ્ટેશન હાઇવે ઉપર અને સીટી એરિયામાં બેસાડી પણ દીધાં છે ! તમારી ટેસ્લા કારની બંને બેટરી લો થઈ ગઈ હોય તો રસ્તામાં આવતાં કોઈપણ સ્ટેશને જાતે પોતે ચાર્જ કરી લો. ફૂલ ચાર્જ થતાં ૨૦ મિનિટ લાગશે. પછી પુનઃ ૫૦૦ કિલોમીટર નોનસ્ટોપ મુસાફરી કરો !

ચાર્જિંગ સ્ટેશન ઉપર ચાર્જિંગનું બીલ આપવા માટે કોઈ કર્મી નથી હોતો. માની લો અમેરિકામાં જ ટેસ્લા કંપનીના પોતાનાં ૧૦૦૦ ચાર્જિંગ સ્ટેશન છે. રાત- દિવસ ચાર્જિંગ માટે ૮ + ૮+ ૮ કલાક મુજબ ત્રણ કર્મી રાખવા પડે. ૧૦૦૦ સ્ટેશન માટે ૩૦૦૦ કર્મી હોય તો તેનો પગાર વર્ષે કરોડો રૂપિયા થાય. પણ આ એલન મસ્ક છે ! તમે કારમાંથી ઊતરીને જાતે ચાર્જિંગ પ્લગ લગાવો. એ પછી વરસાદ હોય કે સ્નોફોલ થતો હોય તો તમે તમારી ટેસ્લામાં બેસો. મોબાઈલમાં વીસેક મિનિટ સંગીત સાંભળો ત્યાં ગાડીની બંને બેટરી ફૂલ ચાર્જ થઈ ગયાનો સંકેત સ્ક્રીન ઉપર બીપ-બીપના અવાજ સાથે આવશે. તમે ગાડીની બહાર આવીને જાતે જ ચાર્જિંગ પ્લગ કાઢીને તેના સ્ટેન્ડમાં મૂકી દો. તમારી ગાડીના નંબર પેલો પ્લગ નોંધી લેશે અને તમારા બેંક ખાતામાંથી જેટલું ચાર્જિંગ થયું હોય એ મુજબ રૂપિયા આપોઆપ કપાઈ જશે અને તમારા મોબાઇલમાં મેસેજ પણ તરત જ આવી જશે.

આપણા એક કાઠિયાવાડી ભાઈએ મને કહ્યું કે,'આપણે ત્યાં એલન મસ્ક આવાં સ્ટેશન ઊભાં કરશે ?'

'હા,કરવાં જ પડેને! એ સિવાય ગાડી ચાલી જ ન શકે. તમે રાજકોટથી અમદાવાદ જવા નીકળો તો વચ્ચે લીંબડી કે બગોદરામાં એક સ્ટેશન ઊભું કર્યું હોય ત્યાં તમારી ગાડીની બેટરી ફૂલ કરાવી લો.'

'પણ કોઈ રૂપિયા આપ્યા વિના ભાગી જાય તો ?'

' રૂપિયા લેવાના જ નથી. તમે ગાડીમાં પ્લગ ભરાવો ત્યારથી તમારા બેંક ખાતામાંથી રૂપિયા કપાવવાના શરૂ થઈ જશે. તમારે રોકડા દેવાના નહીં. આ એલન મસ્ક છે ! કોઈ કસર નહીં છોડે !

મુંબઈમાં પહેલો શોરૂમ આવી ગયો છે. તમારે પેટ્રોલ વિના કાર ચલાવવી છે ? તમે બધી જ તૈયારી કરી રાખજો મિત્રો !

**ક્રમશ...**

અમેરિકા-શિકાગોથી..તા.૨૬/૦૭/૨૦૨૫
મો.૯૪૨૭૬૯૪૭૭૦

## ૧૦ 'કુદરતી વાતાવરણ' ખેતીપાક પર એક 'અણધારી આફત'

**હીરજી ભીંગરાડિયા**

'માળું આનું કારણ શું ? ઓણના વરહમાં વરસાદ ખૂબ સરસ વરસ્યો, રોગની કનડગત પણ પ્રમાણમાં ખૂબ ઓછી રહી અને ખેડૂતોએ ખાતર-પોતર અને સાંતી-સડની માવજત પણ ઉત્તમ વરહની લાલચે એવી કરી હતી કે મોલાતે જ્યાં પાણી માગ્યું ત્યાં દૂધ હાજર કર્યું હતું. પણ મારા ખ્યાલે એકે ય મોલની ઉપજમાં આપણા ખેડૂતના કોઠા ઠારે એવો હોંકારો નથી મળ્યો. આ બાબતે તમારું શું કહેવાનું છે પોપટભાઈ ?' કૃષિ વિકાસ મંડળની મિટિંગમાં કૃષિ.યુનિ. જૂનાગઢના વિષય તજજ્ઞ-મુખ્ય મહેમાન આવી પહોંચે તે પહેલાના અંદરોઅંદરના 'અનુભવની આપલે' કાર્યક્રમની વેળાએ 'ઓણનું વરહ કેવું રહ્યું ?' એ વિષય પરની ચાલતી ચર્ચામાં ઠાકરશીભાઈએ પોતાનો બળાપો કાઢ્યો.

''તમારા આ અભિપ્રાયે ઠાકરશીભાઈ ! મારા મનની જ વાત કરી દીધી. મને ય એમ જ લાગ્યું છે કે, એકે ય મોલમાં ઉતારા બાબતે ઓણ વરહમાં ભલીવાર ભળાણી નથી. અમારી બાજરીનો પ્લોટ નિંઘલ્યો ત્યારે ઘેરા ઉપર ડૂંડાની ખાપ બાજી ગઈ હતી. ડૂંડાની ભરતી અને એનું રૂપ જોઈને વીઘે ચાલીશ મણ ઉતરી પડશે એવી 'ઢાળ' નજરે જોનારા બધા મૂકતા હતા. પણ ખળું લીધું ત્યાં 'ઢાળ' ની હવા નીકળી ગઈ ! વીઘે માંડ ૨૮ મણ જેવો ઉતારો આવ્યો.'' પોપટભાઈએ ઠાકરશીભાઈના અભિપ્રાયમાં શાખ પૂરી.

''ઓણ વરહમાં કંઈક એવું બન્યું છે કે બધી મોલાતો 'ઉતારા' બાબતે જોઈએ તેટલું હીર દેખાડી શકી નથી. અમે કપાસના પાટલામાં અરધામાં મગ અને અરધામાં અડદનો ચાસ વાવેલો. બન્નેમાં છોડવા ખૂબ ફાલ્યા. આવેલી શીંગો જોઈ હોય તો લાંબી સાંઘરા જેવી ! પણ અંદર દાણા જે સાત-આઠ હોવા જોઈએ - એને બદલે ત્રણ ત્રણ ને ચચ્ચાર જ ! એક બ્લોક જી-૨૦ મગફળીનો હતો. એમાંયે બસ એવું જ થયું ! છોડવા જોયા હોય તો નજર ત્યાં જ ઠરી જાય તેવા પહટેલા ! અને છોડવો ખેંચીએ તો શીંગો યે વળગેલી નીકળે મોટી ડઘોરા જેવડી ! પણ અંદરથી પોલી ભમ ! ફોફું લોંઠકું ને અંદર દાણા માયકાંગલા ! ચકલાની જીભ જેવા-કરચલીવાળા ! ધારણા તો એવી હતી કે ઉતારો બેસશે વીઘે ખાંડી ખાંડી ! પણ તમે કહો છો એ વાત સાચી કે આ વરહમાં કંઈક એવું વાંકું પડી ગયું છે કે જે કળ્યામાં તો ભલે નથી આવ્યું, પણ એની માઠી અસર ઓછા ઉતારામાં જરૂર દેખાઈ આવી છે. અમારે મગફળી ઉતરી ૮ વીઘામાંથી માત્ર છ ખાંડી બોલો !'' રાજનભાઈએ પણ પોતાને થયેલ અનુભવની વાત કરી.

આમ થવાનું દેખીતું કારણ કોઈ ન જડે ત્યારે આપણા વડવાઓ આવા વરહને 'કણહિણું વરહ' કહેતા. અને ''એના નિરાકરણની આપણા હાથની વાત નથી, એ તો પ્રકૃતિના 'સવા-કવા' ના હાથની વાત છે'' એમ કહીને મન મનાવતા. સવા - કવા એટલે શું ? કોઈપણ ઘટના પાછળ કોઈને કોઈ વૈજ્ઞાનિક કારણ તો હોવાનું જ ! એટલે 'સવા' એટલે શું ? અને 'કવા' એટલે શું- એ કોના હિસાબે આવ્યા-ગયા કરે છે તે સમજવું આપણા માટે અગત્યનું થઈ પડે છે. તો મિત્રો, સવા- સારો વાયરો અને કવા - ખરાબ વાયરો એવો અર્થ આપણે કરી શકીએ. ઉત્પાદન બાબતે બધી વાતાવરણીય બાબતો અનુકૂળ રહે તે 'સવા' અને ખાતર-પાણી અને અન્ય માવજતો બરાબરની કરી હોવા છતાં કંઈક એવા ફેરફાર સર્જાય કે જેના હિસાબે ઉત્પાદન પર માઠી અસરો આવી જાય એનું નામ 'કવા' ! જરા ઊંડા ઉતરીને નિરીક્ષણ પાછળ સમય આપીએ તો જરૂર જણાઈ આવશે કે એ હતી વરસ દરમ્યાન મોલાતને સમયે સમયે મળવી જોઈતી કુદરતી વાતાવરણની ખામી !

- જરૂરિયાત બધાની છે :

જેમ છોડવાને ઊભવા અને ખોરાક મેળવવા માટે

પૂરી ફળદ્રુપ અને સારા બંધારણવાળી જમીન હોવી જરૂરી છે, તેમ ઉગવાથી માંડી પાકટ અવસ્થા સુધી મૂળ વિસ્તારમાં જરૂરી ભેજની હાજરીની જરૂર છે, જેમ એની ઉપર આવનારા રોગ-જીવાતના હુમલા વખતે દવા-દારુ અને સાથ-સહકારની જરૂર છે, તેવું જ વનસ્પતિના ઉગવાથી માંડી આખર સુધી જે જે વનસ્પતિના સ્ટેજ કે સમયને અનુકૂળ હોય તેવા "વાતાવરણ" ની પણ એટલી જ જરૂરિયાત હોય છે. વનસ્પતિ પોતે સંપૂર્ણરીતે પ્રકૃતિના જ આદેશને અનુસરનાર જીવ હોઈ, જયારે જયારે વાતાવરણમાં અણધાર્યા અને વણકલ્પ્યા હુકમો આવી ચડે ત્યારે એ પોતાના જીવનચક્રમાં પણ બદલાવ લાવ્યા વિના રહી શકતી નથી. જેથી ખાતર, પાણી અને સંરક્ષણ બરાબર રીતે સચવાયા હોવા છતાં વાતાવરણ યોગ્ય ન રહ્યું, તેની ઉત્પાદનના જથ્થા અને ગુણવત્તા પર માઠી અસર આવ્યા વિના રહેતી નથી.

વાતાવરણમાંથી વનસ્પતિ માત્ર પોતાને શ્વસનમાં જરૂરી ઓકિસજન જ મેળવે છે એવું નથી, વરસાદ વખતે નાઇટ્રોજન પણ એ વાતાવરણમાંથી પામી શકે છે. તે સૂર્યપ્રકાશની હાજરી વખતે કાર્બનડાયોકસાઈડનો પણ પોતાનો ખોરાક રાંધવા માટે ભરપેટ ઉપયોગ વાતાવરણમાંથી જ કરે છે. વળી વાતાવરણના ભેજ કે ગરમીના પ્રમાણમાં વધ-ઘટ થાય તો પણ વનસ્પતિમાં હરતા-ફરતા ને તેના અંગ-ઉપાંગોને ખોરાક તરીકે વાપરતા કે તેમાંથી રસ ચૂસતા જીવડાંઓની હયાતી, સંખ્યા અને વધ-ઘટ બાબતે પણ એટલા જ ફેરફારો રહેતા હોય છે.

એટલે આખી મોસમ દરમ્યાન વાતાવરણ મોલાતને અનુકૂળ રહ્યુ છે કે પ્રતિકૂળ ? તેની બહુ મોટી અસરો ઉત્પાદન ઉપર પડતી હોય છે. આપણે એવા ઉદાહરણ તપાસીએ કે જેમાં કેવળ વાતાવરણે આવો ભાગ ભજવ્યો હોય ! આ રહ્યા બોલતા પૂરાવા :

**(૧ ) પાંદડાં દજાડી દીધાં હોય :**

અમારો ગઢડા તાલુકો એટલે ગણાય સૂકો વિસ્તાર. અહીં ઉનાળો હોય વધુ આકરો ! ગયા વરસે કેટલાક સાહસિક ખેડૂતોએ કેળ અને પપૈયાના વધુ વળતરની ધારણાએ વાવેતર કરેલાં. બન્યું એવું કે ચોમાસું સાવ નબળું રહ્યું અને શિયાળો પૂરો ઠર્યો નહીં. એટલે ચોમાસા-શિયાળા દરમ્યાન કેળ-પપૈયાના છોડવા ધાર્યો વિકાસ સાધી શક્યા નહીં ત્યાં પહોંચી ગયો ઉનાળો ! કેળ અને પપૈયા બન્નેનાં પાંદડાં હોય પતંગ જેવા પહોળા અને કાગળ જેવા પાતળાં ! અને હોય પાછા એવા કુમળા, કે એને તો હવાના આંચકા યે ફાડી નાખે ! અને ઓણના ઉનાળાનો તડકો જાણે ધગધગતી આગની ઝાળો ! કેળ- પપૈયાના પાંદડાં એ તાપ ન જીરવી શક્યાં. પાંદડાંની નસો બધી દાઝી ગઈ અને સપાટી શેકાઈ ગઈ ! શ્વસન અને પ્રકાશ સંશ્લેષણ બન્ને કાર્યો ખોરંભાયા ! ન સમયસર પપૈયા પાક્યા કે ન કેળની લૂમ ! સિઝન આખી ખોઈ બેઠા ! ખાતર-પોતર ને દવા-દારૂ બાબતે છોડવાને મોઢે માગી માવજત - કહોને ગાદલું અને ગોદડું બે સિવાય બધું આપ્યું હતું ! છતાં આ સૂકા વિસ્તારનું ગરમ વાતાવરણ ખેતીવાડીના સુંવાળા છોરું કેળ-પપૈયા બન્નેને ભરખી ગયું.

**(૨)ફલીકરણમાં વાંધો પડે :**

અમારા પંચવટી બાગમાં આમળાના ઝાડવાનો મોટો ઘેરો છે. આ ઝાડવાની આદત એવી છે કે ફૂલો ખિલવે શિયાળા-ઉનાળાની બરાબર ગડાસાંધ જોઈને ! જ્યારે ઠંડી-ગરમી બન્ને હોય માપસર. આમળાના નર-માદા ફૂલોની રજ-મિલન પ્રક્રિયાને આ ઋતુ બહુ અનુકૂળ ! ઠંડી વધુ હોય તોય નો ફાવે અને ગરમી વધુ હોય તો પણ વાંધો પડે.

બાજરાનો ઘેરો બરાબર થૂલીએ આવ્યો હોય અને ઝરમર ઝરમર વરસાદ વરસવાનો શરૂ થાય, આકાશ આખું વાદળોથી ઢંકાયેલું જ રહે, ૪-૫ દિવસ ઉઘાડ દેખાય જ નહીં, એટલે બાજરાનાં ડૂંડાની શી વલે થાય ? કલ્પના કરો જોઈએ ! ઉપરથી સૂર્યપ્રકાશ મળે તો થૂલી સુકાય, અને થૂલી સુકાય તો જ ફૂલોની રજ ઉડેને ! ત્રણ-ચાર દિવસે વરસાદ બંધ થાય ત્યાં તો ફૂલોને ખિલવાની વેળા જ વીતી ગઈ હોય ! કેટલાય ફૂલડાં વાંઝિયા રહી જવા પામે ! ડૂંડા હોય ફટાફટ ફાંટ ભરાઈ જાય એવડાં, પણ અંદર દાણા બાબતે અરધોઅરધ હોય ખાલી ! બાજરો ઉતારો લે ક્યાંથી? આપણે માનીએ વરહ 'કણહીણું' થયું, પણ આમ થવા પાછળનો જશ તો ફૂલો વખતના પ્રતિકુળ વાતાવરણને જ ભાગે જાય ને ?

ગાજર અને ડુંગળીની વાવણી સામાન્ય રીતે ચોમાસું પુરું થયે કરાય. શિયાળાનું ઠંડું અને સુકું હવામાન ગાજરના

ગડા અને ડુંગળીના દડા બનાવવામાં બહુ અનુકૂળ ! પણ જો વાતાવરણ માપથી વધારે ગરમ બન્યું ? તો પછી વાત ગઈ ! એ ના એ જ ગાજરના છોડવામાં 'ગાજરા' બની જઈ, ઉપર ફૂલના મોટા ગોટા ખિલવી દે, અને ભોંયમાં ગાજરના ગડા બનવાને બદલે બની જાય સોટી જેવું પાતળું મૂળિયું ! ડુંગળીબાઈ પણ ભોંયમાં દડાને મોટો કરવાનું બંધ રાખી ઉપર કાઢી જાય 'મોઘરા' ! કંદ બનાવવાની તાકાતને ફેરવી દે બીજ બનાવવામાં. ઉત્પાદનનો જથ્થો અને ગુણવત્તા બન્ને બની જાય રાંક !

**(૩)ફાલની ઋતુ બદલાવી નાખે :**

શ્રી મનુભાઇ પંચોળી 'દર્શક'ની સ્થાપેલી લોકશાળા 'મણાર' આવી અલંગના દરિયા કાંઠે. ત્યાં કેસર આંબા, નાળિયેરી અને ચીકુના ઝાડવાં આવકમાં ખૂબ સારો હોંકારો આપે છે. પણ આમળાના ઝાડવાંને એનું વાતાવરણ એવું વાંકુ પડાવે કે વાત કરવાની નહીં ! ફૂલો આવે ફેબ્રુઆરી-માર્ચ માસમાં-યોગ્ય સમયે જ. પણ અન્ય વિસ્તારોમાં જેમ સીડસેટીંગ પછી એનું નાનું ભૃણ ૪ મહિના સુશુપ્તાવસ્થામાં જાય, તેવું અહીંના વાતાવરણમાં બને નહીં ! અહીં તો ફલીકરણ થયા ભેળું બચ્ચું માંડે વધવા ! તે શ્રાવણ-ભાદરવો આવતા તો પાકીને ટહા જેવું થઈ માંડે કહેવા કે 'હવે મને ઉતારો' ! એ વખતે વેચાણ માટે માર્કેટમાં લઈ ગયે કોઈ ગ્રાહક કે વેપારી સામુ જ ના જૂએ ! કોઈ ધણી જ ના થાય એનું શું ? આમળાનો સાચો ઉપયોગ શિયાળે ઠંડી શરૂ થયા પછી જ લોકો કરે. કરવું શું ? કટાણે પાકેલા આમળા નાખવા ક્યાં ? ઝાડવાં ખોદી નાખવા પડ્યા બોલો ! અને એનું નિમિત્ત 'વાતાવરણ' બન્યું. ૨૦૧૦નો ઉનાળો શરૂ થતાં કંઈક એવી જાતનું વાતાવરણ સર્જાયું કે આંબા, લીમડાં અને ગુંદા-ત્રણેયના ઝાડવાં છેતરાઈ ગયાં ! ઠંડી-ગરમીનો કંઈક એવો મેળ બેસી ગયો કે વૃક્ષો એવા ભ્રમમાં પડી ગયા કે 'આપણી ફળવાની ઋતુ આવી ગઈ'! અને માળાં ફૂલો માંડ્યાં ખિલવવા ! તે ચાર મહિના અગાઉ લીમડે લીંબોળી પાકી પડી અને કેરી તો પાકીને બજારમાં વેચાવા પહોંચી ગઈ ! આ 'કટાણે' ફાલ લગાડી દેવા પાછળ ખરચઈ ગયેલી ત્રેવડનો ઘોબો 'ટાણાહર'ની ફાલની વેળાએ પડ્યા વિના થોડો રહેવાનો કહો !

**(૪) પાકના વર્ધન-ઉત્પાદનમાં અવરોધ સરજે :**

જે વરસે શિયાળામાં પૂરી ઠંડી ના પડે, તે વરસે ઘઉંના છોડવાને ફૂટ્યા ઓછી થાય, તેનો વિકાસ અવરોધાય, ઉપર ડૂંડી ટૂંકી નીંઘલે અને ડૂંડીમાં દાણાની સંખ્યા ઘટે, બંધાયેલા દાણા પણ ન હોય પૂરા પોઢા કે ન હોય વજન બાબતે પૂરા નક્કર ! પછી ઉતારો લે કેમ કરીને કહો !

**(૫) રોગ-જીવાતનો વધારો વહોરી 'કવા' લાવે :**

તમે જૂઓ ! ચોમાસું હોય એટલે હવામાં ભેજની હાજરી હોવાની અને એમાં જો ગરમી શરૂ થઈ ? એટલે ઉપદ્રવી જીવડાઓને તો ગોળના ગાડાં મળી જાય ! એની વંશવૃદ્ધિનું ચકરડું જોરથી ફરવા માંડે ! એનો તો કાળો કેર શરૂ થાય ! જમીનજન્ય રોગો પણ ભોંયમાંથી માથાં કાઢે ! કહો, કારણોથી ઉત્પાદન બાબતે અકસ્માત સરજાય કે નહીં ? અને આનો જશ બસ, વાતાવરણને જ દેવો પડેને ? તમારું શુ કહેવાનું છે, કહો !

આ વાતને નક્ષત્રોનો ટેકો : ચોમાસામાં ક્યા નક્ષત્રમાં કેવું વાતાવરણ હોય છે, અને આ ટાણે વરસેલો વરસાદ કેવા પરિણામ લાવે એનો વર્ષો સુધી અભ્યાસ કર્યા પછી ખેડૂતોના વડવાઓએ તારણ કાઢ્યાં છે-આદ્રા, મઘા અને પૂર્બા-સ્વાતિ જેવા મીઠાં નક્ષત્રોમાં વરસેલા વરસાદે મોલાતમાં 'સવા' જ આવે. જ્યારે અષલેખા,અને પૂનરવસુ જેવાને કડવા તથા હાથિયાને તોફાની નક્ષત્રો ગણાવ્યાં છે. એમાં વરસેલા વરસાદે રોગ-જીવાત કે 'કવા' લાવે તેવા અનુમાનો કર્યા છે, તે બસ ! 'વાતાવરણ' ને જ ધ્યાને લઈ કરેલા જણાય છે. પ્રકૃતિએ વનસ્પતિને વાતાવરણીય ફેરફારોને આધિન રહીને વર્તન કરવાનો આદેશ આપેલો છે. દિવાળીટાણું આવે આવે ત્યાં મેડા માથે પડ્યા પડ્યા ડુંગળીના દડા-નહીં જમીન કે નહીં ભેજ તો પણ -આપમેળે પાંદડાં કાઢવા માંડે ! અને લસણના ગાંઠિયા માહ્યલી કળીઓ લીલાં મોઢાં કરી કરી ફોતરાંની બહાર ડોકાવા માંડે ! આપણે સમજી જવું જોઈએ કે લસણ-ડુંગળીનો હવે વાવણીનો સમય પાકી ગયો છે ! આવા રોજ-બરોજના વાતાવરણીય ધ્યાનથી નિરીક્ષણ કરી-સમય સાચવી ખેતીકાર્યો કરે એ ખેડૂતો ઉત્પાદન બાબતે જરૂર સફળતા મેળવતા હોય છે.

મો. ૯૩૨૭૫૭૨૨૯૭

## ૧૧ અહિંસાની કેળવણી દ્વારા વિશ્વશાંતિ...

**ડો. સંજય તલસાણિયા**

---

આજે વિશ્વમાં ચોતરફ યુદ્ધના રણશીંગા વાગે છે. યુક્રેન અને રશિયા, ઇઝરાયલ અને હમાસ તેમજ હમણાં ભારત- પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું. આખું વિશ્વ 'યુદ્ધ' અને 'અણુયુદ્ધ' ના અદ્રશ્ય ભયથી કંપે છે. અત્યાર સુધીમાં અનેક સૈનિકો અને નિર્દોષ લોકો આ યુદ્ધના ખપ્પરમાં દફન થઈ ચૂક્યા છે. અનેક અબોલ જીવજંતુ, પશુ,પક્ષી,પ્રાણીઓ તેમજ પર્યાવરણનો કચ્ચરઘાણ નીકળી ચૂક્યો છે, છતાં માણસ સખણો ક્યાં રહે છે ? દિવસ, રાત અસ્ત્ર-શસ્ત્ર અને પરમાણુ બોમ્બ બનાવી રહ્યો છે. એક સર્વેક્ષણ મુજબ વિશ્વ પાસે હાલ સાત વખત આ પૃથ્વી નાશ પામે એટલો દારૂગોળો તૈયાર છે. નક્કી નથી થતું કે આટલો બુદ્ધિશાળી અને સમજુ, શાણો પ્રગતિશીલ માણસ યુદ્ધના રવાડે ચડી કેમ ગયો ? એને એવું કેમ ભૂત સવાર થયું ? એ સમજાતું નથી.

માણસ મૂળભૂત રીતે કરુણામય, લાગણીશીલ અને સત્ત્વશીલ હતો પરંતુ તેનામાં હિંસાનું તત્ત્વ આવ્યું ક્યાંથી તે ચિંતાનો વિષય છે ! 'અહિંસા પરમો ધર્મ ' એ આપણા 'ઋગ્વેદ'ની ઋચાઓમાં પુરાણકાળથી વર્ણન છે. ભારતવર્ષ હંમેશા શાંતિનું ચાહક રહ્યું છે. વિશાળ ભારતવર્ષમાં અસ્ત્ર-શસ્ત્ર અને મોટુમસ સૈન્યદળ ધરાવતા રાજવીઓ જેમકે ચંદ્રગુપ્ત, સમુદ્રગુપ્ત કે હર્ષગુપ્ત હતા અને તેઓ ખૂબ પરાક્રમી હતા છતાં પડોશી રાજ્ય સાથે કદી યુદ્ધ નહોતું કર્યું. તો આ હિંસા, ક્રોધ કે ગુસ્સો માનવના નાકના ટેરવે શા માટે રમે છે ?

શાલીનતા, સભ્યતા અને સદ્ગુણો થકી જ માણસ, માણસ બને છે ત્યારે આ હિંસાની પૃષ્ટભૂમિ રચાય શી રીતે? આ હિંસક વિચારોએ તો અનેક ખાના-ખરાબી કરી છે. ઇતિહાસ એ વાતનો સાક્ષી છે કે જ્યારે પણ હિંસા માનવજાત પર હાવી થઈ છે ત્યારે માનવજાતે સહન કરવું પડ્યું છે. અનેક પરિવારો અને બાળકોએ છત્રછાયા ગુમાવી છે અનેક સ્ત્રીઓ પર અત્યાચારો થયા છે. રક્તરંજિત યુદ્ધભૂમિ જોઈ સમ્રાટ અશોકે તલવારનો તિરસ્કાર કર્યો અને 'બુદ્ધમ શરણમ્ ગચ્છામી' કહી માનવજાતને મોટો પાઠ ભણાવ્યો હતો, એ શીખ આજે ફરી માનવ ભૂલી હિંસા તરફ વળ્યો છે, એ કોઈ સારા એંધાણ નથી ! ત્યારે, પુનઃ અહિંસાની એ વાતને શિક્ષણના માધ્યમ દ્વારા કેળવવી પડશે અને એ માટે સૌ પ્રથમ તો બાળમાનસને તૈયાર કરવા પડશે. કેળવણી દ્વારા જ એ શક્ય બનશે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ વર્ષો પહેલા અંગ્રેજો સામે અહિંસક લડાઈ લડી દેશને આઝાદ કરાવ્યો હતો એ તેનું જીવંત ઉદાહરણ છે. તેઓ તો એ પણ પામી ચૂક્યા હતા કે 'સૌના ભલામાં આપણું ભલું છે' અને આ વિભાવના થકી જ 'રામરાજયની સ્થાપના' થઈ શકે છે. હિંસા સામે અહિંસાનો વિજય થાય છે અને તેનો પરિચય દુનિયાને પણ કરાવ્યો હતો, તો ચાલો આપણે આજથી જ આપણી શાળાઓમાં 'અહિંસા કેળવણી' ને સ્થાન આપી બાળમાનસને તૈયાર કરીએ જેથી આવતા વર્ષોમાં એક એવો સમાજ અને દેશ આપણે નિર્માણ કરી શકીએ કે જ્યાં હિંસાને સ્થાન ન હોય, ક્રોધ, ગુસ્સો અને આવેશ નામશેષ બને અને આપણો સમાજ અને રાષ્ટ્ર અહિંસક રાષ્ટ્ર બને અને એ થકી વિશ્વમાં અહિંસાનો આવિર્ભાવ થાય.

આમ તો એ માટે આજે ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ આ કામ કરી રહી છે C.E.E. અમદાવાદ, ગાંધી આશ્રમ અમદાવાદ, ગૂજરાત વિદ્યાપીઠ 'શાંતિ સંશોધન કેન્દ્ર' , ગ્રામસ્વરાજ સંઘ -કચ્છ, સ્વરાજ આશ્રમ વેડછી, લોકભારતી સણોસરા અને ઘણા શહેરોમાં 'પેરેન્ટ ફોર પીસ'

દ્વારા શાંતિ સ્થાપવા અને અહિંસક વિચારના વાવેતર માટે સતત પ્રયત્નો થઈ રહ્યા છે જે કાબિલે તારીફ છે પરંતુ શાળાએ શાળાએ 'અહિંસક કેળવણી'ના બીજ વાવવા પડશે, તો જ આપણે જગતચોકમાં શાંતિનો સંદેશ ફેલાવી શકીશું.

આમ તો આપણી શાળાઓમાં 'અક્ષયપાત્ર' જેવી ઉમદા પ્રવૃત્તિઓ થાય છે. એ સિવાય પણ નીચેની પ્રવૃત્તિઓ, કાર્યો દ્વારા 'અહિંસાની કેળવણી' કરી શકીશુ. એ પ્રવૃત્તિઓ છેઃ

- પુસ્તક વાચન શિબિર કરીએ
- પ્રાર્થનાઓ દ્વારા દયા, પ્રેમ, કરુણાના વાવેતર કરીએ.
- ભારતીય દર્શનમાં જ્યાં પણ અહિંસા, ત્યાગ, સેવા, સમર્પણ હોય ત્યાં વિદ્યાર્થીઓને જોડીએ.
- ભગવાન બુદ્ધની કરુણા, વાલીયા લુંટારાનું હૃદય પરિવર્તન, શીબી રાજા, રાજા વિક્રમાદિત્ય, સંત મેકરણ-કચ્છ, ઈસુ ખ્રિસ્ત, વગેરે ઐતિહાસિક, ધાર્મિક,આધ્યાત્મિક પાત્રોનો છાત્રોને પરિચય કરાવીએ.
- વિનોબાની 'ભૂદાન યોજના' નો પરિચય કરાવીએ.
- ગાંધીજીની 'સર્વોદયની કેળવણી' તેમજ 'અનટુ ધીસ લાસ્ટ'નો પરિચય કરાવીએ.
- 'બીજાના ભલામાં આપણું ભલું છે.' એ સંકલ્પનાને સમજાવીએ.
- 'કર્મનો સિદ્ધાંત' બાળકો સમક્ષ મૂકીએ.
- શોષણવિહીન સમાજ રચનાનો આદર્શ સ્થાપિત કરીએ.
- 'રામરાજ્ય'ની કલ્પનાને સાકાર કરવા જુદી જુદી પ્રવૃત્તિઓને, પ્રયુક્તિઓ વિદ્યાર્થીઓ સમક્ષ મૂકીએ.
- શાંતિની શોધ માટે ભટકવાની જરૂર નથી એ માટે ગૂજરાત વિદ્યાપીઠના શાંતિ સંશોધન કેન્દ્ર, લોકભારતી સણોસરા તેમજ સાયલા ' પ્રેમની પરબ' , 'ગાંધી આશ્રમ'-અમદાવાદની મુલાકાતે બાળકોને લઈ જઈએ.
- 'માણસ ધર્મથી નહીં કર્મથી મહાન બને છે.' એ વાત છાત્રોને સમજાવીએ.
- દવાખાનુ, ગોશાળા અને ઉત્તમ કામ કરતા, સમાજસેવામાં રત રહેનાર વ્યક્તિઓની મુલાકાત ગોઠવીએ.
- ઘાતકી ફિલ્મો, સીરીયલો, ગેમ પર પ્રતિબંધ લગાવીએ તેમજ સ્કાઉટ ગાઈડ N.C.C. અને N.S.S. જેવી સમાજસેવા અને દેશસેવાની પ્રવૃત્તિઓ તરફ વિદ્યાર્થીઓને વાળીએ.
- વૃક્ષારોપણ અને તેના જતન માટે કાર્ય કરીએ.
- ધોરણ ૧ થી ૮ સુધીના તેમજ માધ્યમિક ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓ માટે 'અહિંસાની કેળવણી'ની પ્રવૃત્તિઓની યોજના બનાવીએ.
- વ્યસનમુક્તિ અભિયાન ચલાવીએ.
- સમાચારપત્રો અને પ્રેસનોટોમાં દર અઠવાડિયે અભિયાનના સ્વરૂપે 'અહિંસાની કેળવણી' ને સ્થાન આપીએ.

આ માટે ગુણિયલ લોકોએ આગળ આવવું પડશે, કાર્ય કરવું પડશે તો અને તો જ આપણે જેવો ઇચ્છિએ છીએ એવો 'અહિંસામૂલક સમાજ' સ્થાપી શકીશું.

બેશક, દેશની સુરક્ષા કાજે તમે અત્યાધુનિક રાફેલ, સ્કેલ્પ મિસાઈલ, હેમર મિસાઈલ, બોમ્બ તેમજ માનવરહિત વિનાશક વિમાન, ટેક્નોલોજીના માધ્યમ દ્વારા તૈયાર કરી શકો છો. એ દેશની સુરક્ષા અને દેશના સીમાડાને સાચવવા પૂરતા જરૂરી છે પરંતુ દેશના પ્રગતિ, વિકાસ, ઉન્નતી અને દેશની સાંસ્કૃતિક ધરોહરને ટકાવવી હોય તો 'અહિંસાની કેળવણી' વિના એ શક્ય નથી. તેના થકી જ તો દેશ ટકશે, ભયંકર મહામારીઓ અને ભયાવહ યુદ્ધોવચ્ચે પણ માણસ શાંતિથી જીવી શકશે. એ માટે 'ડંખ વગરના માનવીઓ' તૈયાર કરવા પડશે અને એ 'અહિંસાની કેળવણી' વિના શક્ય નથી. આપણે સૌ સાથે મળી અને શાળાએ - શાળાએ 'અહિંસાની કેળવણી'નું અભિયાન ચલાવીએ જેના થકી મહાત્મા ગાંધીએ જે 'રામરાજ્ય'ની કલ્પના સેવી હતી એવું રાજ્ય, દેશ અને વિશ્વ સ્થાપી શકીશું.

મો.૯૪૨૭૬૬૮૦૮૩

## ૧૨ 'ન્યુરલ નેટવર્ક'ની કમાલ

**ડો. ભાણજી સોમૈયા**

આળસ, ઉતાવળ, અકસ્માત, ગૃહકંકાસ, વ્યસન, વ્યભિચાર, સામાજિક અન્યાય, અત્યાચાર, છૂટાછેડા, બળાત્કાર, દુષ્કર્મ, ચોરી, કરચોરી, કપટ, ભ્રષ્ટાચાર, લાંચરુશ્વત, હત્યા અને આત્મહત્યાની દુર્ઘટનાઓ આજે રોજના સમાચારો બની ગયા છે. આ માટે શિક્ષણ, રોજગારી, આરોગ્ય અને સામાજિક ન્યાય ક્ષેત્રે સમાજ અને રાષ્ટ્રના સાચા સારથિઓએ સાચી દિશામાં કાર્યો કરવાની તાતી જરૂર છે. અન્યથા આપણા અનિષ્ટોના કારણે જ આપણું અધઃપતન થશે. આત્મસન્માન અને આત્મગૌરવ સાથે જીવન જીવવું એ જ સાચું જીવન છે. બાકી તો કેટલાંક માણસો પોલીસ કસ્ટડી-જેલ, અનાથાલય  કે માનસિક સારવારની હોસ્પિટલમાં રાતવાસો કરે જ છે ને !

માણસનું મગજ કે મન જ મુખ્ય છે એ વાતનો પ્રચાર-પ્રસાર સમાજ અને રાષ્ટ્રના સાચા સારથિઓ કરે તો દેશમાં ખૂબ જ ટૂંકા સમયમાં અસાધારણ પરિવર્તન આવી શકે તેમ છે. જો સમાજ અને રાષ્ટ્રના સાચા સારથિઓ 'ન્યુરલ નેટવર્ક' વિશે માહિતી આપીને સૌને આચરણ કરવાની અપીલ કરે તો આજની ઘણી સમસ્યાઓ ઉકેલી શકાય છે.

'ન્યુરલ નેટવર્ક'ના જ્ઞાનમાં અને અમલમાં અદ્ભુત તાકાત પડેલી છે. સમાજ અને રાષ્ટ્રના સાચા સારથિઓની સક્રિયતાથી કેળવણી, કારકિર્દી, આરોગ્ય, રોજગારી અને સામાજિક ન્યાય ક્ષેત્રે સકારાત્મક ક્રાંતિ થવાની સંભાવના છે. માટે હવે 'ન્યુરલ નેટવર્ક' વિશે વિચારણા કરીએ.

મનુષ્યનું બ્રેઈન કે મનુષ્યનું મન કઈ રીતે કાર્ય કરે છે તે અંગે 'CONGNATIVE SCIENCE STUDY' સચોટ માર્ગદર્શન આપે છે. જો કોઈ મનુષ્ય 'CONGNATIVE SCIENCE STUDY'ના સંશોધનો અને તારણો મુજબ જીવન જીવે તો તે મનુષ્ય પોતાના મનની અકલ્પનીય શક્તિનો ઉપયોગ કરીને સફળ થઈ શકે છે. પોતાની સર્જનાત્મકતામાં અનેક ગણો વધારો કરી શકે છે. પોતાના મૂડને સદા સકારાત્મક રાખી શકે છે. પોતાનાં ભાવ, સંવેદના, સ્વભાવ, વ્યવહાર અને વર્તનમાં જબરદસ્ત બદલાવ લાવીને પોતાના આરોગ્યમાં સુધારો લાવી શકે છે.

'CONGNATIVE SCIENCE STUDY'ના સંશોધનો અનુસાર મનુષ્યના મગજમાં આશરે ૨૩ બિલિયન ન્યુરોન્સ આવેલા હોય છે. આ બધા જ ન્યુરોન્સ એકબીજા સાથે મજબૂત રીતે જોડાયેલા હોય છે. ન્યુરોન્સના જોડાણને 'ન્યુરલ નેટવર્ક' કહેવામાં આવે છે. જ્યાં સુધી મનુષ્યનું 'ન્યુરલ નેટવર્ક' મજબૂત રહે છે ત્યાં સુધી મનુષ્યનું જીવન પણ સુખી, સમૃદ્ધ અને નીરોગી રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો જો મનુષ્યનું 'ન્યુરલ નેટવર્ક' નબળું રહે છે તો મનુષ્યના જીવનમાં દુઃખ, ગરીબી અને બીમારીનું આગમન થાય  છે.

'CONGNATIVE SCIENCE STUDY'ના સંશોધનો મુજબ લોકોની દિલથી સેવા કરવાથી,  નવું જોવાથી, નવું વાંચવાથી, નવું શીખવાથી, નવું-નવું સાંભળવાથી, નવું લખવાથી, નોંધો કરવાથી, પડકારોનો સામનો કરવાથી, કાર્યો કરવાથી અને જીવનધ્યેય લખવાથી મનુષ્યનું 'ન્યુરલ નેટવર્ક' મજબૂત રાખી શકાય છે અને બ્રેઈન પાવરને વિકસિત કરી શકાય છે. 'ન્યુરલ નેટવર્ક'ના જ્ઞાનનો લાભ બાળકો અને વિદ્યાર્થીઓઓને મળે તો તેઓ સારી આદતોને વિકસાવીને તેમજ ખરાબ કુટેવોને દૂર કરીને પોતે પોતાની મેળે અસામાન્ય સફળતા પ્રાપ્ત કરી શકે છે.

કોઈપણ બાળકની સફળતા કે નિષ્ફળતામાં માતાપિતાની કે પ્રાથમિક શિક્ષકોની ભૂમિકા ખૂબ જ

અગત્યની છે. માતાપિતા કે પ્રાથમિક શિક્ષકો પાસેથી બાળક પ્રત્યક્ષ કે પરોક્ષ જે શીખે છે તેની અસર કે કુઅસર બાળકના વિકાસમાં જબરદસ્ત પડે છે. જો માતા પોતાના સંતાનોને ચાર પાંચ વર્ષ સુધી પ્રેમ અને હૂંફથી સ્તનપાન કરાવે તો બાળકોનું 'ન્યુરલ નેટવર્ક' બેસ્ટ રહે છે, તેની તંદુરસ્તી શ્રેષ્ઠ રહે છે અને ઈમોશનલ કોશન પણ ઊંચું રહે છે.

જેમ જેમ વિદ્યાર્થીઓ મોટા થાય તેમ તેમ તેઓને માતાપિતા, શિક્ષકો, ગુરુઓ, અધ્યાપકો, આચાર્યો અને સંતો તરફથી સ્નેહ, શાણપણ, સેવા અને સમર્પણની સમજ આચરણ દ્વારા પ્રાપ્ત થાય તો વિદ્યાર્થીઓમાં સેવા,સંસ્કાર, સંયમ, સહનશક્તિ, સંતોષ, શિસ્ત, સારી આદતો, કરકસર અને બચત જેવા સદ્‌ગુણો આપોઆપ વિકસે શકે છે. જો માતાપિતા અને શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને પ્રાપ્ત કરેલી નાની-મોટી સિદ્ધિઓ બદલ અભિનંદન પાઠવવામાં અને તેઓનું જાહેર સન્માન કરવામાં આવે તો આવા વિદ્યાર્થીઓ માટે સફળ થવાની શક્યતાઓ અનેકગણી વધી જાય છે. આ બધું 'ન્યુરલ નેટવર્ક'ની મજબૂતાઈથી બને છે..

ઘર જ બાળકો માટે નર્સરી, ગાર્ડન, પ્લે ગ્રાઉન્ડ, સ્કૂલ કે લાઈબ્રેરી બની જાય તો આવા ઘરનું વાતાવરણ કે ભાવાવરણ સકારાત્મક, સર્જનાત્મક અને પ્રેમાળ બની જાય છે. આવા ઘરોમાં ઉછરેલા બાળકોનો બૌદ્ધિક વિકાસ ખૂબ જ સારો રહે છે. જે પરિવારના સભ્યોમાં સ્નેહ, ક્ષમા, આદર, કદર અને આભાર જેવા સદ્‌ગુણો ભરપૂર હોય તેવા ઘર પરિવારમાં ઉછરેલા સંતાનો મોટા થતા તેઓનો શારીરિક, માનસિક, વૈચારિક, ભૌતિક, પારિવારિક, સામાજિક, વ્યવસાયિક અને આધ્યાત્મિક વિકાસ સમતોલ રહે છે. ઘર, પરિવાર કે વ્યવસાયમાં એકતા લાવવાની હોય, લગ્નજીવનને મધુર બનાવવું હોય, ઘરમાં સમૃદ્ધિનું સામ્રાજ્ય સ્થાપવાનું હોય, વ્યવસાયમાં પુષ્કળ નફો કમાવવો હોય, સબંધોને સુદ્રઢ બનાવવા હોય, શરીરને સુરક્ષિત અને નીરોગી રાખવું હોય તો સ્નેહ, ક્ષમા, આદર, કદર અને આભાર જેવા સદ્‌ગુણો જીવનમાં અનિવાર્યપણે અમલ કરવો જ જોઈએ. જીવનમાં સદ્‌ગુણો જ સફળતા અપાવે છે અને દુર્ગુણો નિષ્ફળતા અપાવે છે. સંતાનો બાળકો કે વિદ્યાર્થીઓમાં સદ્‌ગુણોનો વિકાસ કરવો એ માતાપિતા, શિક્ષકો, અધ્યાપકો, આચાર્યોની મુખ્ય જવાબદારી છે.

જો આપણે મનની શક્તિનો વધુમાં વધુ ઉપયોગ કરવો હોય તો શરીર માટે કસરત; મન માટે મૌનની આદત પાડવી જોઈએ તેમજ ખોરાક લેવામાં વિવેક અને સંયમ પાળવો જોઈએ. તમાકુ ખાવાની ટેવ અને આલ્કોહોલ લેવાની આદત મનુષ્યના મધુર જીવનને ઝેર જેવું બનાવી દે છે તે સદા સ્મરણમાં રાખવું જોઈએ. વહેલી સવારે ૩૦ મિનિટ ચાલવાની ટેવ, સવારે સરસ નાસ્તો કરવાની આદત આરોગ્ય માટે અતિ ઉત્તમ છે. જો કામ કરવામાં વધારે બેસવાનું થતું હોય તો દર એક કલાકે ૨ મિનિટ ચાલવાની આદત અને પાણીનો અડધો ગ્લાસ પીવાની આદત લાભદાયક છે. આ બધી સારી આદતોને કારણે ઊંઘ પણ સારી આવે છે.

જીવાતી જિંદગીમાં અને વિશેષ કરીને વિદ્યાર્થી જીવનમાં યાદશક્તિ મહત્ત્વનો ભાગ ભજવે છે. સારી યાદશક્તિ કેળવવા ધ્યાન, રસ, જિજ્ઞાસા, આતુરતા અને એકાગ્રતાપૂર્વક વાંચવું જોઈએ. પુસ્તક વાચતી વખતે અલગ અલગ શાહીવાળી પેનથી અન્ડરલાઈન કરવાની આદત વિકસાવવી જોઈએ. વાચન સામગ્રીના મહત્ત્વના મુદ્દાઓ એક નોટબુકમાં અલગથી લખવા જોઈએ અને વારંવાર વાંચવા જોઈએ. શાળા કે કૉલેજમાં શિક્ષક કે અધ્યાપક ભણાવતા હોય ત્યારે શાંતિથી સાંભળવું જોઈએ અને તેઓ જે બ્લેક બોર્ડમાં લખે છે; તેને તરત જ એક નોટબુકમાં લખવું જોઈએ અને ઘેર જઈ તેની અલગથી જ એક નોટબુક તૈયાર કરી નિયમિત વાંચવી જોઈએ. લખેલું સૌથી વધારે ઝડપથી યાદ રહેતું હોવાથી પરીક્ષાલક્ષી માહિતી લિખિત રૂપે જ તૈયાર કરવી જોઈએ. ટૂકમાં જીવનશૈલીમાં શ્રેષ્ઠપણું ઉમેરવા સારી ટેવો પડે તો જીવન સરસ જીવી શકાય છે.

મો.૯૬૬૪૯૧૦૮૦૧

# ૧૩ 'સત્ય

**અજીત ઠોસર**

सत्यं ब्रूयात् प्रियं ब्रूयात्, न ब्रूयात् सत्यम् अप्रियम् ।
प्रियं च नानृतम् ब्रूयात् , एष धर्मः सनातनः ॥

આ સંસ્કૃત શ્લોકનો અર્થ છેઃ 'વ્યક્તિએ સત્ય બોલવું જોઈએ, જે લોકોને પ્રિય હોય તેવું બોલવું જોઈએ, સત્ય પરંતુ અપ્રિય હોય તેવું ન બોલવું જોઈએ, પ્રિય હોય પરંતુ અસત્ય હોય તેવું પણ ન બોલવું જોઈએ, આ જ સનાતન ધર્મ છે. સત્યના અનેક પ્રકારો હોય છે જેમકે ઉદ્દેશ્ય સત્ય , વ્યક્તિલક્ષી સત્ય, દાર્શિક સત્ય, ઔપચારિક સત્ય, અંકગણિત સત્ય, પ્રયોગમૂલક સત્ય વગેરે. અહી આપેલ યાદી નમૂનારૂપ છે બાકી યાદી ઘણી લાંબી છે જેના પરથી ફલિત થાય છે કે સત્યના પ્રકાર ઉપયોગને કારણે છે. જે કારણસર સત્યનો ઉપયોગ કરવાનો હોય તેના અનુસંધાનમાં તેનું નામાભિધાન થાય એવું કહીએ તો ખોટું નથી. આ બધા પ્રકારના સત્યની વિગતે માહિતી અહીં આપવી સરળ નથી, સમય અને જગ્યાની મર્યાદા નડે છે. અહીં ત્રણ પ્રકારના સત્ય વિષે ચર્ચા કરીશું જે આપણા સામાન્ય જનજીવનમાં છાશવારે આવતા હોય છે.

'માય ગીતા' પુસ્તકમાં લેખક દેવદત્ત પટનાઈકે સત્ય વિષે એક વિશેષ વાત રજૂ કરી છે કે : સત્ય ત્રણ પ્રકારમાં વહેચી શકાય છે. એક એવું સત્ય જે સૌ જાણે છે અને તેને સ્વીકારે છે - વાસ્તવિકતા. આ કિસ્સાઓમાં જે વિષયાર્થ અથવા સામગ્રી આવરી લેવામાં આવે છે, તે બધી વ્યક્તિઓ માટે સત્ય છે. બીજા પ્રકારમાં સત્યને દંતકથા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. આ કિસ્સામાં એવા પ્રકરણો કે સામગ્રી આવે તે સમાજના એક વર્ગ માટે સત્ય છે, અર્થાત્ થોડી વ્યક્તિઓ માટે અસત્ય છે. ત્રીજા પ્રકારમાં તેઓ કહે છે કે જે કિસ્સાઓ કોઈપણ વ્યક્તિને સ્વીકાર્ય નથી તેને આ શ્રેણીમાં મૂકવામાં આવે છે. આ કક્ષાને તેઓ કાલ્પનિક તરીકે ઓળખાવે છે. આપણી સમક્ષ આવતા અનેક સત્યના કિસ્સાઓને આ ત્રણ પ્રકારોમાંથી આવરી લેવાય તેની સમજ અને સૂઝ કેળવવી જરૂરી છે.

માનવી સામાજિક પ્રાણી હોઈ પરસ્પર સંવાદ હેતુ ભાષાનો ઉપયોગ કરે છે. 'ભાષા એટલે અર્થપૂર્ણ વાક્ય-શબ્દોનું દોષરહિત આયોજન કરવું' જે ફક્ત માનવીને શક્ય છે. માનવી ભાષાનો ઉપયોગ જટિલ અર્થનું વિશ્લેષણ, નિર્માણ અથવા અભિવ્યક્ત કરવા માટે કરે છે. માનવી દ્વારા જે વ્યક્ત થાય છે તેનું અર્થઘટન બે સ્તરોમાં કરી શકાય, એક શાબ્દિક અર્થઘટન અને બીજું રૂપક અર્થઘટન. માનવીનું કહેવું માત્ર શાબ્દિક ન હોય પરંતુ તેની સાથે વ્યક્તિની લાગણીઓ હોય, અનુભવ હોય, ચહેરાના હાવભાવ હોય વગેરે. તાત્પર્ય કે માનવી જ્યારે કંઈક ઉચ્ચારે ત્યારે માત્ર અવાજ કે ધ્વનિ નથી હોતો પરંતુ ઉચ્ચારેલ શબ્દોમાં સચ્ચાઈ કેટલી છે તેનું માપન પણ થાય છે.

હવે જ્યારે સંવાદ આવે ત્યારે જે વાક્ય ઉચ્ચારીએ કે કહીએ તે વાક્ય કેટલી હદ સુધી સચ્ચાઈ ધરાવે છે તે અનેક પરિબળો ઉપર નિર્ભર છે. અહી આપેલ પ્રકારો પૈકી પહેલો પ્રકાર વિચારીએ તો માનવીએ ઉચ્ચારેલ વાક્યમાં વાસ્તવિકતા હોવી જોઈએ તો તે પ્રથમ પ્રકારમાં આવરી શકાય છે. ભૌગોલિક માહિતી જે વાસ્તવિકતા છે, વિજ્ઞાન વિષેની માહિતી જે વાસ્તવિકતા છે, દેશ અને વિશ્વના ઈતિહાસ વિષેની માહિતી વાસ્તવિકતા છે, આપણા દેશની

આઝાદીની ચળવળ એક વાસ્તવિકતા છે અને બીજા અનેક આવા કિસ્સાઓ આવરી શકાય. આ બધા કિસ્સાઓમાં વાદ-વિવાદ થવાની સંભાવના નહિવત હોય કારણ કે આ માહિતી સૌ કોઈ સ્વીકારે છે. દા.ત.

૧. ભારતને તહેવારોના રંગો, ખોરાક અને રહસ્યોની ભૂમિ કહેવામાં આવે છે.

૨. વિશ્વમાં સૌથી વધુ ભીના સ્થાનનો રેકોર્ડ ભારતના નામે છે.

૩. ચિનાબ બ્રીજ વિશ્વનો સૌથી ઉચ્ચો રેલ પુલ છે જે એફિલ ટાવર કરતાં ૩૦ મીટર ઉચ્ચો છે.

૪. રાજસ્થાનનું કરણીમાતાનું મંદિર ઉંદરોના મંદિર તરીકે ઓળખાય છે.

પોતાની વાતને લોકો સમક્ષ મૂકવા હેતુ માનવી ક્યારેક દંતકથાનો આધાર લેતો હોય છે. આ કિસ્સાઓમાં દંતકથા સર્વે માનવીને માન્ય ન પણ હોય. હા, કેટલા લોકો ઉચ્ચારેલ દંતકથા સાથે સહમત થઈ શકે છે જે દંતકથા પર નિર્ભર છે અને સામી વ્યક્તિની સમજણ પર નિર્ભર છે. કોઈ કિસ્સા એવા હોય જ્યાં દંતકથાનો આધાર લેવાયો હોય પરંતુ દંતકથા એટલી પ્રચલિત ન હોય તો આવા કિસ્સાઓમાં વિવાદની સંભાવના હોય છે. અનિલ કે ગુપ્તા અને હૈયાન વાંગ દ્વારા લિખિત એક પુસ્તકમાં આપણા દેશ વિષે પાંચ દંતકથાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

૧. ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ક્ષેત્ર ભારતના આર્થિક વિકાસનું પ્રાથમિક પ્રેરકબળ રહ્યું છે.

૨. ભારત ચીનથી વિકાસની રીતે દાયકાઓ પાછળ છે.

૩. ભારતની રાજનીતિ દેશના આંતરમાળખાના ઝડપી નિર્માણને અટકાવશે.

૪. અનિયંત્રિત વસ્તી વૃદ્ધિ ભારત માટે મોટો બોજ છે. જે ભવિષ્યમાં આપણી માળખાગત સુવિધાઓને નષ્ટ કરી શકે છે.

૫. ભારતની શિક્ષણ વ્યવસ્થા વિશ્વકક્ષાની છે.

આ દંતકથાઓ આપણી ચાલતી રહે છે. આ આપેલ વિધાનો સૌને માન્ય ન હોઈ  વિવાદ અથવા સંવાદનો અવકાશ રહે છે. કારણકે આ વિધાનો અહી આપેલ તજજ્ઞો દ્વારા કોઈ સંશોધનના અંતેનું તારણ છે માટે સમાજનો એક વર્ગ સહમત થાય અને અન્ય વર્ગ  સહમત ન પણ થાય જે વ્યક્તિની વ્યક્તિગત માહિતી કે જાણકારી પર નિર્ભર છે. ચર્ચા કે સંવાદનો અવકાશ રહે છે. હવે આપણે એવા કથનો કે વિધાનો તરફ જઈએ જે કોઈને માન્ય ન હોય અર્થાત આજ દિનની જે પરિસ્થિતિ છે તેના સંદર્ભમાં કોઈ વ્યક્તિ આવા વિધાનોનું  સમર્થન ન કરે, પરંતુ સમયના વહેણ સાથે કદાચ આ વિધાનોમાં તથ્ય હોઈ શકે છે. કાલ્પનિક એ એવી કોઈ વસ્તુની કલ્પના છે જે સાચી અથવા શક્ય નથી. તે એક સુખદ પરિસ્થિતિ હોઈ શકે છે જેના વિશે વિચારીને વ્યક્તિને આનંદ થાય છે પરંતુ તે પરિસ્થિતિ વાસ્તવિક જીવનમાં થવાની શક્યતા નથી. આ પરિસ્થિતિને દેવદત્ત પટનાઈકે સત્યના પ્રકાર તરીકે વ્યાખ્યાયિત કરી છે. Fantasyના પણ અનેક પ્રકારો છે જેમાં નહીં  જાણીતા અને પ્રચલિત પ્રકારોની નોંધ કરી છે. મધ્યયુગીન કાલ્પનિક, મહાકાવ્ય કાલ્પનિક, પરીઓની વાર્તા, પૌરાણિકકથા, દંતકથાઓ. કાલ્પનિકતાનું મુખ્ય અને મજબૂત પાસું છે કે તે લેખકોને સામાન્ય વિશ્વની મર્યાદાની બહાર વસ્તુઓ કરવાની મંજૂરી આપે છે. વાસ્તવિકતાની મર્યાદાઓને દૂર કરીને, કાલ્પનિક વાર્તાઓને બીજી અનેક સંભાવના માટે દરવાજા ખોલે છે.  આ બાબત વ્યક્તિ પર નિર્ભર છે કે તેણે તેની પાસે જે માહિતી છે તેને કેવી રીતે લોકો સુધી પહોંચાડવી છે. અર્થાત્ કયા પ્રકારના સત્યને સાબિત કરતું કૃત્ય કરવું છે. વ્યક્તિ પાસે ત્રણ મુખ્ય સત્યના પ્રકારો છે જેમાંથી યોગ્ય પ્રકારની પસંગી કરીને માહિતીનું વહન કરવામાં આવે તે હિતાવહ છે.

## ૧૪ સંસ્થા સમાચાર (જુલાઈ, ૨૦૨૫)

**સંકલન : પ્રશાંત મહેતા**

### લોકભારતી સમાચાર

- તા. ૧ થી ૦૩ દરમ્યાન અધ્યાપનમંદિરના શ્રી સંદીપભાઈ ઊંડવિયા જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર ખાતે યોજાયેલ સર્જનાત્મક શિક્ષણ મોડ્યુલ કાર્યશાળામાં તજજ્ઞ તરીકે જોડાયા.
- તા.૨ના રોજ લોકસેવા મહાવિદ્યાલયમાં દર બુધવારે યોજાતા બુધ સંમેલનમાં શ્રી સચિનભાઈ ધોકિયાએ AGRIPRENIOURESHIP વિષય સંદર્ભે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા.
- તા.૦૩ના રોજ લોકભારતીના શુભેચ્છક શ્રી નીતિનભાઈ વડગામા એક દિવસ લોકભારતીની મુલાકાતે આવી ગયા.
- ભાવનગર મુકામે કાર્યરત ચૈતન્ય બાલવિહારના સાંઈઠેકથી વધારે વાલીઓ અને તેનાં ચાલીસેક બાળકો, કે જેઓ અનૌપચારિક રીતે કેળવણી મેળવી રહ્યા છે, સ્કૂલે જતાં નથી, તેઓની એક દિવસીય લોકભારતીની આખો દિવસની મુલાકાત તા.૦૫ના રોજ ગોઠવાઈ.આ કાર્યક્રમનું સંકલન કરતા લોકભારતીની કેળવણીનો પરિચય દિનુભાઈ ચુડાસમાએ કરાવ્યો. શ્રી અરુણભાઈ દવેએ બાળકોની કેળવણી અન્વયે માર્ગદર્શન વક્તવ્ય આપ્યું.
- તા. ૫ના રોજ લોકભારતી સંસ્થાની આચારસંહિતા વિશે શ્રી વિશાલભાઈ જોષી અને શ્રી કિશોરભાઈ હિરાણીએ શનિ સંમેલનમાં સમજ આપી.
- લોકભારતીના શુભેચ્છક દાતા શ્રી ચીનુભાઈ શાહ-મુંબઈથી બીજા એક દાતાશ્રી પ્રવીણભાઈ શાહ-અમદાવાદને લઈને તા.૦૫ના રોજ લોકભારતી પરિચય મુલાકાતે આવી ગયા.
- તા.૦૭ના રોજ લોકભારતીના બધા શૈક્ષણિક વિભાગોના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ કાર્યક્રમ તા.૦૭મીના રોજ યોજાઈ ગયો. એકી સાથે લગભગ પોણા ત્રણસો જેટલા વિદ્યાર્થીઓ એક જ દિવસે આવ્યા. નવા પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓ અને તેને મૂકવા આવેલા વાલીઓ એમ મોટી સંખ્યામાં સૌ આવ્યા. એક જીવંત પરિવેશ રચાયો. સૌ જૂના વિદ્યાર્થીઓ અને કાર્યકરો ખડે પગે સૌને આવકારવા આતુર હતા. સૌને ચંદન તિલક-સ્મૃતિ ચિહ્ન આપી મોં મીઠું કરાવીને આવકારવામાં આવ્યા.
- તા. ૦૭ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાં પ્રથમ વર્ષમાં ૬૩ ભાઈઓ અને ૬૨ બહેનો હાજર થયા.
- તા.૦૮ના અધ્યાપનમંદિરમાં શૈક્ષણિક સત્રારંભે શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી અને શ્રી કાંતિભાઈ ગોઠીએ તાલીમાર્થીઓને આવકારતા પ્રાસંગિક વાતો કરી.
- તા.૦૮ના રોજ સાંજે ૦૪-૦૦ કલાકે સારસ્વતભવનમાં દરેક શૈક્ષણિક વિભાગોના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને પ્રાથમિક અભિમુખતા માટે શ્રી અરુણભાઈ દવેએ સંબોધન કર્યું.

- લોકભારતી પૂર્વ વિદ્યાર્થી સન્માન સમિતિની એક બેઠક તા.૦૯મીના રોજ મળી ગઈ, તેમાં (૧) શ્રી અમીરઅલીભાઈ ઢબ્બૂ-મહુવા(સમાજસેવા) (૨) શ્રી વીરજીભાઈ જસાણી-ભાવનગર (લોકજાગૃતિ) (૩) શ્રી નિખિલભાઈ ત્રિવેદી-અમદાવાદ(વિશિષ્ટ કૌશલ્ય) (૪) શ્રી કાળુભાઈ ડાંગર-દાંડી(ગાંધીવિચાર પ્રસાર-પ્રચાર) એમ સન્માન કરવા માટેનાં ચાર નામ નક્કી કરવામાં આવ્યાં.
- તા. ૯ના રોજ શ્રી દિનુભાઈ ચુડાસમાએ લોકસેવા મહાવિદ્યાલયના છાત્રોને 'આપણા ગાંધી જગતના ગાંધી' અને 'રૂમીઃ વિરહ,વિષાદ અને વિસ્ફોટની ચૈતન્યગાથા' બે પુસ્તકનો રસાસ્વાદ કરાવ્યો.
- તા.૧૦ના રોજ શ્રી વિશાલભાઈ જોષી ગુરુપૂર્ણિમા ઉજવણી નિમિત્તે ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં પ્રાસંગિક પ્રવચન આપી આવ્યા.
- તા.૧૦મીના રોજ લોકભારતીના ગુરુપૂર્ણિમા ઉત્સવના મુખ્ય મહેમાન તરીકે લોકભારતીના પૂર્વ અને સન્માનિત વિદ્યાર્થી અને જાણીતા સાહિત્યકાર શ્રી મનોહરભાઈ ત્રિવેદીએ, 'આપણા ગુરુઓ' વિશે ભાવપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું. મહેમાનશ્રીનો પરિચય શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાએ અને આભારદર્શન શ્રી જગદીશગિરિ ગોસાઈએ કર્યું. બે વિદ્યાર્થીઓએ સ્વાધ્યાય રજૂ કર્યા અને સંચાલન પણ એક વિદ્યાર્થીએ કર્યું. દરેક છાત્રાલયનાં પ્રતિનિધિશ્રીઓ તથા કાર્યકર પ્રતિનિધિશ્રીએ દક્ષિણામૂર્તિદેવ સમક્ષ રિક્તપાણિ ઋણદાન કરી ગુરુ પ્રત્યેની પોતાની ભાવનાઓ અર્પણ કરી.
- તા.૧૨ના શનિ સંમેલનમાં શ્રી પ્રિયાંકભાઈ મોઢવાડીયાએ 'ઓનલાઈન શિક્ષણ' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૧૪ના રોજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા આયોજિત 'પ્રાકૃતિક કૃષિ' ઉપરની મિટિંગમાં ભાગ લેવા માટે શ્રી પ્રદીપભાઈ ક્યાડા જઈ આવ્યા.
- તા.૧૫થી ૧૬ દરમિયાન વહીવટી કર્મચારી વ્યવસાયિક સક્ષ્જતા શિબિરમાં ભાગ લેવા શ્રી ભાનુપ્રસાદ ટુંડિયા જઈ આવ્યા.
- તા. ૧૫ના રોજ અધ્યાપનમંદિરના દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓનો મથકેતર શિક્ષણ કાર્યક્રમ ચોગઠ, રેલિયા, ઝાંઝમેર, વેજોદરી, ઠાડચ, જનડા, સાંખડાસર-૧, કુંઢેલી, કોટડા, દંગાપરા, કરજાળા, બેડા, ડુંગરપુર, કાળેલા ગામની શાળાઓમાં થયો.
- તા.૧૮મીના રોજ આવકવેરા ખાતાની પ્રવર્તમાન જોગવાઈઓ અને સને ૨૦૨૩-૨૪ના વર્ષના હિસાબોની ચકાસણી કરવા સંદર્ભે માર્ગદર્શન આપવા સર્વે વિભાગીય વડાઓ અને હિસાબનીશોની એક બેઠક રાખવામાં આવી, જેમાં આપણા ઑડીટરશ્રી કિશોરભાઈ શાહ અને શ્રી નિહારભાઈ વોરાએ વર્ચ્યૂઅલી માર્ગદર્શન આપ્યું.
- તા.૧૮થી ૨૩ દરમિયાન નવા પ્રવેશ પામેલા બધા વિદ્યાર્થીઓની અભિમુખતાનો કાર્યક્રમ વિભાગીય રીતે યોજાયો, જેમાં વરિષ્ઠ વિદ્યાર્થીઓએ માર્ગદર્શક તરીકેની ભૂમિકા ભજવી.
- તા.૧૯ના લોકભારતી અધ્યાપનમંદિરમાં લોકભારતીત્વ અભિમુખતા શિબિર થઈ. જેમાં સ્ટાફ દ્વારા લોકભારતીની શિક્ષણ પ્રણાલી, છાત્રાલય અને સમૂહજીવન, સહશિક્ષણ, ખાદી અને ગ્રામોદ્યોગ તેમજ શરીરશ્રમ અને સ્વાવલંબન વિષે સમજ આપવામાં આવી.

- ઝોનલ ઓફિસ અટારી-પૂણે દ્વારા આયોજિત 'એન્યુઅલ ઝોનલ વર્કશોપ'માં ભાગ લેવા માટે શ્રી નિગમભાઈ શુકલ તા. ૨૦ના રોજ ભુજ ખાતે જઈ વર્કશોપમાં લોકભારતી-કૃષિ વિજ્ઞાન કેન્દ્રનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો, તેમજ આગામી વર્ષના આયોજન વિષે વિગતે વાત કરી આવ્યા. આનંદના સમાચાર છે કે લોકભારતી-કૃષિ વિજ્ઞાન કેન્દ્રને બેસ્ટ પ્રેઝન્ટેશનનો એવોર્ડ મળ્યો અને આપણે કરેલી ઘણી મહત્ત્વની પ્રવૃત્તિઓની ત્યાં ખૂબ કદર થઈ.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર જુલાઈ માસ દરમિયાન ખેડૂતો દ્વારા આપવામાં આવેલા ૧૩૦ જમીનના નમૂનાનું પૃથક્કરણ કરીને અહેવાલ તૈયાર કરીને - સોઈલ હેલ્થ કાર્ડ ખેડૂતોને આપવામાં આવ્યા.
- તા. ૨૧ અને ૨૨ દરમ્યાન અધ્યાપનમંદિરના શ્રી સંદીપભાઈ ઊંડવિયા જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર ખાતે શૈક્ષણિક કુશળતા મોડ્યુલ નિર્માણ કાર્યશાળામાં તજજ્ઞ તરીકે જોડાયા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તલાટી કમ મંત્રી પાયાનો તાલીમ વર્ગ ૮૨ ચાલી રહ્યો છે. તેમાં જુલાઈ મહિનામાં શ્રી હસમુખભાઈ દેવમુરારિએ તાલીમાર્થીઓ સમક્ષ 'કૈલાસ માનસરોવર યાત્રા'ની અને 'ખગોળવિજ્ઞાન'ની પી.પી.ટી. દ્વારા રજૂઆત કરી હતી. તેમજ રાત્રિપ્રવૃત્તિમાં 'સૌરાષ્ટ્રની રસધાર' પુસ્તકમાંથી એક વાર્તા તાલીમાર્થીઓને કહી હતી. શ્રી રામચંદ્રભાઈ પંચોલીએ 'લોકભારતી સંસ્થાના વિચારો તથા મૂલ્યો' વિશે, શ્રી હિતેશભાઈ પંડયાએ નાયબ ચીટનીશ જિલ્લા પંચાયત ભાવનગર તાલીમાર્થીઓ સમક્ષ 'રેકર્ડ વર્ગીકરણ જાળવણી, આર.ટી.આઈ.માહિતી અધિકાર કાયદો અધિનિયમ ૨૦૦૫ કલમો' વિશે, શ્રી વત્સલભાઈ દવેએ તાલીમાર્થીઓ સમક્ષ 'ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ ૧૯૬૩ અને ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ નિયમો' વિશે, શ્રી દીપકભાઈ દવેએ 'ઈ. ગ્રામસુવિધા' વિશે, નાયબ સમાજકલ્યાણ અધિકારી શ્રી રાજેશભાઈ લાધવાએ 'કેન્દ્ર અને રાજ્યની વિવિધ સરકારી યોજનાઓ' અંગે, શ્રી યાકુબભાઈ 'ગ્રામસભા પ્રક્રિયા અને જુદી - જુદી યોજનાઓ' વિશે, શ્રી વિશાલભાઈ ભાદાણીએ 'ટેક્નોલોજીનો સકારાત્મક ઉપયોગ' અંગે અને શ્રી અરુણભાઈ દવેએ આવીને તાલીમાર્થીઓ સાથે સરસ સંવાદસેતુ યોજ્યો હતો. જેમાં તાલીમાર્થીઓને જીવાતા જીવનમાં ઊભાં થતાં પ્રશ્નો વિશે તેમ અંતરિક્ષવિજ્ઞાનની સમજ આપી હતી. શ્રી અરુણભાઈએ સવાલ-જવાબ શેષનમાં રસપ્રદ જવાબો આપી તાલીમાર્થીઓને મોજ કરાવી હતી.
- લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ છાત્ર અને છાત્રાઓનો લોકભારતી અભિમુખતા કાર્યક્રમ તા. ૨૧થી તા. ૨૩ દરમિયાન યોજવામાં આવ્યો હતો.જેમાં લોકસેવા તૃતીય વર્ષના વિધાર્થીઓએ ટુકડી કાર્યકરોના માર્ગદર્શન મુજબ સુંદર આયોજન કર્યું હતું. શ્રી અરુણભાઈના અધ્યક્ષસ્થાને યોજાયેલ સમાપન કાર્યક્રમમાં શ્રી રામચંદ્રભાઈ પંચોલી, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી જયવંતસિંહભાઈ ગોહિલ તથા સૌ કાર્યકરોની હાજરી પ્રેરણાદાયી રહી હતી.
- તા.૨૨ના રોજ નિયામક શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને ઉપનિયામકશ્રી નીતિનભાઈ ભીંગરાડિયા લોકભારતીના અરણેજ કેન્દ્રની મુલાકાતે જઈ આવ્યા. આ કેન્દ્રમાં સિવણ અને

બ્યૂટિ પાર્લરની પ્રથમ બેચ પૂરી થઈ તેનો સમાપન અને પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ હતો. આ કાર્યક્રમમાં પીડીલાઈટના શ્રી અરુણભાઈ ઉપાધ્યાય પણ ખાસ ઉપસ્થિત રહેલા.

- તા.૨૬ના રોજ થર્ડ બી.આર.એસ.ના વિદ્યાર્થીઓને શ્રી નિગમભાઈ શુક્લએ ફુડ પ્રોસેસિંગ અને તેની સમસ્યા વિશે વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૨૬ના દિવ્યજ્યોત શાળા-ભાવનગરના વિદ્યાર્થીઓએ અધ્યાપનમંદિરની મુલાકાત લીધી.
- મ. કૃ. ભાવનગર યુનવર્સિટી- એન.એસ.એસ વિભાગ દ્વારા આયોજિત વર્કશોપમાં ભાગ લેવા શ્રી ધીરુભાઈ રાઠોડ જઈ આવ્યા.
- લોકસેવા મહાવિદ્યાલયમાં આ વર્ષથી એન.સી.સી. યુનિટનો પ્રારંભ થયો જે અંતર્ગત તા.૨૯ના રોજ પ્રથમવર્ષના ભાઈઓ અને બહેનોના એનરોલમેન્ટ પસંદગીની પ્રક્રિયાનો કાર્યક્રમ ભાવનગર - ૬ બટાલીયનના ઓફિસર શ્રી ધીરેન્દ્રસિંહ મોટની અધ્યક્ષતામાં યોજાઈ ગયો. જેનું સંકલન શ્રી ધીરુભાઈ રાઠોડના માર્ગદર્શન હેઠળ શ્રી કિશોરભાઈ હિરાણી સંભાળે છે.
- તા.૩૦ના રોજ બુધ સંમેલનમાં શ્રી જયવંતસિંહ ગોહિલે 'લોકભારતીના મૂલ્યોની જાળવણી' વિશે વિદ્યાર્થીઓને સમજાવ્યું.
- સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિની રાજકોટ મુકામે યોજાયેલ કારોબારી સમિતિ/વ્યવસ્થાપક મંડળ અને સામાન્ય સભાની સંયુક્ત બેઠકમાં તા.૩૧ના રોજ શ્રી અરુણભાઈ દવે અને શ્રી હસમુખભાઈ દેવમુરારિએ હાજરી આપી.

**આંબલા સમાચાર**

- તા.૦૧થી ૧૦ સુધી ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા-આંબલામાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓની અભિમુખતા શિબિરનું આયોજન કરવામાં આવેલ તેમાં શ્રી વિશાલભાઈ ભાદાણીએ 'સહયોગ અને સહકાર', શ્રી ગૌરાંગભાઈ વોરાએ 'આપણી દિનચર્યામાં વૈજ્ઞાનિકતા', શ્રી સુરસંગભાઈ ચૌહાણએ 'ગ્રામાભિમુખ કેળવણી દ્વારા ગ્રામોધ્ધાર', શ્રી ભૌતિકભાઈ લીંબાણીએ 'ચાલો જાતે શીખીએ', શ્રી મેહુલભાઈ ભટ્ટે 'સંસ્થાના ઉદ્દેશ તેમજ આદ્યસ્થાપકો', શ્રી ભાનુભાઈ ભટ્ટે 'છાત્રાલય, સમૂહજીવન, સહશિક્ષણ', શ્રી મુકેશભાઈ મહેતાએ 'શ્રમ અને સ્વાવલંબન' વિષય પર વકતવ્યો આપેલ.
- તા.૦૩ના રોજ ૩ નેવલ એન.સી.સી.માં ભરતી કરવા માટે ભાવનગરથી વિંગ કમાન્ડર આવી ગયા.
- તા.૦૭ના રોજ મુંબઈ સ્થિત ગાંધી મહેન્દ્ર ચતુર્ભૂજ ટ્રસ્ટ તરફથી દર વર્ષે કન્યા ઉત્કર્ષ કાર્યક્રમ અંતર્ગત બહેનોને લવાજમ સહાય આપવામાં આવે છે. આ વર્ષે સંસ્થાની ૨૦ વિદ્યાર્થિની બહેનોને લવાજમ સહાય મળેલ તે માટે લોકવિદ્યાલય થોરડી ખાતે શ્રી નિમાબહેન અને શ્રી મેહુલભાઈ જઈ આવ્યા.
- તા.૧૦ના રોજ ગૃરુપૂર્ણિમા નિમિત્તે લોકભારતીના શ્રી વિશાલભાઈ જોશીએ પ્રસંગને અનુરૂપ વિદ્યાર્થીઓને વકતવ્ય આપેલ.
- તા.૧૨ના રોજ જયાપાર્વતી જાગરણ નિમિત્તે સંગીતનો કાર્યક્રમ યોજાએલ તેમાં લોકસાહિત્યકાર શ્રી નાથુભાઈ ગઢવીએ વિદ્યાર્થીઓને ખૂબ આનંદ કરાવેલ.
- તા.૧૫ના રોજ શિક્ષિકા શ્રી રૂપાબહેન પટેલ વય મર્યાદાને કારણે નિવૃત થયાં.
- તા.૧૫ના રોજ વ્યવસ્થાપક મંડળની બેઠક

શ્રી અરુણભાઈના પ્રમુખ સ્થાને અને શ્રી પ્રશાંતભાઈ ભટ્ટની ઉપસ્થિતિમાં યોજાઈ ગઈ.

- તા.૨૭ના રોજ વિદ્યાર્થીઓ માટે ખજાનાની શોધ કાર્યક્રમ યોજાઈ ગયો.
- તા.૨૮ના રોજ ગૃહપતિમંડળની બેઠક યોજાઈ ગયેલ.

**લોકશાળા મણાર**

- તા.૭ના રોજ આપણી લોકશાળામાં શિક્ષક તરીકે કાર્યરત મિત્તલબહેનનું શિશુવિહાર સંસ્થા-ભાવનગર દ્વારા થોરડી મુકામે સન્માન થયું. તેમજ ૨૦ બહેનોને કુલ રૂપિયા ૬૦ હજારનું રોકડ પુરસ્કાર પ્રાપ્ત થયું.
- તા.૧૦ જુલાઈ ગુરુપૂર્ણિમા દિવસ નિમિત્તે લોકશાળા મણારથી દૂર પ્રકૃતિના ખોળે આવેલ ધાર્મિક સ્થાનક પોહારીઆઈના મંદિરે એક દિવસનો પગપાળા પ્રવાસ યોજયો હતો.
- તા.૧૩ જુલાઈના રોજ તળાવડીને કિનારે માટીમાંથી વિવિધ કલાકૃતિઓ વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવી.
- તા.૧૩ જુલાઈના રોજ સૌ કાર્યકરો ભાવનગર ગ્રામ્યશિક્ષક શરાફી મંડળીની મિટિંગમાં જઈ આવ્યા.
- તા.૧૫ જુલાઈના રોજ મણાર આરોગ્ય કેન્દ્ર દ્વારા ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને ડીપ્થેરીયા અને ધનુરની રસી મૂકવામાં આવી.
- તા.૧૭ જુલાઈના રોજ સાયં-પ્રાર્થનામાં લોકસાહિત્યકાર શ્રી પોપટભાઈ માલધારીએ લોકસાહિત્યની રસ લહાણ કરાવી.
- મણાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વ્યસન મુક્તિ કાર્યક્રમ અંતર્ગત શાળામાં ચિત્ર સ્પર્ધા યોજાઈ. સ્પર્ધામાં ભાગ લીધેલ તમામને પ્રોત્સાહિત કરવામાં આવ્યા.
- તા.૨૧ જુલાઈથી સુરક્ષા સેતુ સોસાયટી ભાવનગર દ્વારા આયોજિત સુરક્ષા સેતુ સપ્તાહ ઉજવાયું. જેમાં મરીન પોલીસ સ્ટેશન અલંગથી મહિલા પોલિસ સ્ટાફ સહીત વિદ્યાર્થિની બહેનોએ પોતાની સુરક્ષા કેવી રીતે કરવી એ વિશે એક સપ્તાહ સુધી તાલીમ આપી અને પ્રમાણપત્ર એનાયત કર્યા.
- ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી લાલજીભાઈ ડાભીએ શાળા મુલાકાત કરી પોતાના સંસ્મરણો વાગોળ્યા. તેમની સાથે અમદાવાદથી આવેલ મોટીવેશનલ સ્પીકર શ્રી નરેન્દ્રભાઈ ડાભીએ વિદ્યાર્થીઓને મોટીવેશનલ સ્પીચ આપી હતી.
- તા.૨૬ જુલાઈના રોજ વય નિવૃત્તિથી મુક્ત થનાર અને અન્ય સ્થળે જનાર એવા ચાર કાર્યકરોનો વિદાય સમારંભ તેમજ શાળામાં નવા આવનાર શિક્ષકનો આવકાર કાર્યક્રમ યોજાયો. (૧) શ્રી સુરસંગભાઈ ચૌહાણ (૨) શ્રી નીતિનભાઈ રામાણી (૩) શ્રી પ્રવીણભાઈ ડોડીયા (૪) વતનલાભ મેળવીને વતનમાં ગયેલ શ્રી અંકુરભાઇ શાહનો વિદાય કાર્યક્રમ તેમજ વતનલાભ મેળવીને શાળામાં હાજર થનાર શ્રી ભરતભાઈ દવે (અનુભવી શિક્ષક તરીકે) (૬) તેમજ મિત્તલબેન સોલંકીને આવકારવામાં આવ્યા. સાથે ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થી ભાઈઓ-બહેનોનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. આ સમારંભમાં પ્રસંગોચિત ઉદ્‌બોધન શ્રી અરૂણભાઈ દવેએ, શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, શ્રી મેહુલભાઈ ભટ્ટે કર્યું. ઉપરાંત વિદાય લઈ રહેલા તમામે પોતાનો ભાવસભર પ્રતિભાવ રજૂ કર્યો. તમામ કાર્યકરોને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા.
- તા.૨૭ મી જુલાઈ ગુજરાત નઈ તાલીમ સંઘ આયોજિત ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે દ્વિ વાર્ષિક સંમેલનમાં શ્રી મેહુલભાઈ ભટ્ટ,

શ્રી ડાહ્યાભાઈ ડાંગર, શ્રી ભાવેશભાઈ જાંબુચા, શ્રી કંચનબહેન જઈ આવ્યા. આ સંમેલનમાં શ્રી અરૂણભાઈ દવે, શ્રી મનસુખભાઈ માંડવીયા, નઈ તાલીમ સંઘના મંત્રી શ્રી દીપુબા દેવડા, ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી હર્ષદ પટેલ દ્વારા પ્રસંગોચિત પ્રવચનો યોજાયા હતા.

**લોકવિદ્યાલય માઈધાર**

- તા.૨ના રોજ લોકભારતી યુનિવરર્સિટીમાંથી બે વિદ્યાર્થિની બહેનો અને એક કાર્યકર બહેન સહિયર સેનેટરી યુનિટની કામગીરી સમજવા, શીખવા માટે આવી ગયા.
- તા. ૭ના રોજ શિશુવિહાર સંસ્થાના સ્થાપક શ્રી હીરાબહેન ભટ્ટની પુણ્યસ્મૃતિમાં લોકવિદ્યાલય થોરડી મુકામે ૨ બહેનોને ત્રણ ત્રણ હજારની સ્કોલરશીપની સહાય કરી. તેમજ વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુમાં લોકકલ્યાણ વિદ્યાલયની બહેનો દ્વારા બનાવવામાં આવેલ સૌન્દર્ય બ્યૂટીફીકેશનમાં ત્રીજો નંબર આવ્યો.
- તા. ૧૦ના રોજ ગુરુપૂર્ણિમા નિમિત્તે પ્રાર્થનાના અનુસંધાને શ્રી ભાવનાબહેન પાઠકે ગુરુમહિમા વિશે વાત કરી.
- તા.૧૧ના રોજ મહંત શ્રી જયદેવશરણજી મહારાજ- શ્રી સર્વેશ્વર ગોધામ કોબડીની ઉપસ્થિતિમાં ગુરુવંદના કાર્યક્રમ યોજાઈ ગયો. બપોર પછી વકતૃત્વ, નિબંધ લેખન, મહેંદી અભિવ્યક્તિ, ચિત્ર અભિવ્યક્તિ જેવી કાર્યશાળામાં વિદ્યાર્થીઓએ ભાગ લઈને ઉજવણી કરી. સમાપન બેઠકમાં શ્રી અરુણભાઈ દવેએ પ્રાસંગિક વાતો કરી.
- તા.૧૪ના રોજ લોકનિકેતન બેલા સંસ્થામાં યોજાયેલ ચતુર્વિધ કાર્યક્રમમાં શ્રી પાતુભાઈ અને શ્રી સંજયભાઈ જઈ આવ્યા.
- તા.૧૯ના રોજ શ્રી અવનિબહેન દવે ભાવનગરથી અગ્નિશક્તિ યોગગ્રૂપના ત્રીસેક બહેનોને લઈને માઈધાર કેન્દ્રની પ્રવૃત્તિઓ જોવા-સમજવા માટે આવી ગયાં.
- તા.૨૫ના રોજ શ્રીઅરુણભાઈ દવે માઈધાર કેન્દ્રમાં બે દિવસ અનેકવિધ પ્રવૃત્તિઓ વિશે માર્ગદર્શન આપી વહીવટી કામો પણ સંપન્ન કરતા ગયા.
- તા.૨૭ના રોજ લોકવિદ્યાલય માઈધાર - સમગ્ર વિદ્યાર્થીઓ અને કાર્યકરોએ કોટિયાના ડુંગરમાં ખજાનાની શોધ કાર્યક્રમ માણ્યો.

**શ્રદ્ધાંજંલિ**

- તા.૦૪ના રોજ આંબલા લોકશાળાના પૂર્વ શિક્ષક શ્રી ઘનશ્યામભાઈ ડોડીયાના પિતાશ્રી અંબાલાલભાઈ ડોડીયાનું ૮૮ વયે દુઃખદ અવસાન થયું.
- તા.૦૭ના રોજ આંબલા લોકશાળાના કાર્યકર શ્રી ભગવાનભાઈ ડાભીના પિતાશ્રી ધનજીભાઈ કુકાભાઈ ડાભીનું ૯૦ વર્ષની વયે દુઃખદ અવસાન થયું.
- તા.૧૫ના રોજ સંસ્થાના પૂર્વ નિયામક શ્રી લાલજીભાઈ નાકરાણીના સાળા અને માલપરા લોકશાળાના સંનિષ્ઠ કાર્યકર શ્રી કેશવભાઈ મોરડીયાનું ૯૦ વર્ષની વયે દુઃખદ અવસાન થયું.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

વિવિધ વિભાગોમાં પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓના લોકભારતી - અભિમુખતા કાર્યક્રમની ઝલક..











ગુજરાત નઈ તાલીમ સંઘનું ૩૬મું દ્વિવાર્ષિક સંમેલન તા. ૨૭ જુલાઈના રોજ ગૂજરાત વિદ્યાપીઠ ખાતે યોજાયું.









To.

From :

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** मेहुलभाई भट्ट - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-